દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 60 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 March 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૩ માર્ચ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હોર્મુઝ ખાડી બંધ જ રહેશે: ઈરાન

## સાથે જ અખાતના દેશો પર હુમલા ચાલુ રાખવાનો

દુબઈ: ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ મોજતબા ખામનેઇએ ગુરુવારે જણાવ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધુની બંધ જ રહેશે અને તેને તહેરાન પોતાનો 'હેતુ' પાર પાડવાનું સાધન બનાવશે તેમ જ દુશ્મનો સામે બદલો લઇશું અને અખાતમાંના આરબ દેશો પરના હુમલા ચાલુ રાખીશું.

ઇરાનના સર્વોચ્ચ નેતાનું આ નિવેદન સરકારી ટેલિવિઝન પર એક ન્યૂસ ઍન્કરે વાંચી સંભળાવ્યું હતું. ખામનેઇ કૅમેરા સમક્ષ નહોતા આવ્યા. ઇઝરાયલ ઇરાનના સર્વોચ્ચ નેતા યુદ્ધમાં ઘાયલ થયા હોવાનો દાવો કરે છે.

તેમણે ઇરાનની શાળા પરના હુમલામાં માર્યા ગયેલા લોકો સહિત યુદ્ધમાં શહીદ થયેલા લોકોના બલિદાનનો બદલો લેવાની હાકલ કરી હતી.

આયાતોલ્લાહ મોજતબા ખામનેઇએ જણાવ્યું હતું કે ઇરાન શત્રુઓ (અમેરિકા અને ઇઝરાયલ) પાસેથી 'વળતર' મેળવશે. જો 'વળતર' નહિ મળે, તો તેઓની 'એસેટ્સ'માંથી છીનવી લઇશું અથવા તેઓને સરખું નુકસાન પહોંચાડીશું.

અમેરિકાના નૌકાદળે પણ હોર્મુઝ સામુદ્રધુનીમાંના જહાજોને રક્ષણ પૂરું પાડવાનું કામ ઘણું જોખમી ગણાવીને

(જુઓ પાનું ૨) ▸▸

## નવા સુપ્રીમ લીડરનો હુંકાર



### ...પણ ભારતીય જહાજોને એન્ટ્રી

નવી દિલ્હી: મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત માટે સારા સમાચાર આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર અને ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી વચ્ચે ફોન કોલ બાદ ઈરાને ભારતીય ઓઈલ ટેન્કરોને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપી હતી. આ પગલું ભારતની ઊર્જા સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ પગલું છે.

સૂત્રોએ જણાવ્યું કે, વિદેશ પ્રધાને ઈરાનના અરાઘચી સાથે વાત કર્યા બાદ ઈરાને ભારતીય ઓઈલ ટેન્કરોને હોર્મુઝની

(જુઓ પાનું ૨) ▸▸

## ગૅસ કે પેટ્રોલ-ડીઝલની અછત નથી: સરકાર

▸ લોકસભામાં ઊર્જા પ્રધાને સ્પષ્ટતા કરતા કહ્યું કે શહેરોમાં સિલિન્ડર બુકિંગ માટે પચીસ અને ગામડાઓમાં ૪૫ દિવસનું અંતર ફરજિયાત

નવી દિલ્હી: દેશમાં એલપીજીની અછત પર લોકસભામાં બોલતા કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ પ્રધાન હરદીપ સિંહ પુરીએ કહ્યું હતું કે ભારતમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસની કોઈ અછત નથી. ભારત ૪૦ દેશોમાંથી ક્રૂડ ઓઇલની ખરીદી કરી રહ્યું છે. ગૅસ સિલિન્ડર પર ગભરાવાની કોઈ જરૂર નથી. હોર્મુઝ સ્ટ્રેઇટ બંધ થવાના કારણે વધતી ચિંતાઓ વચ્ચે ઊર્જા મંત્રી હરદીપ પુરીએ કહ્યું કે ભારતમાં 'ઈંધણની કોઈ અછત' નથી.

તેમણે વધુમાં કહ્યું હતું કે, શહેરમાં એલપીજી સિલિન્ડરના બુકિંગ માટેનું અંતર હવે પચીસ દિવસ અને ગામડાંઓમાં ૪૫ દિવસનું કરાયું છે.

લોકસભાને સંબોધતા પુરીએ કહ્યું હતું કે, પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, એટીએફ અથવા ફ્યુઅલ ઓઈલની કોઈ અછત નથી. પેટ્રોલ, ડીઝલ, એવિયેશન અને ફ્યુઅલ ઓઈલની ઉપલબ્ધતા સંપૂર્ણપણે યોગ્ય છે. હરદીપ સિંહ પુરીએ લોકસભામાં પશ્ચિમ એશિયા સંકટ પર કહ્યું કે એનર્જીના ઇતિહાસમાં દુનિયાએ ક્યારેય આવું કંઈ જોયું નથી. ઇતિહાસમાં પહેલીવાર હોર્મુઝ સ્ટ્રેઇટને કોમર્શિયલ શિપિંગ માટે બંધ કરવામાં આવ્યું છે. આ સંઘર્ષ પાછળ કોઈ ભૂમિકા નથી પરંતુ ભારતને તેનાં પરિણામોનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતની ક્રૂડ ઓઇલ સપ્લાયની સ્થિતિ સુરક્ષિત છે. દેશભરના અનેક રેસ્ટોરાંને અસર કરતી એલપીજી સપ્લાય પર ચાલી રહેલી ચિંતાઓ વચ્ચે, પુરીએ કહ્યું કે ભારતનો ક્રૂડ તેલ અને સ્થાનિક એલપીજી સપ્લાય સંપૂર્ણપણે સુરક્ષિત છે. એલપીજી સપ્લાયને લઈને ફેલાયેલી ચિંતાઓ વચ્ચે પુરીએ કહ્યું કે ભારતનો ક્રૂડ ઓઇલ અને સ્થાનિક એલપીજી પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત છે.

## દેશમાં ગૅસનો ગભરાટ: આજથી કમર્શિયલ સિલિન્ડર અપાશે

▸ હવે પેટ્રોલ પમ્પો પર લાઈન લાગી ▸ રેસ્ટૉરાં ચેઈનની કામગીરી ખોરવાશે
▸ કાચ અને પ્લાસ્ટિક મોંઘા થશે ▸ સરકારે રાજ્યોને વધુ કેરોસીન આપ્યું

નવી દિલ્હી : : પશ્ચિમ એશિયાની લડાઈને લીધે કમર્શિયલ લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી) સિલિન્ડરની અછત ઊભી થઈ છે અને સરકારના ખુલાસા છતાં એવો ડર ફેલાયો છે કે એલપીજી સિલિન્ડર્સ માટે લાઈન લાગી જ છે પણ આ સાથે પેટ્રોલ અને ડીઝલ વાહનની ટાંકીમાં ભરાવવા માટે લાંબી કતાર લાગી રહી છે. બીજી બાજુ એલપીજીના વિકલ્પ તરીકે રાજ્યોને વધારાના ૪૦,૦૦૦ કિલોલિટર કેરોસીનની કેન્દ્રે ફાળવણી કરી છે. પેટ્રોલિયમ અને કુદરતી વાયુનાં સંયુક્ત સચિવ

(જુઓ પાનું ૨) ▸▸



**ગૃહિણીની કમર તૂટી જશે:** દેશભરમાં એલપીજીની અછતની બબાલને લીધે રસોડું કેમ ચાલશે એની ગૃહિણીઓને ફિકર છે. મુંબઈની આ મહિલા માથે સિલિન્ડર લઈને નીકળી છે.

## ઈરાનના અણુમથક પર હુમલો: તેલ ટૅન્કર પર ભારતીયનું મોત

▸ ક્રૂડ ઑઈલ મોંઘું થયું ▸ જહાજોને રક્ષણ આપવાની અમેરિકી નૅવીની ના

દુબઈ: ઇઝરાયલના લશ્કરે તહેરાનમાં તાલેઘન ખાતેના અણુમથક પર હુમલો કર્યો હતો. ઇરાને ઇરાકની નજીક અમેરિકાના એક તેલ ટેન્કર પર કરેલા હુમલામાં એક ભારતીયનું મોત થયું હતું. દરમિયાન, ઇરાને આકરી શરત રાખીને મંત્રણા માટે તૈયારી દર્શાવી હતી. હોર્મુઝ સામુદ્રધુનીમાં જહાજોને સુરક્ષા પૂરી પાડવાની જહાજ ઉદ્યોગની વિનંતિને અમેરિકાના નૌકાદળે નકારી હતી અને આ કામ બહુ જોખમી હોવાનો ભય વ્યક્ત કર્યો હતો. યુદ્ધનો નજીકના ભવિષ્યમાં અંત નહિ દેખાતા ખનિજ તેલના ભાવ ફરી બૅરલ દીઠ ૧૦૦ ડૉલરથી ઉપર ગયા હતા. દુબઈમાં કન્ટેનર લઇ જતાં જહાજ પર હુમલો કરાયો હતો. દુબઈના ક્રીક હાર્બરમાં એક ટાવર પર હુમલો થતાં આગ લાગી હતી. બાહરીનના આંતરરાષ્ટ્રીય વિમાનમથકની પાસે થયેલા હુમલામાં આગ લાગી હતી. સઉદી અરેબિયાના તેલના મથક પર ડ્રોનથી હુમલો કરવામાં આવતા ત્યાંની

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ ફરી સળી કરશે: નવા ટૅરિફ લાદવાની તૈયારીમાં

વૉશિંગ્ટન: અમેરિકાની સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્ર દ્વારા અન્ય દેશો પર લગાવવામાં આવેલ ટૅરિફ ગેરકાયદે ગણાવી રદ કર્યો હતો, હવે ટ્રમ્પ ટૅરીફ લગાવવા માટે અન્ય રસ્તા શોધી રહ્યા છે. એવામાં જાહેરાત કરવામાં આવી છે કે ટ્રમ્પ વહીવટીતંત્રએ

(જુઓ પાનું ૨) ▸▸

## ગેસ કટોકટી: મોદી સરકારના ફરી સંકટમોચક છે અમિત શાહ

નવી દિલ્હી: દેશમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસની અછત ઊભી ન થાય તેના માટે કેન્દ્ર સરકારે મોટી તૈયારી કરી છે. સરકારે એક ખાસ કમિટી બનાવી છે, જેની જવાબદારી દેશના દિગ્ગજ નેતાઓને સોંપવામાં આવી છે.

પેટ્રોલ, ડીઝલ અને ગેસના પુરવઠાના મોનિટરિંગ માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની અધ્યક્ષતામાં કમિટી બનાવવામાં આવી છે. ત્રણ પ્રધાનની કમિટીમાં અમિત શાહ ઉપરાંત વિદેશ પ્રધાન એસ. જયશંકર અને કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન હરદીપસિંહ પુરીને પણ સામેલ કરવામાં આવ્યા છે.

મિડલ-ઈસ્ટમાં ફાટી નીકળેલા યુદ્ધની માઠી અસર ગુજરાત સહિત દેશનાં તમામ રાજ્યોનાં રસોડા સુધી પહોંચી છે. ગેસ સંકટે ગૃહિણીઓ અને નાના વેપારીઓની ચિંતામાં તોતિંગ વધારો કર્યો છે. અમદાવાદ જેવા મેગા સિટીમાં દરરોજ ૭૦ હજાર સિલિન્ડરની માગ સામે માંડ પચીસ હજારનો પુરવઠો મળી રહ્યો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે સરકારી સર્વર પર લોડ વધતા ઓનલાઇન બુકિંગ સિસ્ટમ પણ ઠપ થઈ ગઈ છે.

વડોદરા, કલોલ અને બોટાદ જેવા શહેરોમાં લોકો કામધંધો છોડીને ગેસ એજન્સી બહાર કતારોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. સરકાર તરફથી ખાતરી તો આપવામાં આવી રહી છે, પરંતુ જમીની સ્તર પર સિલિન્ડરની અછતને કારણે જનતામાં ફફડાટ છે કે જો આ યુદ્ધ લાંબુ ચાલ્યું તો રસોઈ બનાવવી પણ મુશ્કેલ બની જશે. માત્ર અમદાવાદ જ નહીં રાજ્ય સહિત દેશના અનેક શહેરોમાં ગેસ એજન્સી બહાર સિલિન્ડર લેવા માટે લાંબી લાઈનો જોવા મળતા આમ જનતાની સમસ્યા વધી છે.

નોએડાના સેક્ટર ૧૮ મેઇન રોડ પર ગેસ સિલિન્ડર ન મળવાના કારણે પરેશાન લોકોએ ચક્કાજામ કર્યો હતો તેમ જ તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને મામલો થાળે પાડ્યો હતો. ગેસના કકળાટ વચ્ચે ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિએશનનું કહેવું છે કે દેશમાં ઘરેલું એલપીજીની કોઈ કમી નથી. ■

## હોર્મુઝની ખાડી પસાર કરીને ઑઈલ ટૅન્કર હેમખેમ પહોંચ્યું મુંબઈના બારામાં



**સલામત બંદરે:** હોર્મુઝની ખાડીમાંથી થઈને મુંબઈમાં ઑઈલ ટૅન્કર આવી પહોંચ્યું હતું.

મુંબઈ: અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ રોકાવવાનું નામ લેતું નથી, પરંતુ ક્રૂડ ઓઈલ સહિત ટેરિફવોરનું સંકટ પણ ઘેરું બન્યું છે. યુદ્ધને કારણે મિડલ ઈસ્ટ જ નહીં, પશ્ચિમ એશિયામાં તણાવ પણ વધ્યો છે, તેમાંય ઓઈલના જહાજોને ટાર્ગેટ કરતા દુનિયાભરની મહાસત્તાઓ માટે સંકટ વધ્યું છે, જેમાં સઉદી અરેબિયાથી ક્રૂડ ઓઈલનું ટેન્કર શેંગલોંગ હોર્મુઝ સ્ટ્રેઇટ પાર કરીને સુરક્ષિત રીતે મુંબઈ પહોંચતા પ્રશાસનની સાથે જહાજના ક્રૂએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

મિડલ-ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ૧૩મો દિવસ છે ત્યારે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા જહાજોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, પરિણામે ભારત સહિત દુનિયાભરના ઓઈલના પુરવઠામાં અસર થઈ છે. યુદ્ધના સંજોગોમાં એક ઓઈલનું જહાજ સઉદી અરેબિયાથી મુંબઈના દરિયાઈ કિનારે સુરક્ષિત રીતે પહોંચ્યું છે. કેપ્ટનની સૂઝબૂઝને કારણે સફળતા મળી હોવાનું કહેવાય છે.

ખાડી દેશોમાં યુદ્ધના માહોલમાં સઉદી અરેબિયાથી ક્રૂડ ઓઈલનું ટેન્કર સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાર કરીને સુરક્ષિત મુંબઈ પહોંચી ગયું એના અંગે કેપ્ટને કહ્યું કે ટેન્કરને ઈરાનથી બચાવવા માટે સિગ્નલ સિસ્ટમ બંધ કરવામાં આવી હતી. લાઈબેરિયાના ઝંડાવાળા ઓઈલ ટેન્કર શેનલોંગ ૧.૩૫ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ મુંબઈ પહોંચાડવામાં આવ્યું છે. ક્રૂડ ઓઈલના વિશાળ જહાજને અનેક જોખમો વચ્ચે પણ સુરક્ષિત રીતે મુંબઈ લાવવાનું શ્રેય જહાજના કેપ્ટનની સૂઝબૂઝ અને વ્યૂહાત્મક નિર્ણય લીધો હોવાનું જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર સુરક્ષાનાં કારણોસર જહાજ ખતરનાક વિસ્તારમાંથી પસાર થતી વખતે હંગામી ધોરણે પોતાની એઆઈએસ ટ્રેકિંગ સિસ્ટમ બંધ કરી હતી. સઉદી અરેબિયાના મુખ્ય પોર્ટના ટર્મિનલથી જહાજને પહેલી માર્ચના રવાના કરવામાં આવ્યું હતું, જે ભયંકર સંઘર્ષ વચ્ચે પણ અગિયારમી માર્ચના મુંબઈ સુરક્ષિત રીતે પહોંચ્યું હતું. ■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




## વિધાનભવનને ઉડાવી દેવાની ધમકીને ઈન્ટરનેશનલ કનેક્શન?



દક્ષિણ મુંબઈના નરીમન પોઇન્ટ વિસ્તારમાં આવેલા વિધાન ભવન સહિત બોમ્બે હાઇ કોર્ટ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ સહિત અન્ય સ્થળોએ મિસાઇલ અને બોમ્બથી હુમલાની ધમકી આપતો ઇમેઇલ ગુરુવારે સવારે મળ્યો હતો. ધમકીભર્યા ઇમેઇલને ગંભીરતાથી લઇને સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું, પણ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. જોકે રાજ્ય કક્ષાના ગૃહ ખાતાના પ્રધાન યોગેશ કદમે એવી સ્પષ્ટતા કરી હતી કે, આ ધમકીને મધ્ય-પૂર્વના યુદ્ધ સાથે કોઈ સંબંધ નથી. (વિગતવાર અહેવાલ - ૧૨)

## મોંઘવારી વધી: રીટેલ ફુગાવો ૩.૨૧ ટકાએ

નવી દિલ્હી: દેશનો છૂટક ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા થયો હતો જાન્યુઆરીમાં છૂટક ફુગાવો ૨.૭૪ ટકા હતો. ગુરવારે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ) જાહેર થયો હતો.

ફેબ્રુઆરીમાં ફૂડનો ફુગાવો જાન્યુઆરીના ૨.૧૩ ટકાની તુલનામાં ૩.૪૭ ટકા થયો હતો, એવી માહિતી નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસે આપી હતી. જે જણસોના ભાવમાં વધારો થયો હતો એમાં ચાંદી. સોનું, હીરા, પ્લેટિયમ જ્વેલરી, નાળિયેર, ટમેટા અને ફૂલગોબીનો સમાવેશ થાય

(જુઓ પાનું ૨) ▸▸

## શહીદોનું સન્માન કરો: યુદ્ધ સ્મારક સામે અરજી કરનારને સુપ્રીમ કોર્ટની ટકોર

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે ગુરૂવારે એક અરજદારને ફરજ બજાવતી વખતે પોતાના જીવનનું બલિદાન આપનારાઓનું સન્માન કરવા કહ્યું હતું. તેમજ દેહરાદૂનમાં એક યુદ્ધ સ્મારકના નિર્માણ સાથે જોડાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની ખંડપીઠે અરજદાર વત્તી હાજર રહેલા વકીલને પૂછ્યું કે શું તમને યુદ્ધ સ્મારકના નિર્માણથી કોઇ સમસ્યા છે? સુપ્રીમ કોર્ટ ઉત્તરાખંડ હાઇકોર્ટના જાન્યુઆરીના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી.

હાઇકોર્ટે એક અરજી ફગાવી દીધી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે જે જમીન પર દેહરાદૂન જિલ્લામાં યુદ્ધ સ્મારક 'સૈન્ય ધામ' બનાવવાનું છે, તે જંગલની જમીન છે અને તેથી ત્યાં બાંધકામની મંજૂરી આપવી જોઇએ નહીં.

સીજેઆઇએ કહ્યું કે જે લોકોએ દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપી દીધું તેને થોડું તો સન્માન આપો. ખંડપીઠે ટિપ્પણી કરી કે હાઇકોર્ટે ભારે દંડ ફટકારીને અરજી ફગાવી દેવી જોઇતી હતી. સીજેઆઇએ કહ્યું કે અમે તેમને(અરજદારને) શો-કોઝ નોટિસ જારી કરીશું. તેમને આવવા દો અને ખુલાસો કરવા દો. તેમજ તેઓ કોના ઈશારે આ અરજી દાખલ કરી રહ્યા છે તેની અમે તપાસ કરીશું.

અરજદારવતી હાજર રહેલા વકીલે દાવો કર્યો કે ત્યાં યુદ્ધ સ્મારક પણ યોગ્ય રીતે બનાવવામાં આવી રહ્યું નથી. ખંડપીઠે ટિપ્પણી કરી કે આ તમામ ઉપદ્રવ ઉપજાવવાના ઇરાદે દાખલ કરવામાં આવેલી અરજીઓ છે. તેમજ વકીલને પૂછ્યું કે અરજદાર પર કેટલો દંડ લાદવો જોઇએ. ખંડપીઠે કહ્યું કે તે એક લાખ રૂપિયાના દંડ સાથે અરજી ફગાવી દેશે. ત્યારબાદ અરજદારના વકીલે અરજી પાછી ખેંચવાની પરવાનગી માગી હતી. જેને ખંડપીઠે મંજૂર કરી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદી સરકાર યુનિફોર્મ સિવિલ કોડ કેમ નથી લાવતી?

**સુપ્રીમ** કોર્ટે ફરી એક વાર દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) એટલે કે, સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની તરફેણ કરી છે. સુપ્રીમ કોર્ટમાં શરિયત કાયદો ૧૯૩૭ની કેટલીક કલમો રદ કરવાની માગ કરતી અરજી થઈ છે. અરજીમાં આક્ષેપ કરાયો છે કે, આ કાયદાઓના કારણે મુસ્લિમ મહિલાઓ સાથે ભેદભાવ થાય છે તેથી આ કાયદા રદ કરી નાખવા જોઈએ. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ રીતે ભેદભાવની વાત સ્વીકારી છે પણ કહ્યું છે કે, મુસ્લિમ મહિલાઓ સાથે ભેદભાવનો મુદ્દો ગંભીર છે પણ તેના પર નિર્ણય લેવાનું કામ સંસદનું છે તેથી સંસદ યુનિફોર્મ સિવિલ કોડ બનાવીને આ ભેદભાવ દૂર કરે.

શરિયતમાં મુસ્લિમ પુરૂષોને ચાર પત્ની રાખવાની છૂટ અને મહિલાઓને સંપત્તિમાં હિસ્સો નહીં સહિતના કાયદા મહિલાઓના અધિકારોનું હનન કરનારા છે પણ સુપ્રીમ કોર્ટ તેમને રદ કરવાની હિંમત નથી બતાવી શકી. તેના બદલે કોર્ટે એવી દલીલ કરી કે, શરિયત કાયદાની કલમો રદ કરવામાં આવે તો મુસ્લિમોમાં સંપત્તિના વિભાજનને લઈને સ્પષ્ટ કાયદો રહેશે નહીં ને કાયદાકીય શૂન્યાવકાશ થઈ શકે છે. આ સંજોગોમાં જેમના અધિકારોની વાત થઈ રહી છે તેમને જ નુકસાન થાય એવું બની શકે છે.

અરજદારો વતી વકીલ પ્રશાંત ભૂષણે સૂચવ્યું કે, શરિયત કાયદાની કલમો રદ કરીને ભારતીય ઉત્તરાધિકાર કાયદો લાગુ કરી શકાય છે પણ સુપ્રીમ કોર્ટ સ્પષ્ટ વલણ લેવા નથી માગતી તેથી તેણે સરકાર પર બધું ઢોળી દીધું. ભાજપ સરકારને આ રીતે સુપ્રીમ કોર્ટે વારંવાર ટકોર કરી છે પણ સરકારને યુસીસી લાવવામાં રસ નથી તેથી સુપ્રીમ કોર્ટની ટકોર છતાં આ મામલો લટકેલો જ રહેશે એવું લાગે છે.

સુપ્રીમ કોર્ટની વારંવારની ટકોર છતાં ભાજપ સરકાર યુનિફોર્મ સિવિલ કોડ કેમ લાગુ કરતી નથી એ સવાલ મહત્ત્વનો છે. ભાજપ શાસિત ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ થઈ ગયો છે અને ગુજરાત સહિત દેશનાં બીજાં રાજ્યોમાં પણ તેના અમલની તૈયારીઓ ચાલી રહી છે પણ ભાજપ કેન્દ્રમાં યુનિફોર્મ સિવિલ કોડનો અમલ નથી કરી રહ્યો. ભાજપ શાસિત રાજ્યોમાં પણ યુનિફોર્મ સિવિલ કોડનું ગાજર લટકાવી રખાયું છે પણ અમલ તો એક જ રાજ્યમાં થયો છે.

ભાજપ કેન્દ્રમાં સત્તા પર આવ્યો એ પહેલાંથી યુનિફોર્મ સિવિલ કોડ લાવવાની વાતો કરતો હતો પણ કેન્દ્રમાં સરકારનાં ૧૨ વર્ષ પછી પણ તેનો અમલ નથી કરાયો એ જોતાં ભાજપ ખરેખર યુનિફોર્ન સિવિલ કોડ લાગુ કરવા મુદ્દે ગંભીર છે કે પછી લોકોને ફોસલાવવા માટે યુનિફોર્મ સિવિલ કોડની વાતો કર્યા કરે છે એ સવાલ છે.

ભાજપે ઉત્તરાખંડમાં હજુ હમણાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કર્યો પણ તેની જાહેરાત તો પાંચ વર્ષ પહેલાં કરાયેલી. ઉત્તર પ્રદેશમાં તો ૨૦૧૭માં એટલે કે લગભગ ૧૦ વર્ષ પહેલાં ભાજપે યુનિફોર્મ સિવિલ કોડનું કાર્ડ ખેલ્યું હતું. યુપીમાં ભાજપ સરકારની બીજી ટર્મ છે પણ યુનિફોર્મ સિવિલ કોડનું ગાજર હજુ લટકેલું જ છે.

૨૦૧૭માં યુપીમાં ચૂંટણીની જાહેરાત નહોતી થઈ તેના બહુ પહેલાં મોદી એ વાત પર સતત ભાર મૂકતા હતા કે, ટ્રિપલ તલાકની વાહિયાત પ્રથા નાબૂદ કરવી જોઈએ અને દેશના તમામ નાગરિકોને સમાન હક આપતો યુનિફોર્મ સિવિલ કોડ દેશમાં અમલી બનવો જોઈએ. આ કાયદો તેમની સરકારે જ અમલી બનાવવાનો છે એ જોતાં મોદી કયા મૂરતની રાહ જોઈ રહ્યા છે એ જ ખબર નથી પડતી.

ઘણા બંધારણીય નિષ્ણાતોના મતે તો યુનિફોર્મ સિવિલ કોડ બંધારણીય જોગવાઈ હોવાથી તેનો અમલ કરવા માટે કેન્દ્ર સરકારે એક નોટિફિકેશન જ બહાર પાડવાની જરૂર છે. બંધારણની કલમ ૧૪ હેઠળ સમાનતાનો મૂળભૂત અધિકાર તમામ નાગરિકોને અપાયેલો છે જ્યારે કલમ ૪૪ હેઠળ યુનિફોર્મ સિવિલ કોડ બનાવવાનું કહેવાયું છે. આ સંજોગોમાં યુનિફોર્મ સિવિલ કોડ માટે નવો કાયદો લાવવાની જરૂર જ નથી. સમાનતાના અધિકાર હેઠળ તમામ નાગરિકો માટે યુનિફોર્મ સિવિલ કોડ અમલી બનાવીને બાકીના તમામ વિરોધાભાસી કાયદા કેન્દ્ર સરકાર રદ કરી શકે એવો નિષ્ણાતોનો અભિપ્રાય છે.

આ અભિપ્રાય સાચો છે કે ખોટો એ નક્કી કરવાનું કામ સુપ્રીમ કોર્ટનું છે પણ એ તો પછીનો મુદ્દો છે. મોદી સરકાર પહેલાં નોટિફિકેશન બહાર પાડીને યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાની જાહેરાત તો કરે. આ નોટિફિકેશનને સુપ્રીમ કોર્ટમાં પડકારાશે જ તેથી તેની બંધારણીયતા પણ નક્કી થઈ જશે. માનો કે સુપ્રીમ કોર્ટ નોટિફિકેશનને માન્ય ના રાખે તો પછી સંસદમાં કાયદો લાવવાનો વિકલ્પ અજમાવવો પડે પણ અત્યારે મોદી સરકાર નોટિફિકેશન બહાર પાડીને અમલ કરવાની દિશામાં એક પગલું તો ભરી જ શકે.

મોદી સરકાર આ નોટિફિકેશન બહાર નથી પાડતી તેનું કારણ યુનિફોર્મ સિવિલ કોડના મુદ્દાનો રાજકીય ફાયદો લેવાની ગણતરી છે. ભાજપે ૧૦ વર્ષના શાસન દરમિયાન લોકસભાની છેલ્લી ૩ ચૂંટણીનાં પરિણામોના આધારે એક તારણ કાઢ્યું છે કે, કોઈ પણ મુદ્દાને ઉકેલી નાખો એટલે પછી તેમાંથી રાજકીય ફાયદો મળતો બંધ થઈ જાય છે તેથી મુદ્દાને ઉકેલવો નહીં પણ સળગતો રાખવો.

ભાજપ યુનિફોર્મ સિવિલ કોડની સાથે સાથે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ ની નાબૂદી અને અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ એ ત્રણ મુદ્દાને વરસોથી ચગાવતો હતો. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને સતત બીજી વાર જીત મળી પછી ભાજપે યુસીસી સિવાયના બાકીના બે મુદ્દા ઉકેલી નાખ્યા. તેના જોરે લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપ ૩૫ બેઠકો જીતવાનાં સપના જોતો હતો પણ ૨૪૦ બેઠકો પર લટકી ગયો ને સ્પષ્ટ બહુમતી પણ ના મળી.

ભાજપને ડર હશે કે, યુનિફોર્મ સિવિલ કોડ પણ લાવી દઈશું તો પછી લોકોને તેમાંથી પણ રસ ઊડી જશે ને ભાજપ પાસે મુસ્લિમોને ગાળો આપીને હિંદુઓને આકર્ષવા માટે મુદ્દો નહીં જ રહે. આ કારણે ભાજપ સરકાર યુસીસીનો અમલ કરવામાં ઠાગાઠૈયા કરતી હોય એ શક્ય છે. ભાજપની રાજકીય મજબૂરીઓ પણ કારણભૂત હોઈ શકે છે. ભાજપ પાસે લોકસભામાં સ્પષ્ટ બહુમતી નથી ને નીતીશ કુમાર તથા ચંદ્રાબાબુ નાયડુના ટેકાથી સરકાર ચાલે છે. આ બંને નેતા મુસ્લિમોના પગોમાં આળોટનારા છે તેથી તેમને નારાજ નહીં કરવા માટે પણ હમણાં યુસીસીનો વિચાર ના કરાતો હોય એ પણ શક્ય છે.

બીજું એક કારણ એ પણ હોઈ શકે કે, ભાજપને પણ હવે મુસ્લિમોના મતો જોઈએ છે. ભાજપ પસમંદા મુસ્લિમોને પટાવવા માટે પાસા ફેંક્યા જ કરે છે. હવે મુસ્લિમ પર્સનલ લો લાગુ કરાય તો મુસ્લિમો ભાજપથી સાવ વેગળા થઈ જશે એવો સરકારને ડર હોઈ શકે છે. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આડે વરસ જ બચ્યું છે ત્યારે મુસ્લિમો નારાજ ના થાય એ માટે યુસીસીને નહીં અડકવાની નીતિ અપનાવાઈ હોય એ પણ શક્ય છે.

કારણ ગમે તે હોય પણ અત્યારે આ દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ અમલમાં નથી એ હકીકત છે. સુપ્રીમ કોર્ટ વારંવાર યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાની તાકીદ વરસોથી કર્યા કરે છે પણ સરકાર સળવળાટ નથી બતાવતી. છેક ઓક્ટોબર ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાની તાકીદ કરેલી ને સાફ શબ્દોમાં કહેલું કે, દેશમાં દરેક ધર્મના લોકો માટે અલગ અલગ કાયદા હોય એ ના ચાલે.

સુપ્રીમ કોર્ટે ચીમકી પણ આપી હતી કે, સરકાર યુનિફોર્મ સિવિલ કોડનો અમલ નહીં કરે તો પોતે ફરમાન કરીને યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરાવવો પડશે. સુપ્રીમ કોર્ટે ચીમકી આપી પણ અમલ ના કર્યો ને ભાજપ સરકારને રસ નથી તેથી યુસીસી લટકેલો છે. સુપ્રીમ કોર્ટની નવી તાકીદ પછી પણ આ સ્થિતિ બદલાય એવી આશા નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૧૩–૩–૨૦૨૬, પારસી ૮મો આવા માસારંભ

- ભારતીય દિનાંક ૨૨, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ–૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ –૧૦
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૦૨ સુધી (તા. ૧૪મી) પછી, ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- – : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ રાત્રે ક. ૨૧–૦૦
- ઓટઃ બપોરે ક. ૧૩–૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૨૩ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ દસમી. દસમી વૃદ્ધિતિથિ છે. પારસી ૮મો આવા માસારંભ, ભદ્રા પ્રારંભ ક. ૧૯–૨૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વ્યતીપાત જન્મયોગ શાંતિ પૂજા, આમળાના ઔષધીય પ્રયોગો, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે–વેંચ.
- આચમનઃ મંગળ–રાહુ યુતિ ઈર્ષ્યાળુ, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ બેપરવાહ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ–રાહુ યુતિ, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–કુંભ, વક્રી બુધ–કુંભ (બુધ અસ્ત), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન (શનિ અસ્ત) રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# ચીફ ઈલેક્શન કમિશનરની હકાલપટ્ટીના પ્રસ્તાવમાં ૨૦૦થી વધુ સંસદસભ્યોએ સહી કરી

નવી દિલ્હીઃ લોકસભાના ૧૩૦ સભ્ય અને રાજ્યસભાના ૬૩ સભ્યે ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારની હકાલપટ્ટીની નોટિસમાં સહી કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંસદના કોઈ એક ગૃહમાં શુક્રવારે સુપરત કરાશે, પરંતુ એ ખબર નથી કે કયા ગૃહમાં નોટિસ સુપરત કરાશે. વિરોધ પક્ષના એક નેતાએ કહ્યું હતું કે સંસદસભ્યોએ નોટિસમાં સહી કરવા ઘણો ઉત્સાહ દાખવ્યો હતો. ગુરુવારે અનેક સંસદસભ્યો સહી કરવા આગળ આવ્યા હતા અને પ્રસ્તાવ માટેની જરૂરી સહી ક્યારની પૂરી થઈ હતી. સૂત્રોએ કહ્યું હતું કે ઈન્ડિયા બ્લોકના બધા ઘટકપક્ષોના સભ્યોએ આમાં સહી કરી છે. આમ આદમી પાર્ટી (આપ) ઈન્ડિયા બ્લોકની ઘટક નથી. આપના સભ્યોએ પણ નોટિસમાં સહી કરી હતી. આ પહેલી વાર છે સીઈસીની હકાલપટ્ટી માટે નોટિસ આપવામાં આવી છે. ઉચ્ચ સત્તાધારી સૂત્રના જણાવ્યા પ્રમાણે નોટિસમાં સાત આક્ષેપ મૂક્યા છે. તેમના પર ઑફિસમાં પક્ષપાતી અને ભેદભાવભરી વર્તણૂકથી માંડીને ચૂંટણીના કૌભાંડ અને મતદારોની વ્યાપક બાદબાકીના આક્ષેપોનો સમાવેશ થાય છે. વિરોધ પક્ષે અનેક વાર અને ખાસ કરીને સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝનમાં ભાજપનો સાથ આપ્યો છે. (એજન્સી)

# ભગવાને મને બચાવ્યોઃ ફારુક અબ્દુલ્લા

## તેમના પર થયેલા ગોળીબારમાં ડેપ્યુટી સીએમ જખમી

જમ્મુઃ ભગવાને મને બચાવી લીધો હતો, જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફારુક અબ્દુલ્લાએ બુધવારે રાત્રે એક લગ્ન સમારોહ દરમિયાન થયેલા હત્યાના પ્રયાસમાંથી ઉગરવાની ઘટનાને યાદ કરતાં આ વાત કહી હતી. તેમજ તેમણે કાર્યક્રમ સ્થળ પર કથિત રીતે પૂરતી પોલીસ સુરક્ષા ન હોવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. હુમલાખોરની ઓળખ કમલ સિંહ જમવાલ તરીકે થઇ છે. તેના પર આરોપ છે કે તેણે શહેરની બહારના ગ્રેટર કૈલાશ વિસ્તારમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન શાસક નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અબ્દુલ્લાને નિશાન બનાવ્યા હતા. અબ્દુલ્લાએ ગુરૂવારે જણાવ્યું કે હું ઠીક છું અને ભગવાને મને બચાવ્યો છે.

તેમણે એ ભયાનક ક્ષણને યાદ કરતાં કહ્યું કે હુમલાખોર ઠીક તેની પાછળ સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો. તેમના મતે સુરક્ષા કર્મચારીઓ અને ત્યાં હાજર અન્ય લોકોના હસ્તક્ષેપને કારણે બીજી ગોળી અટકાવી શકાય હતી. ૮૮ વર્ષીય પીઢ નેતાએ કહ્યું કે તેઓ તેમના પર હુમલો કરનાર વ્યક્તિને ઓળખતા નથી. તેમના ભટિંડી સ્થિત નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે હું તે માણસને ઓળખતો નથી... જ્યાં સુધી તેના ઉદ્દેશ્યની વાત છે, હું તે કેવી રીતે જાણી શકું? ૬૩ વર્ષીય જમવાલ પુરાની મંડીનો રહેવાસી છે. બુધવારે રાત્રે પોલીસ સ્ટેશનમાં થયેલી પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેણે તપાસ અધિકારીઓને જણાવ્યું કે તે છેલ્લા ૨૦ વર્ષથી અબ્દુલ્લાની હત્યા કરવાની વેતરણમાં હતો.

# ઓબીસીના ક્રીમી કે નૉન-ક્રીમી લૅઅર માત્ર આવકને આધારે નક્કી થઇ ન શકેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ગુરુવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે અન્ય પછાત જાતિ (અધર બૅકવર્ડ ક્લાસ–ઓબીસી)નો ઉમેદવાર ક્રીમી કે નૉન–ક્રીમી લૅઅરનો છે, તે અંગે નિર્ણય માત્ર તેના પરિવારની આવકને આધારે લઇ ન શકાય. તેણે જણાવ્યું હતું કે અન્ય પછાત જાતિનો ઉમેદવાર 'ક્રીમી લૅઅર'નો છે કે નહિ, તે તેની આવક ઉપરાંત સામાજિક સ્તર અને પરિવારના સભ્યોના હોદ્દાને ધ્યાનમાં રાખવા જરૂરી છે.

સમાજના 'ક્રીમી લૅઅર'ના સભ્યને 'ઉચ્ચ વર્ગ'માંના ગણીને તેઓને સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના લાભ નથી મળતા.

સરકારે ૧૯૯૩માં અન્ય પછાત જાતિના 'ક્રીમી લૅઅર'ની વ્યાખ્યામાં જો પરિવારની વાર્ષિક આવક રૂપિયા આઠ લાખથી વધુ હોય, તો તેનો આ વર્ગમાં સમાવેશ કર્યો હતો અને તેને અનામતના લાભથી વંચિત રખાયો હતો. અન્ય પછાત જાતિના ગરીબ અને વધુ પછાત લોકોને અનામતનો લાભ મળી રહે, તે માટે 'ક્રીમી અને નૉન–ક્રીમી' લૅઅરની વ્યાખ્યા નક્કી કરાઇ હતી.

ઉચ્ચ સરકારી હોદ્દા, સશસ્ત્ર દળોમાં ઉચ્ચ હોદ્દા કે ધંધાની અથવા પ્રૉપર્ટીની વધુ આવક ધરાવતા પરિવારનાં બાળકોનો 'ક્રીમી લૅઅર'માં સમાવેશ કરાયો છે અને તેઓને અનામતના લાભથી વંચિત રખાયા છે. (એજન્સી)

# લોકસભામાં કોઇ પણ સાંસદ ગમે ત્યારે ગમે તે વિષય પર બોલી ન શકેઃ સ્પીકર

નવી દિલ્હીઃ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગુરુવારે જણાવ્યું હતું કે લોકસભાની કાર્યવાહી નિયમ મુજબ જ થાય છે અને લોકસભામાં કોઇ પણ સાંસદ ગમે ત્યારે ગમે તે વિષય પર બોલી ન શકે.

ઓમ બિરલાને લોકસભાના સ્પીકરપદેથી દૂર કરવા વિપક્ષોએ રજૂ કરેલી દરખાસ્ત બુધવારે મૌખિક મતદાનથી કાઢી નખાઇ હતી. ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સ્પીકરનો હોદ્દો કોઇ વ્યક્તિને આધીન નથી, પરંતુ તે ગૃહની પ્રતિષ્ઠાનું પ્રતીક છે. તેમણે જણાવ્યું હતું કે લોકસભાની કાર્યવાહી નિર્ધારિત નિયમ મુજબ કામ કરવાનું ચાલુ રાખશે, તે પછી કોઇ સાંસદને સ્વીકાર્ય હોય કે નહિ. અમે ગૃહની કાર્યવાહી ગંભીરતાથી અને યોગ્ય રીતે જ કરતા રહીશું. કોઇ પણ સાંસદને નિયમથી ઉપરવટ જવાનો વિશેષાધિકાર નથી. બિરલાએ જણાવ્યું હતું કે મારી સામેની અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચા વખતે મોટા ભાગના સાંસદોએ મારામાં વિશ્વાસ વ્યક્ત કર્યો, તે માટે હું તેઓનો આભારી છું. મારી તરફેણમાં અને વિરુદ્ધ બોલનારા દરેક સાંસદોનો હું આભાર માનું છું. સ્પીકરે જણાવ્યું હતું કે મારી સામેની અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે હું તેમને ગૃહમાં બોલવાની તક નથી આપતો. લોકસભામાં કોઇ પણ સાંસદ ગમે ત્યારે ગમે તે વિષય પર બોલી નથી શકતો. સ્પીકર પરવાનગી આપે ત્યારે જ સાંસદ ગૃહમાં બોલી શકે છે. (એજન્સી)

# ગૅસ ટ્રબલ મામલે પૅનિક ન થાવ કહેનાર પીએમ જ પૅનિકમાંઃ રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ દેશમાં એલપીજી સિલિન્ડરની અછતને લઈને રાજકારણ શરૂ થઈ ગયું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે વડાપ્રધાન લોકોને ગભરાવાની જરૂર નથી કહી રહ્યા, પરંતુ તેઓ પોતે અલગ કારણોસર ગભરાઈ ગયા છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન અમેરિકામાં ચાલી રહેલા એપસ્ટીન ફાઇલ્સ વિવાદ અને ગૌતમ અદાણી સાથે સંકળાયેલા કેસ અંગે ચિંતિત છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વડાપ્રધાન લોકોને ગભરાવાની જરૂર નથી તેવું કહી રહ્યા છે પરંતુ તેઓ પોતે 'અલગ કારણોસર' થી ગભરાયેલા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું કે હોર્મુઝની ખાડીમાં કોઈ પણ અડચણ અથવા બંધ થવાથી ભારતની અર્થવ્યવસ્થા અને એનર્જી સપ્લાય પર સીધી અસર પડશે. એલપીજીની ઉપલબ્ધતાને લઈને અગાઉથી ફેલાયેલી ચિંતા અને જો યુદ્ધ લાંબુ ખેંચાશે તો સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે તેવી વાત પર ભાર મૂકતા કહ્યું કે એનર્જી સિક્યોરિટી કોઈ પણ દેશ માટે જરૂરી છે. ગાંધીએ સવાલ કર્યો હતો કે ભારતે અમેરિકાને એ નિર્ણય કરવાની મંજૂરી કેમ આપવી જોઈએ કે તે પોતાની ગેસની ખરીદી ક્યાંથી કરશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું દરેક રાષ્ટ્રનો પાયો તેની ઊર્જા સુરક્ષા હોય છે. અમેરિકાને એ નક્કી કરવાની મંજૂરી આપવી કે આપણે કોની પાસેથી તેલ ખરીદીએ, કોની પાસેથી ગેસ ખરીદીએ અને રશિયા પાસેથી તેલ ખરીદી શકીએ કે નહીં.

## પહેલા પાનાનું ચાલુ

### હોર્મુઝ ખાડી

સલામતી પૂરી પાડવાનો ઇનકાર કર્યો છે.

હોર્મુઝ સામુદ્રધુનીમાંથી ખનિજ તેલ અને ગૅસના પુરવઠાનું વહન લગભગ બંધ થઇ ગયું હોવાથી ખનિજ તેલનો ભાવ ગુરુવારે ફરી વધીને બૅરલ દીઠ ૧૦૦ ડૉલરથી વધી ગયો હતો.

અખાતના આ યુદ્ધનો નજીકના ભવિષ્યમાં કોઇ અંત નથી જણાતો અને તેથી દુનિયાના મોટા ભાગના દેશોના અર્થતંત્ર પર માઠી અસર થઇ રહી છે.

ઇરાનના પ્રમુખે મંત્રણા માટે આકરી શરતો મૂકી છે અને જણાવ્યું હતું કે ઇરાન પર ભવિષ્યમાં કોઇ પણ હુમલા નહિ કરાય, તેની બાંયધરી મળવી જોઇએ.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઇરાન દેખીતી રીતે ખલાસ થઇ ગયું છે અને અમેરિકા પોતાનું 'કામ' (લશ્કરી કાર્યવાહી) પૂરું કરીને જ રહેશે. (એજન્સી)

### ...પણ ભારતીય

ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપી છે. બંને દેશોના વિદેશ પ્રધાનની વાતચીતનો હેતુ ક્રૂડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસનો પુરવઠો ન ખોરવાઈ તે માટે મહત્ત્વના દરિયાઈ માર્ગને ખોલવાનો હતો.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, વિદેશ પ્રધાન એસ. જયશંકરે માત્ર ઈરાન જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ અન્ય દેશો સાથે તાલમેલ બેસાડ્યો હતો. તેમણે રશિયા અને ફ્રાન્સના વિદેશ પ્રધાન સાથે આ ગંભીર મુદ્દે ચર્ચા કરી હતી. જેનો હેતુ દરિયાઈ વ્યાપારિક માર્ગોને ખુલ્લા રાખવા અને વૈશ્વિક સપ્લાય ચેનને ખોરવાતી બચાવવાનો હતો.

### ઈરાનના અણુમથક

કામગીરી બંધ કરવી પડી હતી. કુવૈતના રહેઠાણ વિસ્તારમાંની એક ઇમારત પર ઇરાને ડ્રોનથી કરેલા હુમલામાં અમુક લોકો ઘાયલ થયા હતા. ઇરાકના બસરા બંદર પરના હુમલામાં ઓછામાં ઓછી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ઇરાકે પોતાના આખા દેશના ઑઇલ ટર્મિનલ્સનું કામકાજ કામચલાઉ બંધ કરી દીધું હતું. સિટી બૅન્કે ઇરાનના હુમલાના ભયને કારણે યુએઇમાંની એક સિવાયની ત્યાંની બધી શાખા બંધ કરી દીધી હતી, જ્યારે અન્ય મોટા ભાગની નાણાકીય સંસ્થાએ પોતાના કર્મચારીઓને ઘરેથી જ કામ કરવાની સૂચના આપી હતી. જેરુસલેમ, તેલ અવીવ અને ઇઝરાયલના અનેક પ્રદેશમાં મિસાઇલ હુમલા થયા હતા. બૈરુતના પર્યટન સ્થળ રામલેત અલ–બયદા ખાતે ઇઝરાયલે કરેલા હુમલામાં આઠ જણ માર્યા ગયાં હતાં અને અન્ય ૩૧ જણ ઘાયલ થયા હતા.

ઇરાને તહેરાન ઉપરાંત લેબેનોન પર વ્યાપક હુમલા ચાલુ રાખ્યા હતા અને ગુરુવારે સવારે કરાયેલા હુમલામાં ૧૧ જણ માર્યા ગયાં હતાં.

ઇરાન જ્યાં અણુશસ્ત્રો વિકસાવવાનો પ્રયાસ કરતું હોવાનું કહેવાય છે, તે તાલેઘનના અણુમથકના કમ્પાઉન્ડમાં ઇઝરાયલે હુમલો કર્યો હતો.

ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિને ઓનલાઇન મૂકેલા સંદેશામાં મંત્રણા માટે આકરી શરતો રાખી હતી અને ભવિષ્યમાં હુમલા નહિ કરાય, તેની બાંયધરી પણ માગી હતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિએ અખાતના યુદ્ધનો અંત લાવવાની માગણી કરતો ઠરાવ બુધવારે પસાર કર્યો હતો.

ઇરાને દુબઇના કાંઠા નજીક કન્ટેનર લઇ જતાં એક જહાજ પર કરેલા હુમલાને લીધે તેના પર આગ લાગી હતી.

બાહરીનનું આંતરરાષ્ટ્રીય વિમાનમથક જ્યાં આવ્યું છે, તે મહાર્રાક ટાપુ પર ઇરાને ગુરુવારે સવારે હુમલો કર્યો હતો અને તેને લીધે મોટી આગ લાગી હતી.

દક્ષિણ બૈરુતમાં આરામૌન ખાતે ઇઝરાયલે કરેલા હુમલામાં ત્રણ જણ માર્યા ગયાં હતાં અને એક બાળક ઘાયલ થયો હતો. તહેરાનમાં સલામતી દળોની ચોકી પર બુધવારે રાતે થયેલા હુમલામાં ઓછામાં ઓછા દસ જણ માર્યા ગયાં હતાં.

યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં લેબેનોનમાં ઓછામાં ઓછા ૬૩૪ જણ માર્યા ગયાં હતાં અને અંદાજે ૭.૫૯ લાખથી વધારે લોકોને સુરક્ષિત સ્થળે હિજરત કરવાની ફરજ પડી હતી. અમેરિકાના સાત સૈનિક માર્યા ગયાં હોવાનું અને અન્ય આઠ સૈનિક ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

ઇરાનની આત્મઘાતી બૉટે ઇરાકની નજીક અમેરિકાના તેલના ટેન્કર 'સેફસી વિષ્ણુ' પર કરેલા હુમલામાં એક ભારતીય નાગરિક માર્યો ગયો હતો. (એજન્સી)

### દેશમાં ગૅસનો

સુજાતા શર્માએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકારે શોધેલા લાભાર્થી માટે વધુ કમર્શિયલ એલપીજી સિલિન્ડર છુટ્ટા કરાશે. સરકારે જાહેરાત કરી હતી કે દેશમાં એક લાખ પેટ્રોલ પંપ છે અને બધે ઈંધણ છે. વેસ્ટ એશિયાની લડાઈને લીધે પ્લાસ્ટિક અને કાચના ભાવ વધી ગાય છે આની માઠી અસર ફાસ્ટ મુવિંગ કન્સ્યુમર ગુડ્સ અને આલ્કોહોલિક બેવરેજીસ પર પડશે. દારૂ બનાવતી કંપની જેવી કે યુનાઈટેડ સ્પિરિટ્સનો ૪૦ ટકા કાચો માલ કાચ હોય છે. એલપીજીની અછતને લીધે ક્વિક સર્વિસ રેસ્ટોરાં ચેનનું ઑપરેશન ખોરવાઈ જશે.

સરકારની જાહેરાત છતાં આખા દેશમાં એવો હાઉ ફેલાયો છે કે પેટ્રોલ પંપ સૂકા થઈ જશે. આખા ભારતમાં અને ખાસ કરીને ચેન્નઈ, કોઈમ્બતુર અને મદુરાઈમાં લોકોને વાહનની ટાંકી ભરાવવા કતારમાં ઊભું રહેવું પડ્યું હતું. બ્રોકરેજ ગોલ્ડમેન સાકશે એક અહેવાલમાં માહિતી આપી હતી કે ભારતમાં એલપીજીની અછત છે અને તે ૬૦ ટકા એલપીજીની આયાત કરે છે. ૯૦ ટકાની આયાત બંધ થયેલા હોર્મુઝ સમુદ્રધુનીના માર્ગે થાય છે. ઘરઆંગણાના એલપીજી ઉત્પાદનમાં પચીસ ટકાનો વધારો થયો હોવા છતાં પુરવઠો ઓછો છે.

જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ, દેવયાની ઈન્ટરનેશનલ,. સેફાયર ફૂડ્સ ઈન્ડિયા અને વેસ્ટલાઈફ ફૂડવર્લ્ડ જેવી ક્વિક સર્વિસ રેસ્ટોરાં કિચન ઑપરેશન ચલાવવા કમર્શિયલ એલપીજી પર આધાર રાખે છે. આ રેસ્ટોરાંમાં એલપીજી સિલિન્ડરનો સ્ટોક એક અઠવાડિયા ચાલે એટલો છે. એલપીજીની અછતને લીધે અમુક રેસ્ટોરાં બંધ પડી ગઈ છે.

ગૅસની અછતને લીધે કાચના ઉત્પાદન ક્ષેત્રને અસર પહોંચી છે. બોરોસિલ લિમિટેડે અખબારી યાદીમાં કહ્યું હતું કે ગૅસની અછતને લીધે અમારું કાચનું ઉત્પાદન બંધ થઈ ગયું છે. આને લીધે કાચના ભાવમાં ઉછાળો આવશે. આની માઠી અસર દારૂ બનાવતી કંપની પર પડશે, કારણ કે કાચ તેનો મુખ્ય કાચો માલ છે. સરકારે રીફાઈનરી અને પેટ્રોકેમિકલ સંકુલને એલપીજીનું ઉત્પાદન વધારવાનું કહ્યું છે. આથી પ્રોપેન, બુટેન અને પ્રોપીલીનો ઉપયોગ એલપીજી બનાવામાં કરવો પડે છે. આને લીધે પેટ્રોકેમિકલનો પુરવઠો ઘટી જશે અને પ્લાસ્ટિકના ભાવ વધી જશે જેની માઠી અસર એફએમસીજી ક્ષેત્ર પર પડશે. (એજન્સી)

### ટ્રમ્પ ફરી સળી

અમેરિકાના ૧૬ મુખ્ય વેપાર ભાગીદારો સામે અન્યાયી વેપાર પ્રથાની તપાસ શરૂ કરી છે, જેમાં ભારત, ચીન અને બાંગ્લાદેશનો સમાવેશ થાય છે. આ તપાસની આડશમાં ટ્રમ્પ આયાત વેરો લાદી શકે છે.

ટ્રમ્પ વહીવટીતંત્રએ કરેલી જાહેરાત મુજબ ૧૯૭૪ ના ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ હેઠળ આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ કલમ યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવને અન્યાયી વેપાર પ્રથાઓનો ઉપયોગ કરતા અમેરિકાના વેપાર ભાગીદારો પર ટૅરિફ લાદવા અથવા અન્ય પગલાં લેવાની સત્તા આપે છે. આ તપાસ બાદ અમેરિકા કેટલાક દેશો પર ઈમ્પોર્ટ ડ્યુટી લાગુ કરી શકે છે.


અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર દ્વારા એક સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ચીન, મેક્સિકો, ભારત, જાપાન, દક્ષિણ કોરિયા, સ્વિટ્ઝર્લૅન્ડ, નોર્વે, ઇન્ડોનેશિયા, સિંગાપોર, થાઇલેન્ડ, મલેશિયા, કમ્બોડિયા, વિયેતનામ અને બાંગ્લાદેશની તપાસ કરવામાં આવશે.

### મોંઘવારી વધી

છે. બીજી બાજુ લસણ, કાંદા, બટેકા, તુવેર અને લીચીના ભાવ ઘટ્યા હતા. શહેરી વિસ્તારના ફુગાવાના દર ૩.૩૭ ટકા અને ગ્રામીણનો ફુગાવો ૩.૦૨ ટકા હતો. ભારતની કંપનીઓએ એક વર્ષ પછી રાંધણ ગૅસના ભાવ વધાર્યા હતા. (એજન્સી)

# સંસ્થા સમાચાર

## વિલેપાર્લેમાં ધીરગુરુદેવનું આજે પદાર્પણઃ રવિવારે 'જૈન પ્રકાશ'નો વિમોચન સમારોહ




શ્રી સ્થાનકવાસી જૈન સમાજમાં શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી. ધીરગુરુદેવ આજે તા. ૧૩ ને શુક્રવારે સવારે ૮.૪૫ કલાકે અલ્પના પિયુષ ઉદાણી પ્રેરિત નવકારશી બાદ આશા નિકેતનથી વિહાર કરી વિલેપારલા (વેસ્ટ) ઉપાશ્રયે પધારશે. જ્યાં શુક્રવાર અને શનિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે 'શોધો શોધો આત્મા' વિષય પર પ્રવચન યોજાશે. તા. ૧૫ને રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ કલાકે ઑલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ - મુંબઈ દ્વારા ૧૧૩ વર્ષથી પ્રકાશિત 'જૈન પ્રકાશ' માસિક પત્રનો વિમોચન સમારોહ રાજપરીયા બાગ હોલ, નવપાડા, વિલેપારલા (ઈસ્ટ)માં યોજાશે. વિમોચનવિધિ મીનળબેન રોહિતભાઈ શાહ (સાયલા આશ્રમ) તથા અતિથિપદે શ્રેષ્ઠિવર્યો ઉપસ્થિત રહેશે. પૂર્વમાં જૈન પ્રકાશમાં સેવારત ગુણવંત બરવાળીયા, ડૉ. રતનબેન છાડવા, મણીલાલ ગાલાનું અભિવાદન કરાશે. હવેથી જૈન પ્રકાશ દર મહિને પ્રકાશિત થશે. પંચવર્ષીય જ્ઞાન ઉત્કર્ષ યોજનામાં રૂ. ૫૧ લાખ, ૩૧ લાખ, ૧૧ લાખ, ૫ લાખ, અઢી લાખ, એક લાખ અગિયાર હજાર, ૫૧ હજારની શ્રેણી છે. આજીવન લવાજમ પાંચ હજાર છે. હાલમાં ૯ હજાર નકલ છપાય છે. વધુને વધુ જૈનોને જોડાવા ટ્રસ્ટી હિરેન એમ. શાહ, અરવિંદ ગોડા, સંજય શેઠ, મુકેશ કામદાર, ડૉ. સંજય સંઘવીએ અનુરોધ કરેલ છે. આ પ્રસંગે અજરામર સંપ્રદાયના પૂ. આગમમુનિ મ.સા. આદિ તથા પૂ. હસ્મિતાજી મ.સ., પૂ. મીનાજી મ.સ. આદિ, પૂ. શુભેચ્છાકુમારી મ.સ. આદિ, પૂ. જ્યોતિ પ્રભાજી મ.સ. આદિના દર્શનાદિનો લાભ મળશે.

## ધીરગુરુદેવના અનુગ્રહથી મહારાષ્ટ્રમાં સેંકડો ગૌમાતા લિફ્ટિંગ મશીન અર્પણ કરાયા



મહારાષ્ટ્રની અનેક ગૌશાળા અને પાંજરાપોળમાં ગૌમાતા અને વાછરડા વગેરેને જીવતદાન મળે તેવા ભાવથી પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી હિતેશભાઈ જસાણીની પ્રેરણાથી ગૌમાતા લિફટિંગ મશીન વર્ધમાન સંસ્કારધામના જીવદયારત્ન રાજુભાઈ શાહના સહિયારા પ્રયત્નથી બે વર્ષમાં આશરે ૩૪૮ મશીન અર્પણ કરાયા છે. સૌરાષ્ટ્રમાં પણ અર્પણ કરેલ છે. આ મશીનથી ગૌમાતાને પ્રસૂતિમાં તેમજ અન્ય બીમારીમાં ખૂબ જ સાતા વળે છે. એક મશીનનો નકરો ૨૫ હજાર રાખેલ છે. માસ્વામીની પ્રેરણાથી બીનાબેન અજયભાઈ શેઠે ૧૫૦ જેટલા મશીનનો લાભ લીધેલ. ૫૦૦ મશીનની જરૂરિયાત છે. દાતાઓને લાભ લેવા અનુરોધ કરાયો છે.

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત સમારોહ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા રવિવાર, તા. ૮મી માર્ચ ૨૦૨૬ના દિને તેના સમાજ ભવનમાં સમૂહ યજ્ઞોપવિતનો કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો હતો. કાર્યક્રમ દરમિયાન કુલ દસ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યા હતા. સમાજ દ્વારા આ કાર્યક્રમ સંપૂર્ણ નિઃશુલ્ક હતો, જેમાં સમાજ દ્વારા પૂજા વિધિની સામગ્રી, આચાર્ય/શુક્લ તેમજ મર્યાદિત સંખ્યામાં બટુકના પરિવારજનો માટે ભોજન વ્યવસ્થા તેમજ નાસ્તા, દૂધની વ્યવસ્થા પણ નિઃશુલ્ક રાખવામાં આવી હતી. આ પ્રસંગે ઘાટકોપરના માજી વિધાનસભ્ય અને મહારાષ્ટ્ર રાજ્યના માજી પ્રધાન પ્રકાશભાઈ મહેતા તથા પૂજ્ય શાસ્ત્રી ભાગવતાચાર્ય ધનંજયભાઈ વ્યાસ ઉપસ્થિત રહી બટુકોને આશીર્વાદ આપ્યા હતા.

# દેશના દસ સૌથી ગરમ શહેરોમાં આઠ ગુજરાતનાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના તાપમાનના આંકડા મુજબ, ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પશ્ચિમ ભારતમાં ગરમીનું મોજું વધુ તીવ્ર બનતાં ગુજરાતના અનેક શહેરો દેશના ટોચના ૧૦ સૌથી ગરમ સ્થળોમાં સામેલ થયા હતા. જોકે દેશનાં સૌથી ગરમ શહેર તરીકે મધ્ય મહારાષ્ટ્રના નંદુરબાર (૪૨.૪ડિગ્રી) હતું, જ્યારે ગુજરાતનું વલ્લભ વિદ્યાનગર ૪૨.૩ ડિગ્રી સાથે બીજા ક્રમે રહ્યું હતુ ત્યારબાદ રાજકોટ ૪૧.૯ ડિગ્રી સાથે ત્રીજું અને સૌરાષ્ટ્ર-કચ્છનું સૌથી ગરમ શહેર બન્યું હતું.

ગુજરાતના અનેક શહેરો ટોપ-૧૦ની યાદીમાં છે. વડોદરા (૪૧.૬ ડિગ્રી), સુરેન્દ્રનગર (૪૧.૫ ડિગ્રી), અમદાવાદ (૪૧.૪ ડિગ્રી), સુરત (૪૧.૦ ડિગ્રી), કેશોદ (૪૦.૭ ડિગ્રી) અને ડિસા (૪૦.૭ ડિગ્રી) એ બધામાં તાપમાન સામાન્ય કરતાં ઘણું વધારે નોંધાયું હતું, જે રાજ્યભરમાં તીવ્ર ગરમીની સ્થિતિ દર્શાવે છે.

હવામાન વિભાગ અનુસાર મોટાભાગના શહેરોમાં સામાન્ય કરતાં છથી નવ ડિગ્રી વધુ તાપમાન નોંધાયું હતું. ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં તાપમાનમાં વધારો ગરમીનો પ્રકોપ જણાવી રહી છે. સૂકા પવનો અને સ્વચ્છ આકાશને કારણે આંતરિક વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. આ સાથે હજુ અમુક દિવસો સુધી વાતાવરણમાં ગરમી જોવા મળશે, તેમ પણ હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે.

# ગિરનારના અંબાજી મંદિરના ભંડારામાં દારૂ અને નોનવેજની પાર્ટી, ૧૧ જણ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના ભંડારામાં દારૂ અને માંસાહારી ભોજનનો કથિત રીતે ઉપયોગ દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ ઊભો થયો હતો, જેના કારણે ભક્તોમાં રોષ ફેલાયો છે. વહીવટીતંત્રે પૂજારીઓ સહિત મંદિરના ૧૧ કર્મચારીને સસ્પેન્ડ કર્યા હતા અને આ ઘટનાની વિગતવાર તપાસના આદેશ આપ્યા હતા, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. વાઈરલ વીડિયોમાં બે થી ત્રણ વ્યક્તિઓ મંદિર પરિસરમાં માંસાહારી ભોજન અને દારૂનું સેવન કરતા અને અપશબ્દોનો ઉપયોગ કરતા જોવા મળે છે.

વાયરલ ક્લિપની નોંધ લઈ જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્રે તાત્કાલિક તપાસનો આદેશ આપ્યો હતો. પ્રાથમિક તારણોના આધારે, અધિકારીઓએ તાત્કાલિક અસરથી ૧૦ પૂજારી અને એક રસોઈયાને સસ્પેન્ડ કર્યો હતો. આ સાથે વીડિઓમાં દેખાતા લોકોને મંદિર પરિસરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ધાર્મિક લાગણીઓ દુભાવવા બદલ દોષિત ઠરનારા દરેક સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અધિકારીઓએ એમ પણ કહ્યું હતું કે જેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા તેઓ બધા પાર્ટીમાં હાજર નહોતા, પણ તેમને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# પહેલી એપ્રિલથી અમદાવાદની સાબરમતી નદીનો પટ ખાલી કરાશે

અમદાવાદઃ અમદાવાદમાં સાબરમતી નદીનો પટ્ટ ૧ એપ્રિલથી ૧૫ જૂન, ૨૦૨૬ સુધી લગભગ અઢી મહિના સુધી પાણી વગરનો રહેશે, કારણ કે રાજ્યના સિંચાઈ વિભાગે વાસણા બેરેજને સંપૂર્ણપણે ખાલી કરવાનો નિર્ણય લીધો છે જેથી સમારકામનું કામ હાથ ધરવામાં આવે અને અનેક દરવાજા બદલી શકાય. સુકા નદીના પટને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુભાષ બ્રિજ તોડી પાડવાનું કામ ઝડપથી કરી શકશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બેરેજ બંધ કરવાનો નિર્ણય ચોમાસા પહેલા ડેમની સેફ્ટી અંગે કરવામાં આવેલા નિરિક્ષણ બાદ લેવામાં આવ્યો હતો. નિરિક્ષણ દરમિયાન નિષ્ણાતોએ વાસણા બેરેજના ૩૦ માંથી ૧૮ દરવાજા બદલવાની ભલામણ કરી હતી, જ્યારે બાકીના દરવાજાઓનું સમારકામ ચોમાસા પહેલા કરવામાં આવશે. ૧૯૭૬માં બનેલ આ બેરેજ અમદાવાદમાં પૂર નિયંત્રણ અને પાણીના નિયમનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કામ હાથ ધરવા માટે, બેરેજ પર સંગ્રહિત પાણીને ફતેહવાડી કેનાલ અને સાબરમતીના ડાઉનસ્ટ્રીમ વિભાગોમાં છોડવામાં આવશે.

# ગુજરાતીઓના ફેવરિટ ગાંઠિયા-જલેબી, ફરસાણ, આઈસક્રીમ મોંઘા થવાની શક્યતા

અમદાવાદ/ભુજ/રાજકોટઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને ૧૩ દિવસ વીતી ગયા છે. યુદ્ધની સ્થિતિની અસર ભારતમાં ધીમે ધીમે વર્તાઈ રહી છે. વિવિધ ઈન્ડસ્ટ્રી સાથે ફૂડ ઈન્ડસ્ટ્રી અને હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી ગેસ સિલિન્ડરની અછતને કારણે ભીંસમાં આવી ગયા છે.

રાજકોટ, સુરત અને વડોદરા જેવાં શહેરોમાં, રેસ્ટોરન્ટ માલિકો કહે છે કે તેમને જરૂરિયાત કરતા ઘણા ઓછા કોમર્શિયલ એલપીજી સિલિન્ડર મળી રહ્યા છે, જેના કારણે મેનુમાં ફેરફાર થઈ રહ્યો છે અને ભાવ પણ વધી રહ્યા છે. જેમાં સતત ગેસ પુરવઠાની જરૂર પડતી હોય તેવી વસ્તુઓ બનાવવી અઘરી અને મોંઘી પડી રહી છે. આવી વસ્તુઓમાં ગુજરાતીઓના ફેવરીટ ગાંઠિયા જલેબી સહિતના ફરસાણનો સમાવેશ થાય છે.

સરકારે કમર્શિયલ ગેસ પર કાપ મૂકતા સતત ઉકળતા તેલમાં ગાંઠિયા અને જલેબી તળવા અઘરા છે. આ ઉપરાંત સેવ, બુંદી, સકરપારા, કડક પુરી જેવા અનેક ગુજરાતી ફરસાણો છે જે તળીને બનાવવામાં આવે છે. આ ઉપરાંત દાલવડા, કચોરી, સમોસા, બટેટાવડા, ભજિયા વગેરે પણ ગરમ ગરમ ખાવાની વસ્તુઓ છે અને મોટી ફરસાણ માર્ટોમાં તેલ ભરેલો તવો સતત ચાલતો રહે છે, પરંતુ હાલની સ્થિતિમાં આ અઘરું બની રહ્યું છે.

વેપારીઓને કમર્શિયલ ગેસ મોંઘો અને ઓછો મળતા એક તો પ્રોડક્શન ઘટયું છે અને બીજું ફરસાણમાં ભાવમાં પણ વધારો ઝીંકાવાની શકયતા છે, તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.

ભુજની જુદી-જુદી ફરસાણોની દુકાનોમાં કેટલાક દુકાનદારો દ્વારા પોત પોતાની દુકાનોની બહાર ગલ્લા ગોઠવી, સમોસા,કચોરી, ફાફડા તેમજ વણેલા ગાંઠિયા જેવા નાસ્તા વહેંચાય છે પણ આવા દુકાન બહાર ગોઠવાયેલા ગલ્લા બંધ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

ભુજના એક જાણીતા ફરસાણના કારીગર અને મુંદરા રિલોકેશન સાઈટ પર ફરસાણ માર્ટ ધરાવતા જયસુખભાઇ કંદોઈના જણાવ્યા પ્રમાણે, રાંધણ ગેસના બાટલાઓની અછતને કારણે હવે તકલીફ પડવી શરૂ થઇ છે. અમારે દુકાનની બહાર રાખેલાં તાવડા 'ઠારી' દેવા પડે છે. તેમના જણાવ્યા પ્રમાણે આ પરિસ્થિતિ ફરસાણના મોટા વેપારીઓ કરાતાં લારી-ગલ્લા વાળાઓ માટે વધુ કફોડી બની છે કારણ કે, મોટી દુકાનો વાળા પાસે 'ડીઝલ ભઠ્ઠા'ની વ્યવસ્થા હોય છે,

જો કે તેના પર મોટા જથ્થામાં ફરસાણ બનાવવું અઘરું પડતાં ગરમ નાસ્તાના શોખીન લોકો માટે ગરમા ગરમ ફાફડા-જલેબીનો નાસ્તો મોંઘો બની શકે છે.

આવી પરિસ્થિતિને કારણે ડીઝલ ભઠ્ઠાની માગમાં વધારો થઇ રહ્યો છે, જો કે ડીઝલ પણ કેટલો સમય સરળતાથી મળી રહે છે તે હવે જોવાનું રહે છે તેમ તેમણે ઉમેર્યું હતું. આજે ભુજમાં પ્રણાલીગત રીતે ઊભીને ફરસાણ વેચતા ફેરિયાઓએ જણાવ્યું હતું કે, રોજે રોજનું કમાઈને ગુજરાન ચલાવતા ફરસાણના નાના કારીગરો માટે ડીઝલના ભઠ્ઠાની ખરીદી કરવી એ સહેલું કામ નથી.

### ૧૦ હજારના કમર્શિયલ ઈન્ડક્શન ૪૦ હજારમાં વેચાવા માંડ્યા

કમર્શિયલ સિલિન્ડરની અછત સર્જાતા મોટી રેસ્ટોરાં અને હોટેલના માલિકોએ વિકલ્પ તરીકે ઈન્ડક્શન ખરીદવા રીતસરની લાઈન લગાવી છે. ૩,૫૦૦ થી ૫,૦૦૦ વોટના ઈન્ડક્શન હોટેલ અને રેસ્ટોરાં વાપરતા હોય છે. અમદાવાદમાં મેક્વિનો ઈનોવેશન્સ એલએલપી નામે કંપની ધરાવતા મૌલિક શાહે મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે સામાન્ય રીતે મહિને એકાદ બે ઈન્ડક્શન વેચાતા હોય છે, પરંતુ છેલ્લાં બે દિવસમાં જ અમે ૧૦૦ જેટલા ઈન્ડક્શન વેચ્યા છે. આ સાથે હજુ ૧૦૦થી ૨૦૦ ઈન્ડક્શનની ડિમાન્ડ છે, પરંતુ સમગ્ર ભારતમાં સ્ટોક લગભગ નથી. ડિમાન્ડ વધતા ભાવમાં પણ ભારે વધારો થયો છે. તેમના જણાવ્યા અનુસાર રૂ. ૧૨,૦૦૦થી ૧૫,૦૦૦નું કર્મશિયલ ઈન્ડક્શન હાલમાં જીએસટી સાથે લગભગ રૂ. ૪૦,૦૦૦ સુધી વેચાઈ રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે મોટાભાગના ડીલર્સ ઈન્ડક્શન ઈમ્પોર્ટ કરે છે. ઘણોખરો માલ ચીનથી ઈમ્પોર્ટ થાય છે, પરંતુ આ શિપમેન્ટ આવવામાં સમય નીકળી જતો હોય છે. આથી હવે ઈન્ડકશન મળવા પણ અઘરા બની રહેશે, તેમ તેમણે જણાવ્યું હતું.

### ઉનાળામાં જ આઈસક્રીમ ખિસ્સા પર ભારે

ઉનાળાની ઋતુની શરૂઆતમાં આઈસક્રીમ ઉદ્યોગ પર પણ તેની અસર જોવા મળી રહી છે. ઉત્પાદકો કહે છે કે ઔદ્યોગિક ગેસની અછતને કારણે કોન અને પેકેજિંગ સામગ્રીના ઉત્પાદન પર અસર પડી છે, જેના કારણે ખર્ચમાં વધારો થયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગેસ સપ્લાયમાં કાપની અસર કોન અને પેકેજિંગ મટિરિયલ્સ પર દેખાવા લાગી છે. મોટાભાગની કંપનીઓ અન્ય સપ્લાયર્સ પાસેથી કોન મેળવે છે, અલગ અલગ વસ્તુઓના ભાવમાં ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. તમામ કોન ઉત્પાદકો ગેસનો ઉપયોગ કરે છે અને વર્તમાન સ્થિતિમાં તેમનું ઉત્પાદન ઘટ્યું છે. જો સ્થિતિ નહીં સુધરે તો આગામી મહિનાઓમાં કોન સપ્લાય પર તેની માઠી અસર થશે.આઈસ્ક્રીમ ઉત્પાદકો માટે આશરે ૨૫ ટકા પ્રોડક્ટ્સ ગેસ પર નિર્ભર છે, જેમાં કોન, આઈસક્રીમ કેક અને બેકરી પ્રોડક્સ સમાવેશ થાય છે. આ ઉપરાંત ડ્રાય ફ્રૂટ રોસ્ટિંગની પ્રક્રિયા પણ ગેસ પર નિર્ભર હોવાથી તેને પણ અસર થવાની શક્યતા છે. કોન સેગમેન્ટમાં ગેસની અછતની સ્પષ્ટ અસર છે. નવા ઓર્ડર માટે સપ્લાયરોએ કિંમતમાં ૨૫-૩૦ ટકાનો વધારો કર્યો છે. આ વખતે કાચો માલ ગત ઉનાળાની સરખામણીએ સરેરાશ ૧૦ ટકા મોંઘો થયો હોવાથી આઈસક્રીમના ભાવ પર અસર પડશે, તેમ માનવામાં આવે છે. જોકે કેન્દ્ર અને રાજ્યની સરકાર લોકોને હૈયાધારણા આપી રહી છે કે સ્થિતિ નિયંત્રણમાં છે અને ગેસનો પુરવઠો બને તેટલો સામાન્ય કરવાના તમામ પગલાં સરકાર ભરી રહી છે.

# ગૅસ પુરવઠાની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત સરકારે કમિટી બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વિવિધ ઉદ્યોગો ગેસ પુરવઠાની અછત અનુભવી રહ્યા છે અને અછતને લીધે પ્રોડક્શન પર અસર થઈ છે ત્યારે બીજી બાજુ રાજ્યમાં ઘેરલુ ગેસ સિલિન્ડરની (એલએનજી)ની અછત ન સર્જાય તે માટે રાજ્ય સરકારે એક કમિટી બનાવી છે. ચીફ સેક્રેટરીની અધ્યક્ષતામાં આ કમિટી ઘેરલુ ગેસનો પૂરતો પુરવઠો મળી રહે તેની તકેદારી રાખશે. રાજ્ય સરકારના પ્રવક્તા જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે સમિતિ કેન્દ્ર સાથે સતત સંપર્કમાં રહેશે અને પૂરતા ગેસ પુરવઠા માટે સતત સમીક્ષા કરશે. તેમણે કહ્યું હતું કે રાજ્ય પહેલાથી જ ઇંધણ પુરવઠાને અસર કરતી વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં છે.

અગાઉ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે, રાજ્ય સરકારે કેન્દ્ર સાથે પરામર્શ કરીને, ઉદ્યોગોને ગેસ સપ્લાયમાં લગભગ ૫૦% અને ખાતર અને દૂધ પ્રક્રિયા એકમોને લગભગ ૪૦% ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે જેથી સ્થાનિક ગ્રાહકોને અછતનો સામનો ન કરવો પડે.

વાઘાણીએ સ્પષ્ટતા કરી હતી કે ઘરો માટે રસોઈ ગેસ સિલિન્ડરના પુરવઠા પર કોઈ અસર થશે નહીં. તેમણે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો કમર્શિયલ ગેસ સિલિન્ડરની જરૂરિયાતના લગભગ ૮૦% પૂરા પાડવા માટે કામ કરી રહી છે. કેન્દ્રએ મુખ્યત્વે મધ્ય પૂર્વીય દેશો પર આધાર રાખવાને બદલે પશ્ચિમ આફ્રિકા અને યુનાઇટેડ સ્ટેટ્સમાંથી ગેસ કાર્ગો માટે અગાઉથી ઓર્ડર આપવાનું પણ શરૂ કરી દીધું છે, અને નવો પુરવઠો ટૂંક સમયમાં ભારતમાં પહોંચવાની અપેક્ષા છે. તેમણે નાગરિકોને ગેસની અછત અંગેની અફવાઓ પર વિશ્વાસ ન કરવા વિનંતી કરી હતી અને સંગ્રહખોરી ન કરવાની સલાહ આપી હતી.

### ઘરેલુ જરૂરિયાત માટે ગૅસનો પૂરતો જથ્થો

અમદાવાદઃ ગેસ સિલિન્ડર માટે લોકોની લાંબી લાઈન અને લોકોમાં ચિંતાનો માહોલ જોતા ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી હતી કે રાજ્ય પાસે ઘરેલુ જરૂરિયાત માટેનો પૂરતો જથ્થો છે. આ સાથે આગોતરી તૈયારીના ભાગરૂપે જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એક ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકિંગ વચ્ચે પચીસ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય કરવામાં આવ્યો હોવાનું રાજ્ય સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

યાદી અનુસાર મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે ઉદ્ભવતા વર્તમાન સંજોગોમાં સમગ્ર રાજ્યમાં એલપીજી સિલિન્ડરોના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો તથા મોનિટરિંગ કરવામાં આવી રહેલ છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઉપલબ્ધ એલપીજી સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે રાજ્યમાં ઘરેલું જરૂરિયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. એમ રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યમાં ૩૦ ટકા ઘરેલુ ગેસ પીએનજી ગેસ પાઈપલાઈન મારફત પૂરો પાડવામાં આવે છે. પીએનજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાત રાજ્યની પરિસ્થિત વધારે સારી છે. રાજ્યમાં ઘરેલુ જરૂરિયાત માટેના એલ.પી.જી નો પૂરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્રં સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવેલ છે.

# અમદાવાદ, સુરત સહિત ચાર શહેરમાં બનશે નમો સ્વદેશી અર્બન મૉલ

અમદાવાદઃ દેશનો દરેક નાગરિક સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપે એ હેતુથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'મેક ઇન ઇન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'હર ઘર સ્વદેશી' જેવા અભિયાનો શરૂ કર્યા છે. આ અભિયાન અંતર્ગત ગુજરાત સરકાર શહેરી વિસ્તારોમાં સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને મંચ આપવા માટે વિવિધ પહેલો અમલમાં મૂકી રહી છે. ગુજરાતમાં સ્વદેશી મેળાઓના સફળ આયોજન બાદ હવે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એમ ચાર મહાનગરપાલિકાઓમાં 'નમો સ્વદેશી અર્બન મોલ' બનાવવામાં આવશે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે 'નમો સ્વદેશી અર્બન મોલ' યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાનો હેતુ મહાનગરપાલિકાઓમાં સ્વદેશી ઉત્પાદનોના વેચાણ માટે કાયમી અને આધુનિક બજાર વ્યવસ્થા ઊભી કરવાનો છે જેથી શહેરીજનો સ્વદેશી ઉત્પાદનો ખરીદવા પ્રોત્સાહિત થાય. શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યની ૧૬ મહાનગરપાલિકામાં પ્લાસ્ટિક ફ્રી 'સ્વદેશી ફેસ્ટિવલ' અંતર્ગત સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક કારીગરો, સ્વ-સહાય જૂથોની બહેનો, શેરી ફેરિયાઓ અને નાના વેપારીઓને પોતાના ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ કરવાની તક મળી હતી. હવે સ્વદેશી ઉત્પાદનોને વ્યાપક અને કાયમી બજાર ઉપલબ્ધ થાય તે માટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કાયમી 'નમો સ્વદેશી અર્બન મોલ' શરૂ કરવામાં આવશે. આ મોલ સ્થાનિક કારીગરો, મહિલા સ્વ-સહાય જૂથો, શેરી ફેરિયાઓ અને નાના ઉદ્યોગકારોને પોતાના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરવા માટે એક સુવ્યવસ્થિત અને આધુનિક પ્લેટફોર્મ પૂરું પાડશે, તેમ જણાવ્યું હતું.

# દિયોદર હાઈવે પરથી ૭૭૭ યુરિયા બૅગ સાથે પોલીસે એકની ધરપકડ કરી

અમદાવાદઃ વાવ થરાદ જિલ્લાના દિયોદર હાઈવે પરથી શંકાસ્પદ ખાતર ભરેલી ટ્રક ઝડપાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. દિયોદર હાઈવે વિસ્તારમાંથી એસઓજી પોલીસે શંકાસ્પદ ખાતરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. વાવ-થરાદ જિલ્લા એસઓજી પોલીસ દ્વારા બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસને જે બાતમી મળી હતી તે પ્રમાણે સબસિડીવાળું નીમ કોટેડ યુરિયા ખાતર ટ્રકમાં જઈ રહ્યું હતું. પોલીસે ટ્રકને રોકીને જ્યારે પૂછપરછ કરી ત્યારે ટ્રક ડ્રાઈવરે પોતાનું નામ અબ્દુલ ખાન જણાવ્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપી રાજસ્થાનના જેસલમેર જિલ્લાના રાવડી ગામનો રહેવાસી હતો. આરોપીએ યુરિયાનો જથ્થો જેતડા-દિયોદર રોડ પર રાંટીલા ગામની સીમમાં આવેલા નાયરા પેટ્રોલ પંપની બાજુમાં આવેલા બજરંગ કોર્પોરેશન નામના ગોડાઉનમાંથી ભરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે જ્યારે તપાસ કરી ત્યારે ટ્રકમાંથી કુલ ૭૭૭ યુરિયા બેગ મળી આવી હતી. આ યુરિયા ખાતરની કિંમત આશરે ૧૩,૯૮,૬૦૦ રૂપિયા હોવાનું અનુમાન છે.

# કિંજલ દવે બાદ હવે કિંજલ રબારીના લગ્નનો વિવાદ, સિંગરનો વીડિયો વાયરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વધુ એક સિંગરના આંતરજ્ઞાતિય લગ્નનો વિવાદ જાગ્યો હતો. રાધનપુરની લોકગાયિકા કિંજલ રબારીએ અન્ય સમાજના યુવક સાથે લગ્ન કર્યા બાદ સોશ્ય મીડિયા પર વીડિયો પોસ્ટ કરી તેની અને તેના પતિની સુરક્ષાને લઈ ચિંતા વ્યક્ત કરી હતી. [

કંજલ રબારીએ જાનનું જોખમ હોવાનું કહીને પોલીસ પ્રોટેક્શનની માગ કરી હતી. રાધનપુરના સીનાડ ગામની રહેવાસી સિંગર કિંજલ રબારીએ તાજેતરમાં આંજણા પટેલ જ્ઞાતિના યુવક અશોક ચૌધરી સાથે લગ્ન કર્યા હતા. ત્યારબાદ બાદ તેણે સોશ્યલ મીડિયા દ્વારા સ્પષ્ટતા કરી હતી કે, મેં મારા પરિવારને મનાવવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા, પરંતુ સફળતા ન મળતા આખરે લગ્નનો નિર્ણય લીધો છે.

સોશ્યલ મીડિયામાં મારા પતિ સામે ખરાબ ટિપ્પણી કરવામાં આવી રહી છે. મારા લગ્નને લઈને કોઈએ ખોટી અફવાઓ ફેલાવવી નહીં.

પોલીસ સુરક્ષાની માગ કરતા કિંજલ રબારીએ કહ્યું હતું કે અમારા લગ્ન બાદ મારું અને મારા પતિનું જીવન જોખમમાં હોવાનું લાગી રહ્યું છે. જેથી અમે વકીલ મારફતે પોલીસ પ્રોટેક્શનની માગ કરી છે. મને કે મારા પતિને કે લાગતા વળગતાને કોઈ નુકસાન થયું તો જવાબદાર મારા પરિવારજનો હશે.

રાધનપુરના સિનાડ ગામની કિંજલ રબારી લોકસંગીતમાં જાણીતું નામ છે. ધો ૧ થી ૮ સુધી ગામની શાળામાં અભ્યાસ કરનારી કિંજલને તેના મોટાભાઈ તથા શાળાના શિક્ષકોએ ગાવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. સ્કૂલમાં માઈક પર ગાવાના અનુભવથી ધીમે ધીમે તે પ્રોગ્રામ કરતી થઈ હતી. આજે તેની ગણના ગુજરાતના જાણીતા કલાકારો પૈકીનાં એકમાં થાય છે. તેના યુટ્યુબ પર ૩૦થી વધુ આલ્બમ છે. માત્ર ગુજરાત જ નહીં રાજસ્થાનમાં પણ તેણે કાર્યક્રમો આપ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ સિંગર કિંજલ દવે અને આરતી સાંગાણી મામલે પણ આવો જ વિવાદ થયો હતો.

# ૧૫ વર્ષ પછી પિતાની હત્યા કરી ફરાર થયેલા પુત્રની સુરત ક્રાઈમ બ્રાન્ચે કરી ધરપકડ

અમદાવાદઃ ગુજરાતના સુરતમાં ક્રાઈમ બ્રાન્ચે એક મોટી કાર્યવાહી કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે ૧૫ વર્ષ જૂના એક હત્યાના કેસને ઉકેલ્યો હતો. વર્ષ ૨૦૧૧માં રાંદેર વિસ્તારમાં પિતાની હત્યા કરી માતાને મારવાનો પ્રયાસ કરનારા આરોપી મોહમ્મદ ઇમરાન ઉર્ફે ગુડ્ડુને પોલીસે બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના એરાઈ રામપુર ગામમાંથી પકડી પાડ્યો હતો. સુરતમાં ક્રાઈમ બ્રાન્ચને મળેલી આ મોટી સફળતા છે. રમઝાનના પવિત્ર મહિનામાં ઘરની યાદ આવતાં મુંબઈથી પોતાના ગામમાં આવવું આરોપીને ભારે પડ્યું હતું. વર્ષ ૨૦૧૧માં, મોહમ્મદ અતાઉલ રહેમાન શેખ તેમના પરિવાર સાથે રાંદેરના ભરુચી ભાગલ વિસ્તારમાં રહેતા હતા. તેમનો પુત્ર ઇમરાન બેરોજગાર હતો. જેથી પિતા તેને વારંવાર ઠપકો આપતા હતા. એક દિવસ વહેલી સવારે આ બાબતે ઝઘડો થયો અને પિતાએ પુત્રને ઘર છોડીને જવા માટે કહ્યું હતું. પિતાએ ઘર છોડીને જતા રહેવા માટે કહેતા પુત્ર ભાન ભૂલ્યો અને પિતા પર હુમલો કરી દીધો હતો. લોખંડના તવા વડે પિતા પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાના કારણે પિતાનું મોત થયું જ્યારે આરોપીની માતા બચી ગયાં હતાં. આરોપી ફરાર થઈને પહેલા કોલકાતા ગયો અને પછી ગુજરાન ચલાવવા માટે તેણે મુંબઈની ધારાવીમાં છુપાઈને મજૂરીકામ શરૂ કર્યું હતું. કોર્ટે પહેલેથી જ કલમ ૭૦ હેઠળ વોરંટ જારી કર્યો હતો.

## નાંદેડને ૪૨૫૦ કરોડ રૂપિયાનો હેલિકોપ્ટર ઉત્પાદન પ્લાન્ટ મળશેઃ અશોક ચવ્હાણ

નાંદેડઃ મહારાષ્ટ્રના મરાઠવાડાના નાંદેડમાં ૪૨૫૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે હેલિકોપ્ટર ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવામાં આવશે, જેનાથી લગભગ ૧,૮૦૦ થી ૨,૦૦૦ પ્રત્યક્ષ રોજગાર અને અનેક પરોક્ષ રોજગારનું સર્જન થવાની ધારણા છે, એમ ભાજપના રાજ્યસભાના સાંસદ અશોક ચવ્હાણે ગુરુવારે જણાવ્યું હતું.

આ પ્લાન્ટ, જેમાં ઉત્પાદન, એસેમ્બલી અને સ્પેરપાર્ટ્સ સુવિધાઓનો સમાવેશ થશે, તે રાજ્ય સરકાર અને રેટાવિયા પ્રાઇવેટ લિમિટેડ વચ્ચેના કરાર હેઠળ આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

'આ પ્રોજેક્ટ હેલિકોપ્ટર માટે એન્જિનિયરિંગ સેવાઓ તેમજ જાળવણી અને સમારકામ સુવિધાઓ પણ પૂરી પાડશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં આ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રમોટ કરાયેલ 'મેક ઇન ઇન્ડિયા' અને વિકાસ ભારતની રાષ્ટ્રીય પહેલમાં ફાળો આપશે,' એમ ચવ્હાણે જણાવ્યું હતું.

## પાલિકાનો અજબ કારભારઃ ભર ઉનાળામાં પરીક્ષા સમયે પાલિકાની સ્કૂલના વિદ્યાર્થીઓની પિકનિક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શૈક્ષણિક વર્ષ પૂરું થયું ત્યારે મુંબઈ મહાનગરપાલિકાના શિક્ષણ વિભાગને વિદ્યાર્થીઓની પિકનિકની યાદ આવી છે. પિકનિક માટે કરેલી આર્થિક જોગવાઈ વેડફાઈ જાય નહીં તે માટે શિક્ષણ વિભાગે ઉતાવળે પ્રસ્તાવ તૈયાર કરીને સ્થાયી સમિતિને મંજૂરી માટે મોકલ્યો છે. આર્થિક વર્ષ પૂરું થવાનું છે ત્યારે હવે ચોથા અને સાતમા ધોરણના વિદ્યાર્થીઓને નવથી ૨૭ માર્ચના સમયગાળામાં પિકનિક માટે મોકલવાની શિક્ષણ વિભાગને ઉતાવળ થઈ ગઈ છે. એક તરફ પરીક્ષાનો સમય નજીક અને બીજી તરફ ભર ઉનાળા વચ્ચે વિદ્યાર્થીઓને પિકનિક માટે મોકલવા માટે શિક્ષણ વિભાગ ચાર કરોડથી પણ વધુ રકમનો ખર્ચ કરવાની છે.

સામાન્ય રીતે દરેક સ્કૂલમાં ડિસેમ્બરથી જાન્યુઆરી વચ્ચે પિકનિકનું આયોજન કરવામાં આવતું હોય છે. મુંબઈ મહાનગરપાલિકાના શિક્ષણ વિભાગને જોકે હવે પરીક્ષા સમયે તે પણ આકરો ઉનાળો ચાલી રહ્યો છે ત્યારે પિકનિકનું આયોજન કરવાનું યાદ આવ્યું છે. આ વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પાલિકાની ચૂંટણીને લગતા કામને કારણે પિકનિક કરવાનું રહી ગયું હતું, તેથી શિક્ષણ વિભાગે ઉતાવળે પિકનિકનો પ્રસ્તાવ સ્થાયી સમિતિ સમક્ષ રાખ્યો હતો પણ તેના પર કોઈ નિર્ણય નહીં લઈને પ્રસ્તાવને આગામી બેઠક માટે રાખી મુકવામાં આવ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકાની સ્કૂલમાં ચોથા ધોરણના ૩૬,૭૨૦ વિદ્યાર્થી અને સાતમાના ૨૯,૦૬૪ વિદ્યાર્થી માટે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું છે. ચોથા ધોરણના વિદ્યાર્થીઓને ભાયખલાના જિજામાતા ઉદ્યાન તો સાતમા ધોરણના વિદ્યાર્થીઓને સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં લઈ જવામાં આવવાના છે. ચોથાના પ્રતિ વિદ્યાર્થી પાછળ ૬૩૦ રૂપિયા તો સાતમાના પ્રતિ વિદ્યાર્થી પાછળ ૭૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ પિકનિક માટે શિક્ષણ વિભાગને ચાર કરોડ ૩૪ લાખ રૂપિયાનો ખર્ચ થવાનો છે.

## દેશની સૌથી ઊંચી ફાયર લેડર મુંબઈની બહુમાળીય ઈમારતની આગ બુઝાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં વધતી ઊંચી બિલ્ડિંગની સંખ્યાને ધ્યાનમાં રાખીને ફાયર સેફ્ટી સિસ્ટમ વધુ સક્ષમ કરવા માટે આવશ્યક ઉપાયયોજના કરવામાં આવવાની છે, જે અંતર્ગત દેશની સૌથી ઊંચી હાઈડ્રોલિક લેડર (સીડી) મુંબઈ માટે લેવામાં આવવાની હોવાની માહિતી રાજ્યના પ્રધાન ઉદય સામંતે વિધાનપરિષદમાં માહિતી આપી હતી.

વિધાનપરિષદમાં ઉદય સામંતે જણાવ્યું હતું કે મુંબઈમાં ટૂંક સમયમાં દેશની સૌથી ઊંચી (ફાયર લેડર)સીડીઓમાંથી એક સીડી ઉપલબ્ધ થશે, જે રાજ્યની ફાયર સેફ્ટી સિસ્ટમને મજબૂત બનાવવાના સાધન તરીકે કામ કરશે. મુંબઈમાં હાલ ૯૪ મીટર ઊંચી ફાયર લેડર ઉપલબ્ધ છે, જે ઊંચી બિલ્ડિંગમાં આગ લાગે ત્યારે ઉપયોગમાં લેવામાં આવે છે.

ઉદય સામંતે વિધાનપરિષદમાં જણાવ્યું હતું કે ઊંચી ઈમારતમાં અત્યાધુનિક ફાયર સેફ્ટી સિસ્ટમ અનિવાર્ય કરવામાં આવી હોઈ તેમાં ફાયર સ્ટેરકેસ, ફાયર લિફ્ટસ સ્પ્રિંકલર સિસ્ટમ, અલાર્મ વ્યવસ્થા અને ફાયર એસ્કેપ જેવી સુવિધાનો સમાવેશ હોય છે. આ તમામ ઉપાયયોજના પૂર્ણ થયા બાદ પાલિકા અને ફાયર બ્રિગેડ તરફથી અંતિમ મંજૂરી આપવામાં આવે છે.

ઉદય સામંતે વિધાનપરિષદમાં જણાવ્યું હતું કે મુંબઈ ફાયરબ્રિગેજ પાસે હાલ ૯૪ ફૂટ ઊંચી સીડી ઉપલબ્ધ છે પણ મુંબઈ જેવા આંતરરાષ્ટ્રીય શહેર માટે વધુ ઊંચાઈ અને અત્યાધુનિક સીડીની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને પાલિકાને યોગ્ય સૂચના આપવામાં આવશે. દેશની સૌથી ઊંચી ૧૦૪ મીટરની સીડી ચેન્નઈમાં ઉપલબ્ધ હોઈ તેનાથી વધુ ઊંચી અત્યાધુનિક ટેક્નોલોજી સાથેની સીડી મુંબઈ માટે ઉપલબ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવશે એવું પણ ઉદય સામંતે કહ્યું હતું.

વિધાનપરિષદમાં મુંબઈની ગગનચૂંબી ઈમારત કે જેમાં ૧૦૦ અને ૧૨૫ માળની ઊંચાઈ ધરાવતી બિલ્ડિંગ બાંધવાની મંજૂરી આપવામાં આવી છે.

## પાણીને મુદ્દે થયેલા વિવાદમાં પડોશીએ કરી યુવકની હત્યા

થાણેઃ થાણે જિલ્લામાં નળમાંથી પાણી ભરવાને મુદ્દે થયેલા વિવાદમાં પડોશીએ માથામાં લોખંડનો સળિયો ફટકારીને ૩૪ વર્ષના યુવકની હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ડોંબિવલીના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ૧૦ માર્ચે રાતે અગિયાર વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી.

ઉમેશ વાઘે નામના યુવકનો તેના પડોશમાં રહેનારા આરોપી અક્ષય જાધવ સાથે સ્થાનિક નળમાંથી પાણી ભરવાને મુદ્દે અગાઉ વિવાદ થયો હતો.

મંગળવારે રાતે આ જ બાબતને લઇ ફરી તેમની વચ્ચે ઝઘડો થતાં રોષે ભરાયેલા જાધવે ઉમેશના માથામાં લોખંડનો સળિયો ફટકારી દીધો હતો, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા ઉમેશના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાયા બાદ વિષ્ણુનગર પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને અક્ષયની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## એક કલાકમાં ૪૪ હજાર કરોડ રૂપિયાનું રોકાણ, હજારો નોકરીઓનું સર્જન થશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાંથી એક મહત્વપૂર્ણ સમાચાર આવ્યા છે. રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગે ૮ કંપનીઓ સાથે એમઓયુ કર્યા છે. આ કરારોથી મહારાષ્ટ્રમાં લગભગ ૪૪ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થશે. એટલું જ નહીં, આ દ્વારા ૭ હજારથી વધુ નોકરીઓનું સર્જન થવાની પણ શક્યતા છે. એરોસ્પેસ, ડેટા સેન્ટર, સ્ટીલ, ગ્રીન ઇનિશિયેટિવ્સ, હાઇડ્રોજન અને નેચરલ ગેસ સ્ટોરેજ સિસ્ટમ્સ, ફાઇબર ઉત્પાદન ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતની હાજરીમાં બુધવારે વિધાનભવન ખાતે ઉદ્યોગ વિભાગ વતી આઠ કંપનીઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આ આઠ કંપનીઓના પ્રતિનિધિઓ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્ય પ્રધાન ફડણવીસ જાન્યુઆરી ૨૦૨૫ અને ૨૦૨૬માં યોજાયેલા વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં ભાગ લેવા માટે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ગયા હતા. વિશ્વભરની મોટી કંપનીઓ સાથે બેઠકો અને મહારાષ્ટ્રમાં ઉદ્યોગો સ્થાપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર અને ડેટા સેન્ટર, ઓટોમોબાઇલ, સેમિકન્ડક્ટર, ઇવી, ઇલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ, સંરક્ષણ અને એરોસ્પેસ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે ક્ષેત્રોમાં રોકાણ કરારો હવે શરૂ થયા છે. દેવેન્દ્ર ફડણવીસે આઠ કંપનીઓ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, જેના પરિણામે મહારાષ્ટ્રમાં કુલ રૂ. ૪૪,૭૧૦ કરોડનું રોકાણ થયું છે. ઉપરાંત, આ કરાર દ્વારા લગભગ ૭,૦૩૦ નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે. રાજ્ય સરકારે રોકાણકારો માટે જરૂરી મિકેનિઝમ ગોઠવી છે. ફડણવીસે આ પ્રસંગે કહ્યું કે જો વહીવટી બાબતોમાં કોઈ મુશ્કેલી પડશે તો સરકાર શક્ય તમામ મદદ પૂરી પાડશે.

## નવી મુંબઈમાં આગરી-કોળી સમુદાયની પ્રતિમાની તોડફોડ

થાણેઃ નવી મુંબઈમાં આગરી-કોળી સમુદાયની ઝાંખી કરાવતી પ્રતિમાની તોડફોડ કરવા અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવા બદલ બે સગીરને પકડી પાડવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. નવી મુંબઈના વાશી વિસ્તારમાં સેક્ટર-૧૦ ખાતે આ ઘટના બની હતી, જ્યાં આગરી-કોળી સમુદાય (ખેડૂતો અને માછીમારો)ની ઝાંખી કરાવતી પ્રતિમા નવી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી.

છઠ્ઠા પાનાનું ચાલુ

### વિધાનભવન

વિધાનભવનના સત્તાવાર ઇમેઇલ અકાઉન્ટ પર ગુરુવારે સવારના ૬.૫૭ વાગ્યે ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં બજેટ સત્ર દરમિયાન મિસાઇલ અને બૉમ્બ હુમલાની ચેતવણી આપવામાં આવી હતી. ઇમેઇલમાં વિધાન ભવન ઉપરાંત બોમ્બે હાઇ કોર્ટ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ, મુંબઈ મેટ્રો તેમ જ એક બૅંકમાં સંભવિત 'મિસાઇલ અને બૉમ્બ હુમલા'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, એમ વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ જણાવ્યું હતું.

ધમકીભર્યો ઇમેઇલ મળ્યા બાદ તેની જાણ તાત્કાલિક પોલીસને કરવામાં આવી હતી. આથી પોલીસ અધિકારીઓ તથા અન્ય સુરક્ષા એજન્સીઓ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કર્યા બાદ સર્ચ ઑપરેશન હાથ ધરાયું હતું. સુરક્ષાનાં કારણોસર વિધાન ભવનના કર્મચારીઓ તથા અન્ય લોકોને ઇમારતમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા અને ઇમારતની અંદર તથા બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી. વિધાનભવન સંકુલ ખાલી કરાવાયા બાદ સઘન તપાસ કરવામાં આવી હતી, પરંતુ કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવૉડે ત્યાર બાદ પરિસરને સુરક્ષિત જાહેર કર્યું હતું. બાદમાં કર્મચારીઓના ઓળખપત્રની તપાસ તેમ જ સુરક્ષા ચકાસણી કરી તબક્કાવાર તેમને અંદર જવા દેવામાં આવ્યા હતા. રામ શિંદેએ જણાવ્યું હતું કે રાજ્ય વિધાનમંડળનું હાલ બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે ઇમેઇલમાં 'મિસાઇલ અને બૉમ્બ હુમલા'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મામલાની સંપૂર્ણ તપાસ ચાલી રહી છે. સુરક્ષાનાં કારણોસર બધી માહિતી તાત્કાલિક જાહેર કરવી યોગ્ય રહેશે નહીં. જોકે સંબંધિત એજન્સીઓ સતર્ક છે અને પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ધમકીભર્યો ઇમેઇલ ખાલિસ્તાની ચળવળ સાથે સંબંધિત હોઇ શકે છે. આ જોતાં ગૃહ વિભાગે તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવા સૂચના આપી છે. ધમકીભર્યો ઇમેઇલ મોકલનાર વ્યક્તિને ઓળખીને શોધી કાઢવા માટે તપાસ ચાલી રહી છે.

## પાણીના બિલ નહીં ચૂકવનારાના પાણીના જોડાણ કાપી નાખવાની પાલિકાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા મારફત નાગરિકોને નિયમિત સ્વરૂપે પાણીપુરવઠો કરવામાં આવતો હોઈ જેના પણ પાણીના બિલ ચૂકવવાના બાકી હોય તેમને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ભરી નાખવાની અપીલ કરવામાં આવી છે. નિર્ધારીત મુદતમાં બાકી રહેલા પાણીના બિલ નહીં ચૂકવનારાઓના પાણીના જોડાણ ખંડિત કરવાની ચેતવણી પાલિકા દ્વારા આપવામાં આવી છે.

પાલિકાના હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટ દ્વારા પાણીના બાકી રહેલા બિલની વસૂલી માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નાગરિકોને બિલ ભરવામાં સુવિધા રહે તે માટે વોર્ડ સ્તરે પાલિકાની ઓફિસમાં આવેલા નાગરી સુવિધા કેન્દ્રમાં ભરવાની સૂચના આપવામાં આવી છે. એ સિવાય પાલિકાની વેબસાઈટ પર પાણીના બિલ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.

એનઈએફટી અને ઓનલાઈન પેમેન્ટ, મોબાઈલ ઍપ જેવા ડિજિટલ માધ્યમથી પણ બિલ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. નિર્ધારીત મુદતમાં એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૬ અગાઉ તમામ બાકી રહેલા પાણીના બિલ નહીં ભર્યા તો પાણીના જોડાણ ખંડિત કરવાની કાર્યવાહી કરવાની ચેતવણી પાલિકાએ ઉચ્ચારી છે.

## ખૂબ જ ચિંતાજનકઃ ફારુક અબ્દુલ્લાની હત્યાના પ્રયાસ પર શરદ પવારનું નિવેદન

મુંબઈઃ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફારુક અબ્દુલ્લાની હત્યાના પ્રયાસને 'અત્યંત ચિંતાજનક' ગણાવ્યો હતો. વરિષ્ઠ નેતા ફારુક અબ્દુલ્લા અને નાયબ મુખ્ય પ્રધાન સુરિન્દર ચૌધરી જે લગ્ન સમારોહમાં હાજર હતા ત્યાં ગોળીબારની ઘટના ખૂબ જ ચિંતાજનક છે. સદનસીબે, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી, જે એક મોટી રાહતના સમાચાર છે, એમ શરદ પવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**લાડ વણિક**

સ્વ. વિરમતી લક્ષ્મીદાસના સુપુત્ર મહેશ લક્ષ્મીદાસ સોપારાવાલા (ઉં. વ. ૮૧) તે પ્રતિભાબહેનના પતિ. સ્વ. શોભનાબેન, રમેશભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. હરીશભાઈ, સ્વ. સતીષભાઈ, સ્વ. હર્ષાબહેન, સ્વ. સરોજબહેન, ગીતાબહેન અને માલતીબહેનના ભાઈ. ચિ. નિધિ અને ચિ. નીરજના પિતા તા. ૧૦-૩-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૩-૨૬ના શનિવારે સાંજે ૫ થી ૭. શિવમ્ એપાર્ટમેન્ટ સોસાયટી કમ્પાઉન્ડ, જે. પી. રોડ, પાથારે પ્રભુ હોલની સામે, નમન હેરિટેજ બિલ્ડિંગની બાજુમાં, અંધેરી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. માણેકબાઈ વીરજી રાયચનાના સુપુત્ર વેલજીભાઈ (ઉં. વ. ૮૫) કચ્છ ગામ મોટા ભાડિયા હાલ મુલુન્ડ તા. ૧૦-૩-૨૬ મંગળવારે શ્રીરામચરણ પામેલ છે. તે સ્વ. ઉર્મિલાબેનના પતિ. પ્રતાપભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. નિર્મલાબેન વિઠ્ઠલદાસ સોમૈયા તથા ગં. સ્વ. ભગવતીબેન ભગવાનજીભાઈ જોબનપુત્રાના ભાઈ. સ્વ. લક્ષ્મીબેન લાલજી પોપટ મસ્કાવાળાના જમાઈ. દીપાલી સુરેશભાઈ ઠક્કરના પિતા. સુરેશભાઈ દેવજીભાઈ ઠક્કરના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૨૬ને શુક્રવારે સાંજે ૫.૩૦ થી ૭. સ્થળઃ કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, પહેલે માળે, આર.આર.ટી. રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ વણિક**

ભાવનગર મુકામે, રૂક્ષ્મણીબેન ઇશ્વરલાલ ભુવા (ઉં. વ. ૮૨) તે ઈશ્વરલાલ પ્રભુદાસ ભુવાના ધર્મપત્ની. સ્વ. જગજીવનદાસ મુરલીધર કાણકિયા મહુવાવાળાના દિકરી. ભાવેશભાઈ, સ્વ. આશિષભાઈ, હિતેષભાઇ તથા કેતનાબેનના માતુશ્રી. મયુરીબેન ભાવેશભાઈ ભુવા, પિંકલબેન હિતેષભાઇ ભુવા, દિપકકુમાર જસવંતરાય શેઠના સાસુ. સ્વ. હિંમતભાઈ, સ્વ. અંતુભાઈ, સ્વ. નટુભાઈ, સ્વ. ગુલાબબેન તથા સ્વ. જસુબેનના ભાભી. તા. ૧૦/૦૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

બાબરા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. રમાબેન ઠક્કર (ઉં. વ. ૯૨) તે સૂર્યકાંત નરસિંહદાસ ઠક્કર (ભૂપતાની)ના પત્ની. સ્વ. હરિલાલ કેશવલાલ ઉનડકટના પુત્રી. સ્વ. ભરત સૂર્યકાંત ઠક્કર તથા કલ્પના કિશોર ઠક્કરના માતુશ્રી. રંજનબેન ભરત ભૂપતાની, કિશોરભાઈ મોહનલાલ ઠક્કરના સાસુ. હાર્દિક તથા યશના દાદી. રિદ્ધિ તથા ધ્રુવેનના નાની. તા. ૧૧/૩/૨૦૨૬, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ મહુવા હાલ વિરાર સ્વ. હરેશ નવીનચંદ્ર પડીયા (ઉં. વ. ૬૧) તે સ્વ. ત્રિવેણીબેન તથા સ્વ. ઈન્દુબેન નવીનચંદ્ર પડીયાના સુપુત્ર. જિગ્નાબેનના પતિ. તેજસ તથા દિશાના પિતાશ્રી. આરતી અને નિતીનકુમાર શ્રોફના સસરા. ધનજી દેવચંદ સતાના ભાણેજ. દિલીપભાઈ, ચંદ્રકાંતભાઈ, કનકબેન, વર્ષાબેન, સ્વ. કલ્પનાબેન, માલતીબેન, હિરલબેનના ભાઈ તા. ૧૧-૩-૨૬ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૨૬ને શુક્રવારના રાખેલ છે. સ્થળઃ સગૂન બેન્કવેટ હોલ, ગોકુળ ટાઉનશીપ, વિરાર. સાંજના ૪ થી ૬.

**કપોળ**

કલકત્તાવાળા હાલ મુંબઈ સ્વ. શશીકાંત ઓધવજી વોરાના પત્ની મધુરીબેન (ઉં. વ. ૯૦) સોમવારને ૯મીએ શ્રીજીચરણ પામ્યા છે. તે વિનય તથા હીનાના માતુશ્રી. ગીતા તથા મુકુંદના સાસુ. હીરલના દાદી. ઉમા ને ઋષિના નાની. રાજુલાવાળા સ્વ. નાગરદાસ ભવાનીદાસ વોરાના પુત્રી. પ્રાર્થનાસભા તેમજ લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુંબઈ હાલ ભાયંદર, વર્ષાબેન (ઉં. વ. ૬૨) તે રાજેન્દ્રભાઈ ગિરધરલાલ રાયચુરાના પત્ની. સ્વ. હીરાબેન ગિરધરલાલ રાયચુરાના પુત્રવધૂ. બિજલ, રિદ્ધિના માતા. સુશીલાબેન મથુરાદાસ આચાની દીકરી. તે સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. નવીનચંદ્ર, સ્વ. લલિતભાઈ, ભરતભાઈ તથા ગીતાબેનના ભાભી. સ્વ. ઉમેશભાઈ, સ્વ. જયંતભાઈ, દિપકભાઈ તથા મનોરમાબેન, હિનાબેનના બેન તા. ૧૧-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૩-૨૬ના મીરા બેંકવેટ, સાલાસર કમર્શિયલ સેન્ટર, ગોલ્ડન નેસ્ટ સર્કલની બાજુમાં, સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની ઉપર, ભાયંદર ઈસ્ટ. ૪ થી ૬.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ટાણા નિવાસી, હાલ ભાવનગર, શરદ દિનકરરાય ભટ્ટ (ઉં. વ. ૮૪) ૧૨-૩-૨૬ના સ્વર્ગવાસી થયા છે. તે કલાબેનના પતિ. પારુલ અને ધર્મેશના પિતા. ઉક્ષ્વલ વિરલભાઈ મહેતા (મુંબઈ)ના સસરા. ગં.સ્વ. પુષ્પાબેન દ્રુપદરાય ત્રિવેદી, સ્વ. નિરંજનભાઈ, સ્વ. દેવીબેન હર્ષદરાય જોશી, યશુમતી કિશોરભાઈ પંડયાના ભાઈ. સ્વ. રમાગૌરી વિશ્વનાથ વ્યાસના જમાઈ. બેસણું શુક્રવાર, ૧૩-૩-૨૬ના સાંજે ૪.૩૦ થી ૬.૩૦. સ્નેહ દર્શન ફ્લેટ્સ, મુક્તાબેન દેરાસર પાસે, ભરતનગર, ભાવનગર.

**હલાઈ લોહાણા**

ગં.સ્વ. મંજુબેન ગીરીશ મજીઠીયા (ઉં. વ. ૭૫) તે જયાબેન નરસીદાસ મજીઠીયાના પુત્રવધુ. રાહીશના માતુશ્રી અને રચનાના સાસુ. સ્વ. હીરાબેન જેઠાલાલ નથવાણીની દીકરી. સ્વ. અશોકભાઈ, હસમુખભાઈ, સ્વ. ઉષાબેન, ગં. સ્વ. ચંદ્રિકાબેન, ગં.સ્વ. જયશ્રી તથા જશમીનાબેનના બેન. ગુરૂવાર તા. ૧૨/૦૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૪/૦૩/૨૬ના સમય ૫ થી ૭. સ્થળ : ઠક્કર ભાટિયા સેવા ફંડ, હોલ નં. ૨,શંકર ગલી કોર્નર, એસ.વી.રોડ. નમહ હોસ્પીટલની સામે, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

વાસાવડ હાલ બોરીવલી, સ્વ. દિપકભાઈ (ઉં. વ. ૬૭) તે સ્વ. શાંતાબેન મણીલાલ શ્યામજીભાઈ પડિઆના પુત્ર. રિદ્ધિ (રક્ષા) બેનના પતિ. મંગળવાર તા. ૧૦/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નિમિષ, સંદીપના પિતાશ્રી. રીમા, ખુશબૂના સસરા. સ્વ. કનૈયાલાલ, કુંદનબેન સુરેન્દ્રભાઇ મણીયા, દમિયન્તીબેન પ્રતાપરાય આશરાના નાનાભાઈ. નંદલાલ ધનજીભાઈ મામતોરાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૩/૩/૨૬ના ૫ થી ૭. સ્થળ : સોની બેન્કવેટ હોલ, શીંપોલી ક્રોસ રોડ, એસ.વી.રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

મુળગામ ચલાળા હાલ કાંદિવલી, રંજનબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. સૂર્યકાંતભાઈ ધકાણના ધર્મપત્ની. તે સ્વ. ભાનુબેન કાંતિલાલ ઝવેરીના દીકરી. ગં. સ્વ. જયાબેન ત્રિભોવનદાસ ઝવેરી, સ્વ. વિનોદભાઈ, સ્વ. હરીશભાઈ, સ્વ. નીતીષભાઈના બેન. સ્મિતાબેન, ગં.સ્વ. સંગીતાબેન જીતેન્દ્રકુમાર પંજાબી, સ્વ. રુપાબેનના માતુશ્રી. હર્ષ અને ચિરાગના નાની. તા. ૧૧/૦૩/૨૬ના બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમાં વણિક**

હાલ બોરીવલી નિવાસી, અ.સૌ. તરલાક્ષિ (ઉં. વ. ૭૩) તે નીતિનભાઈ કડકિયાના ધર્મપત્ની. સ્વ. નિરંજનાબેન તથા સ્વ. જ્યંતિલાલ મોજીલાલ કડકિયા (બનડ્રા)ના પુત્રવધૂ. મેઘનાના માતા. અનાઈશાના નાની. સ્વ. તારાબેન અને સ્વ. ગમનલાલ ચંદુલાલ પરીખના પુત્રી. મીનાક્ષીબેન, સ્નેહલતાબેન તથા રાજુભાઈના બેન. તા. ૧૦/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લુહાર - સુથાર**

ગામ સામપરવાળા હાલ વિલે-પાર્લે ઈ, સ્વ. પ્રાણજીવનભાઈ શામજીભાઈ મકવાણાના ધર્મપત્ની. ગં.સ્વ. ભાનુબેન મકવાણા (ઉં. વ. ૭૬) તે લાલજીભાઈ ખીમજીભાઇ પરમારના સુપુત્રી. ધર્મેન્દ્ર, વિક્રમ, વિરેન્દ્ર, વિશાલના મમ્મી. ઈશા અને યશવીના દાદી. સ્વ. વિજયાબેન, સ્વ. રસિકભાઈ, શારદાબેન, મહેશભાઈના બેન, તા. ૧૦-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર ૧૩-૦૩-૨૬ સાંજે ૦૫ થી ૦૭. નિવાસસ્થાને બી - ૧, મકવાણા બિલ્ડીંગ, પી.એમ. રોડ કંકુવાડી, વિલે-પાર્લે (ઈ.)

**નાથાળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ગામ સિમર/ગોરેગાંવ, મહાશંકર હરજીવન જોષી (પટેલ) (ઉં. વ. ૮૫) તે ઇન્દિરાબેનના પતિ. ચંદ્રકાંતભાઈ, વિનોદભાઈ, રાજેશભાઈ, બળવંતભાઈના ભાઈ. દિવાલીબેન હરિશંકર દામોદર ભટ્ટ (કાંધી) ના જમાઈ. તા. ૧૦/૦૩/૨૬ મંગળવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા તા. ૧૩/૦૩/૨૦૨૬ શુક્રવારના રોજ ૫ થી ૭. ડાયમોંડ, બી.એ. પી.એસ, સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર,પેટ્રોલ પંપની બાજુમાં, દહિસર ઈસ્ટ.

**કપોળ**

કરદેજવાળા હાલ કાંદિવલી ચારકોપ, ગં.સ્વ. શોભનાબેન કનૈયાલાલ મોદી (ઉં. વ. ૮૪) તા. ૧૧/૦૩/૨૬, બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કનૈયાલાલ મણેકલાલ મોદીના પત્ની. વિરલના માતા, શૈલેશ મણેકલાલ મોદીના ભાભી. સ્વ. કરસનદાસ પુરુષોત્તમ મુનીની પુત્રી. સ્વ. કિરીટભાઈ કરસંદાસ મુની, ચારુલતા મુકુંદરાય મહેતા, રાજેશ કરસંદાસ મુની, વીણા અમૃતલાલ બારોટના બહેન. સર્વ લૌકિક ક્રિયા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ગં. સ્વ. કુસુમબેન અને સ્વ. રણજીત ખેરાજ ખાંટ (ગામ કચ્છ ગુદિયારીવાળા) હાલ ઘાટકોપરના જયેષ્ઠ પુત્ર ભુપેન્દ્રભાઈ (ઉં. વ. ૭૪) બુધવાર, તા. ૧૧-૩-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ. જયશ્રીબેનના પતિ, અમી ચિરાગ ખાંટ અને હેનલ સમીરકુમાર આઈયાના પિતાશ્રી. સ્વ. લીલવતીબેન - સ્વ. લવજીભાઈ શામજીભાઈ રાચ્છ ચોથાણી ભાંડુપવાળાના જમાઈ. રેખાબેન પ્રવિણચંદ્ર ચોથાણી, મીનાબેન કીર્તિકુમાર દાવડા, ભરતભાઈ, નીતીનભાઈના મોટાભાઈ, મોહિતના નાના. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૩-૨૬ના રોજ સાંજે ૫ થી ૭. ઠે. લાયન્સ કમ્યુનિટિ હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર (ઈ). બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે તથા લૌકિક વ્ય. બંધ છે.

**ચીખલી મોઢ વણિક**

સુરેશભાઈ બાબુભાઈ શેઠ (ઉં. વ. ૮૯) તા. ૧૨-૩-૨૬ના દાદર નિવાસે શ્રીજીચરણ પામેલ છે. ઉષાબેનના પતિ. સ્વ. શાંતાબેન અને સ્વ. બાબુભાઈ પી. શેઠના સુપુત્ર. મુગ્ધા મહેશ કારખાનીસ, રચના ઉદિત માસ્તર અને સ્વ. પૂર્વી ધ્રુવ પટેલના પિતાશ્રી. સુધીર, સ્વ. ઝરણા અને મહેશના ભાઈ. શરદભાઈ શ્રોફના બનેવી. મિહીર, મનાલી, પરજ, તન્વી અને સિદ્ધિના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**રાધનપુર જૈન**

પ્રભાબેન કાંતિલાલ દોશીના પુત્ર અરવિંદભાઈના ધર્મપત્ની પારૂલબેન (ઉં. વ. ૭૦) તે અપૂર્વ, સપના, અવની, એકતાના માતુશ્રી. રિદ્ધિ, સંદિપકુમાર, દિપકકુમાર, મિહિરકુમારના સાસુ. પૂ.આ.ભ. સ્થૂલભદ્રસૂરીજી, સ્વ. એવંતીભાઈ, સ્વ. અશોકભાઈ, સ્વ. વિનોદભાઈ, દિનેશભાઈ, પ્રદ્યુમનભાઈ, સ્વ. અનુપમાબેન, નીરૂપમાબેન, તીલોત્તમાબેન, રમાબેન, ઉર્વશીબેન, સ્વ. દેવીબેન, મંજુલાબેન, પન્નાબેન તથા ભાવનાબેનના ભાભી. વિહાનના દાદી. પિયર પક્ષે સ્વ. હરેનભાઈ, મનોજભાઈ, રમીલાબેનના બેન તા. ૧૨-૩-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ મોરબી, ગં. સ્વ. ઈન્દુબેન અને સ્વ. રતિલાલ વનેચંદ દેસાઈના સુપુત્ર કમલભાઈ (ઉં. વ. ૫૨) તા. ૧૧-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હેતલબેનના પતિ. વિરાજ અને મેઘાના પિતા. નેહલના સસરા. મીનાબેન અને સ્વ. ભરતભાઈ નાનાલાલ સંઘવીના જમાઈ. સ્વ. સંજયભાઈ, હીમા રાજેન્દ્રકુમાર શાહ, જલ્પા હિતેનકુમાર દડિયાના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી, અરવિંદભાઈ રતીલાલ દોશી (ઉં. વ. ૮૪) તે સ્વ. કુસુમબેનના પતિ. દિવ્યેશના પિતા. પાર્થવીના સસરા. આદિત્ય અને લક્ષીતના દાદા. સ્વ. મહેન્દ્રભાઈ, પરિમલભાઈ, સુરેન્દ્રભાઇ, ઉર્મિલા શૈલેષભાઇ સંઘવી, ચંદ્રિકા હરેન્દ્રભાઈ દોશી, ભારતીબેન દીપકભાઈના ભાઈ. વઢવાણ નિવાસી નરોત્તમભાઈ સંઘવીના જમાઈ. તા. ૧૨/૦૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડીયા નિવાસી હાલ દહિસર, મહેન્દ્રભાઈ વનમાળીદાસ ગાઠાણી (ઉં. વ.૭૮) તા. ૧૦/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. ધિરેન, પારસ, યોગીતા, હિના જીગનેશ ગોડાના પિતાશ્રી. રમણીકભાઈ, ઉમેદભાઈ, હર્ષદભાઈ, મનહરભાઈ, પ્રભાબેન ન્યાલચંદ ભલાણી, સરલાબેન હસમુખરાય મહેતા, કમળાબેન હસમુખરાય પારેખના ભાઈ. કલ્પના સતિષ દોશી, મોનીકા આશીષ શેઠના કાકા, ઠાડચ નિવાસી હાલ દહીસર રણછોડદાસ દામોદરદાસ પાતાણીના જમાઈ. ભાવયાત્રા તા. ૧૩/૩/૨૬ના શુક્રવારે સમય ૩.૦૦ થી ૫.૦૦. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**સોરઠ ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

વંથળી નિવાસી હાલ મલાડ, રસીલાબેન જયંતીલાલ ધારશી વોરાના સુપુત્ર અરવિંદકુમાર (ઉં. વ. ૭૫) ૧૦ માર્ચ ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કિરણબેનના પતિ. ભાવેશ તથા નિકિતા મિતેશકુમાર સંઘવીના પિતાશ્રી. ભુમિકા તથા મિતેશકુમાર અરવિંદભાઈ સંઘવીના સસરા. નિલાબેન - મહેશભાઈ - મધુબેન તથા નયનાબેનના મોટાભાઈ. શ્વસુરપક્ષે સ્વ. કાંતિલાલ કરસનજી મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪ માર્ચ ૨૦૨૬, શનિવાર, ૧૦ થી ૧૨ કલાકે, સ્થળ - શ્રી કપોળ મહાજન વાડી - નીઓ બીઝનેસ સેન્ટરની સામે - રામચંદ્ર લેન એક્સટેન્શન - કાંચપાડા - મલાડ વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

રતાડીયા ગણેશના કાનજી વોરા (ઉં. વ. ૭૭) તા. ૦૫-૦૩-૨૬ના દેશમાં અવસાન પામ્યા છે. લાડબાઈ વાલજીભાઈ વોરાના પુત્ર. રવજીના ભાઈ. કપાયાના લખધીર આણંદના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રતાડીયા ગણેશ, લોહાર ફરીયો, તા. મુન્દ્રા, જિ. કચ્છ-૩૭૦૪૨૧.

નરેડીના લક્ષ્મીબેન નાગડા (ઉં. વ. ૮૪) ૧૦-૩-૨૬ ના પ્રાગપર રોડ કચ્છમાં અવસાન પામેલ છે. નરેડીના માતુશ્રી મઠાબાઈ જખુભાઈ (રતનશી) નાગડાના પુત્રવધૂ. સ્વ. ડુંગરશી રતનશીના પત્ની. ગીરીશ, સ્વ.પંકજ, ભાવના, રમેશ, રીટાના માતાજી. કોટડા રોહાના ધનબાઇ કેશવજી રવજી ગાલાના પુત્રી. કોટડા રોહાના વલ્લભજી, સુંદરજી, સ્વ.વિમળાના બેન. પ્રાર્થના : અહિંસાધામ પશુ રક્ષા કેન્દ્ર, પ્રાગપર રોડ, તા. : મુન્દ્રા, કચ્છ. તા. : ૧૩-૩-૨૬, ટા. ૩ થી ૪.૩૦ વાગ્યે.

દેવપુરના તેજશી શામજી આણંદજી ગાલા (ઉં. વ. ૮૪) તા. ૧૦-૩-૨૬ના અવસાન પામેલ છે. મીઠાબાઇ શામજીના પુત્ર. ગંગાબેનના પતિ. કીર્તી, કલ્પેશ, ફાલ્ગુની, રાજીવના પિતા. ઉમરશી, કુંવરબાઇના ભાઇ. કોટડાના વેલબાઇ રાયશી મણશીના જમાઇ. પ્રા. શ્રી મા.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (ઇ.) સ. ૩.૦૦ થી ૪.૩૦.

કારાઘોઘાના મીના જયંતીલાલ દેઢિયા (ઉં. વ. ૬૩) તા. ૨૮-૦૨-૨૬ના હોંગકોંગમાં દેહ પરીવર્તન કરેલ છે. માતુશ્રી કસ્તુરબાઈ કાનજીના પુત્રવધૂ. જયંતીલાલના પત્ની. ઉર્વીના માતા. માતુશ્રી કમળાબાઈ પ્રેમજી સંગોઈના પુત્રી. મણીલાલ, ચંપક, ભારતીના બેન, પ્રા. શ્રી સુમતીનાથ જિનાલય, નૂતન સંકુલ, પ્લોટ નં.૫-૬બી, ૫-મે માળે, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯. ટા.૩ થી ૪.૩૦.

હાલાપુરના અ.સૌ. જ્યોતિ હેમંત મારૂ (ઉં. વ. ૬૪) તા. ૧૧-૩-૨૬ના અવસાન પામેલ છે. દેવકાંબેન કુંવરજીના પુત્રવધૂ. હેમંતના પત્ની. હેરીન, ઉર્વિના માતુશ્રી. પુષ્પાબેન ખેરાજના પુત્રી. મોહન, હેમંત, કાન્તા, રીટાના બેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

નાની તુંબડીના શામજી સાવલા (ઉં. વ. ૮૯) તા. ૧૦-૩-૨૬ના નાગપુર મધ્યે અરિહંત શરણ પામ્યા છે. વેલબાઈ જીવરાજ વેલજીના સુપુત્ર. પ્રભાબેનના પતિ. ભાગ્યવંતી (ભાવિની), રશ્મી, બીના, પ્રિતી, પ્રજ્ઞા/નીશા, મનીષના પિતાશ્રી. ખીમજી, કલ્યાણજી, નાગલપુર વિમળા લાલજી, મોટા આસંબીયા તારામતી પ્રવિણચંદ્ર, લુણી ભાનુ હસમુખ, ભુજપુર સરલા શશીકાંતના ભાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. મનીષ શામજી : ૧૦૫, તુલસી એપાર્ટમેન્ટ, ટેલીફોન એક્સચેંજ ચોક, નાગપુર-૪૪૦૦૦૮.

## પારસી મરણ

કેતી સાઈરસ હવેવાલા તે સાઈરસના ધન્યાની. તે મરહુમો ફ્રેની તેહમુરસ બલસારાના દીકરી. તે રૂકસીન ને માહઝરીનના માતાજી. તે હોરમઝ ને વિસ્તાસ્પના સાસુજી. તે બેહરોઝના બહેન. તે રીયાન ને ઈયાનાહના મમઈજી. (ઉં. વ. ૬૪) રે. ઠે.: બોઈલવદ ૧-૧૫૦૫, એલ. બી. એસ. માર્ગ, સીટી મોલ સામે, ઘાટકોપર (વે), મુંબઈ-૪૦૦૦૮૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૩-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે. કામાબાગ અગિયારીમાં છેજી.

અદી જમશેદજી પટેલ તે મરહુમ હોમાયના ધની. તે મરહુમો શીરીનબઈ જમશેદજી પટેલના દીકરા. તે ઝુબીનના પપા. તે મોનઝના સસરા. તે ગુલ તથા મરહુમો સુના, જર, ફિરોઝ, નરગીસના ભાઈ. તે તાનિયાના બપાવા. (ઉં. વ. ૯૦) રે. ઠે.: એ. એચ. વાડિયા બાગ, બિલ્ડિંગ ૧/૧૦ પરેલ ટેંક રોડ, કોટન એક્સચેન્જ, મુંબઈ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૩-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે. લાલબાગ અગિયારીમાં છેજી.

આલુ કૈખુશરૂ મરોલિયા (ઉં.વ. ૯૩), તા. ૧૨/૩/૨૬ના ગુજરી ગયાં છે. તે મરહૂમ કૈખુશરૂ અને મરહૂમ કુવરબાઈ મરોલિયાંના દીકરી. તે ફિરોઝ, દિન્યાર, મરહૂમ જાલૂ કેરશસ્પ કાસંદના બહેન. તે નરગીસ, મરહૂમ શહનાઝના સિસ્ટર-ઈન-લૉ. ઉઠમણું ૧૪/૦૩/૨૦૨૬એ. રે.ઠે.: એ. એચ. વાડિયા બાગ, ૪/૬, જી. ડી. આંબેકર માર્ગ, મું. ૩૩.

---

દેવપુર હાલે જબલપુરના માતુશ્રી કુંવરબેન ભાણજી ગાલા (ઉ.૯૮) તા. ૧૦-૩-૨૬ના અવસાન પામેલ છે. દેવકાંબેન શામજીના પુત્રવધૂ. સ્વ. શ્રી ભાણજીના પત્ની. વિજય, મધુસુદન, હરીશ, પ્રતિભા, કુસુમ, નિરૂપાના માતુશ્રી. દેવપુરના વેજબાઈ શામજીના પુત્રી. નાગજી, લીલાધર, ભચીબેન, રાણબાઈ, ખેતબાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : વિજય ગાલા, ૩૦૬, અર્હમ બંગલો, નેપિયર ટાઉન, જબલપુર, મધ્ય પ્રદેશ - ૪૮૨૦૦૧.

ગેલડાના ખીમજી દેવજી માલશી લાપસીયા (ઉં. વ. ૮૩) તા. ૧૧-૩-૨૬ ના અવસાન પામેલ છે. માતુશ્રી મુરીબાઈ દેવજી માલશીના સુપુત્ર. વિમળાબેનના પતિ. કમલ, નેહાના પિતાશ્રી. શામજી, ધનજી, માવજી, ભાણજી, ગેલડાના મણીબેન ઉમરશી, બિદડાના નાનબાઇ પાસુ, કારાઘોઘાના લક્ષ્મીબેન કુંવરજી, ભુજપુરના કેશરબેન કુરપાર, રામાણીયાના પાનબાઈ વશનજીના ભાઈ. નવાવાસના માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી ઘેલાભાઇના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વંશ શાહ, ૪૦૧, મેડલીન સોસાયટી, ૧૦ મો રોડ, ઉત્તમ સોસાયટીની બાજુમાં, ચેમ્બુર, મુંબઇ.

સમાઘોઘાના રમેશ વિશનજી વોરા (ઉં. વ. ૭૩) ૧૦-૩-૨૬ના પુનામાં અરિહંત શરણ પામ્યા છે. સ્વ. અમૃતબેન વિશનજી વોરાના સુપુત્ર. જ્યોતિબેનના પતિ. રૂચી, હાર્દિકના પિતાશ્રી. સ્વ. દિનેશ, ભુજપુર ભારતી નવિન દેઢીયા, મો. ખાખર ગં.સ્વ. સુનંદા કિશોર ગાલા, વાંકી દિમી કિરણ સાવલાના ભાઇ. નાગલપુર સ્વ. મણીબેન ખુશાલચંદ ગંગરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમેશ વિશનજી, ડી-૮૦૩, નીકો સ્કાય પાર્ક, વિશાલનગર, પીંપલે નિલખ, પુના-૪૧૧૦૦૨.

રાયણના જયંતીલાલ પ્રેમજી વોરા (ઉં. વ. ૯૦) તા. ૧૦-૩-૨૬ના અવસાન પામેલ છે. રાયણ સુંદરબાઈ પ્રેમજીના પુત્ર. સુશીલાબેનના પતિ. છાયા વૈશાલી જીજ્ઞાના પિતા. રાયણ હરખચંદના ભાઈ. રાયણ સાકર દામજી, બાડા વિમળા મુરજી, તલવાણા ચંચળ નેમચંદ, કોડાય ઝવેર જગદીશના ભાઈ/સાળા. કોડાયના કેશરબેન કેશવજીના જમાઈ પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ શાહ, ૧૦ શાલીની -એ, જવાહર ચોક ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

નાના રતડીયાના અ.સૌ. ઉર્મિલા (મીના) ધનજી ગાલા (ઉં. વ. ૬૮) તા. ૧૧-૩-૨૦૨૬ના અવસાન પામેલ છે. રાણબાઇ પ્રેમજીના પુત્રવધુ. ધનજીના પત્ની. પુનિતા, મીતલ, ડૉ. હેતલના માતુશ્રી. બગસરાના લીલાવંતી પ્રાણલાલ બજરીઆના સુપુત્રી. કિરીટ, જીતેન્દ્ર, લલીત, તરૂણ, અનિલ, હંસાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધનજી પ્રેમજી ગાલા, બી-૨, ૧૨૦૬, કચ્છી સર્વોદય નગર, પી.એલ. લોખંડે માર્ગ, ચેમ્બુર (વે), મુંબઈ-૪૩.


ડુમરા હાલે અલિબાગના વિજયાબેન ખીમજી ગડા (ઉં. વ. ૮૨) ૧૦-૩ના અવસાન પામેલ છે. દેવકાબેન પ્રેમજીના પુત્રવધુ. ખીમજીના પત્ની. કાન્તી, મનીષાના માતુશ્રી. સુંદરબેન હિરજીના સુપુત્રી. વીંઢ દેવરાજ (જખુબાપા) મુરજીના દોહીત્રી. જયંતી, દિનેશ, તારા, ભાનુના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વર્ષા કાન્તીલાલ જૈન, ૩૦૩ મધુર રેસીડેન્સી, એ વીંગ, અલિબાગ-૪૦૨૨૦૧.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટી વાવડી (પાલીતાણા) હાલ માટુંગા, સ્વ. અભેચંદ લાલચંદ દોશીના સુપુત્ર પ્રભુદાસભાઈ (ઉં. વ. ૯૨), તા. ૧૧-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. હિતેશભાઈ, ચેતનભાઈ, ભાવનાબેન-પંકજકુમાર શાહ તથા વિભાબેન નિમેષભાઈ દોશીના પિતાશ્રી. આરતીબેન, રશ્મિબેનના સસરા. વિરાજ, માનસી, ભવ્યના દાદાજી. સ્વ. છોટુભાઈ, સ્વ. પ્રભાબેન, કાંતિભાઈ તથા જયાબેનના ભાઈ. પાલીતાણાવાળા સ્વ. મણિલાલ પોપટલાલ વોરાના જમાઈ. શનિવાર, તા. ૧૪-૩-૨૬ના પ્રાર્થનાસભા રાખેલ છે. ઠે. શ્રી સુમતિનાથ જીનાલય, નુતન ઉપાશ્રય, પાંચમે માળે, ગુજરાતી ક્લબની બાજુમાં, માટુંગા (સે.).

**ઝાલાવાડી દશા. શ્વે. મૂ. પૂ. જૈન**

ચોટીલા નિવાસી હાલ કાંદિવલી સ્વ. જયેન્દ્રભાઈ શાંતીલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. મીનાક્ષીબેન (ઉં. વ. ૭૩), તે સ્વ. ધવલ - ચિંતનના માતુશ્રી. ગં.સ્વ. ક્રિના, અ.સૌ. મેઘનાના સાસુ. અ.સૌ. જ્યોતિબેન દિલિપભાઈ શાહ, અ.સૌ. જાગૃતિબેન રાજેશભાઈ શાહ, પદમીબેન મહેશભાઈ કામદાર, સ્મિતાબેન મહેન્દ્રભાઈ શાહના ભાભી. લીંબડી નિવાસી સુરેન્દ્રભાઈ હિંમતલાલ શાહ, મનીષભાઈ હિંમતલાલ શાહ, જયશ્રીબેન, હર્ષાબેનના બહેન. પહલ - માહી - વિહાનના દાદી તા. ૧૧-૩-૨૬ના અરિહંત શરણ થયેલ છે. લૌકિક વ્ય. બંધ છે. ઠે. ચિંતનભાઈ જયેન્દ્રભાઈ શાહ, બી-૪૦૩, નીરવ સોસાયટી, ૯૦ ફીટ રોડ, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી (ઈ.).




# મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ

તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦

Supported by: adani





શ્રીમદ્ ભાગવતના
દરેક હૃદયસ્થ કથાકાર

## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા

સનાતન નગરી: સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]

SKYLINE INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

મુંબઈ શહેરમાં જીવતી-
જાગતી માતૃભાષાઓનું
રક્ષણ અને સંવર્ધન



gandhar Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર
‘મુંબઈ સમાચાર’ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

**સવારે: ૯.૩૦થી ૧૨.૩૦ ભાગવત કથા**
**સાંજે: ૬.૩૦થી ૧૦.૦૦ માતૃભાષા મહોત્સવ**
**પ્રસાદ: બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી.**

▸ શ્રી પોથીજી ▸ ઝાંખી
▸ ઉત્સવ ▸ સેવા ▸ મનોરથ
★★★★★
દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન
★★★★★
**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્ક:
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

**આયોજક**

## મુંબઈ સમાચાર
પ્રેરિત
## માતૃભાષા પ્રતિષ્ઠાન
★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ
★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જગદીશ ઓઝા
★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી સંતોષ સિંહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા
★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ)
★ શ્રી મુકેશ પટેલ
★ શ્રી જસ્મીન શાહ
★ શ્રી નિરવ મહેતા
★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)
★ શ્રી રાજુ સાવલા
★ શ્રી જિતેન્દ્ર મહેતા
★ શ્રી જિજ્ઞેશ હિરાણી

સ્ટોલ ઉપરાંત આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની વોલિન્ટરી સેવા આપવા તેમજ અન્ય માહિતી માટે સંપર્ક: ૮૬૯૩૮૦૩૮૩૮, ૯૮૨૧૧૧૮૭૨૩

વિશેષ આભાર: ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · hitech events & exhibition · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · Showglitz Events & Entertainment Private Limited · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# વિરાર પાસે વધુ એક જૈન સાધુ અકસ્માતનો ભોગ

## જૈનાચાર્ય રાજરત્નસૂરિશ્વરજીના પ્રશિષ્ય નમ્રરત્ન વિજયજી મ.સા.ને વિહાર વખતે ટ્રક સાથે ટકરાયેલી કારે અડફેટમાં લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જૈનાચાર્ય રાજરત્નસૂરિશ્વરજી મહારાજ સાથે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરથી વિહાર કરતા વસઈ આવી રહેલા યુવામુનિ અકસ્માતમાં કાળધર્મ પામ્યા હતા. વિરાર નજીક પુરપાટ વેગે આવેલી કાર ટ્રક સાથે ટકારાયા પછી મહારાજના પ્રશિષ્ય નમ્રરત્ન વિજયજી મહારાજ પર ધસી ગઈ હતી. ઘટનાને પગલે વિહાર કરતા સાધુ-સાધ્વી અને તેમના અનુયાયીઓની સુરક્ષાનો પ્રશ્ન ફરી ઊભો થયો હતો.

વિરાર પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર સુંદર કોકાટેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ઘટના ગુરુવારની વહેલી સવારે ૫.૧૫ વાગ્યાની આસપાસ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ભાલીવલી ગામની હદમાં બની હતી. અકસ્માતમાં ૨૧ વર્ષના મુનિ નમ્રરત્ન વિજયજી મહારાજનું નિધન થયું હતું. આ પ્રકરણે વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.





મળતી માહિતી અનુસાર જૈનાચાર્ય રાજરત્નસુરિશ્વરજી મહારાજ સાથે પગપાળા વિહાર કરીને શિષ્ય અને અનુયાયી મહાવીરધામ તરફ જઈ રહ્યા હતા. વહેલી સવારે બનેલી ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા યુવામુનિને વિરારની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે તેમનું નિધન થયું હોવાનું જાહેર કર્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે ગુજરાત તરફની લેન પર એક ટ્રક ખોટકાઈ ગઈ હતી. ટ્રક પહેલી લેનમાં ઊભી રાખી ડ્રાઈવરે રિફ્લેક્ટર ચાલુ કર્યાં નહોતાં. કહેવાય છે કે વાહનધારકોનું ધ્યાન જાય તે માટે ટ્રકની પાછળ રસ્તા પર મોટા પથ્થર મૂક્યા હતા, જે હોન્ડા સિટી કારના ડ્રાઈવરને નજરે પડ્યા નહોતા. પુરપાટ દોડતી કાર ટ્રક સાથે ટકરાયા પછી સામેથી ચાલતા આવતા મુનિ તરફ ધસી ગઈ હતી. નમ્રરત્ન વિજયજી મહારાજને અડફેટે લઈને કાર રસ્તાને કિનારે ઊભી રહી ગઈ હતી. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. પોલીસે બન્ને વાહન ટ્રક અને કારને પોતાના તાબામાં લીધાં હતાં. પ્રથમદર્શી બન્ને વાહનના ડ્રાઈવરોની ભૂલ હોવાથી તેમની વિરુદ્ધ ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ■

# ડેવલપમેન્ટ ચાર્જ અને શૈક્ષણિક ફી અગાઉથી વસૂલવામાં આવશે તો કોલેજો સામે કાર્યવાહી કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તબીબી શિક્ષણ ખાતાના પ્રધાન હસન મુશ્રીફે વિધાનસભામાં એવી જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર ટૂંક સમયમાં કોલેજોને શિષ્યવૃત્તિ ધારકો અને અનામત શ્રેણીના વિદ્યાર્થીઓ પાસેથી ડેવલપમેન્ટ ચાર્જ અને શૈક્ષણિક ફી અગાઉથી વસૂલવાથી રોકવા માટે સરકારી નિર્ણય જારી કરશે. પ્રશ્નકાળ દરમિયાન, વિધાનસભ્ય યોગેશ સાગરે રાજ્યમાં સરકારી અને માન્ય તબીબી રીતે પછાત વર્ગો અને આર્થિક રીતે પછાત વર્ગોની છોકરીઓને શિક્ષણ અને પરીક્ષા ફીની ભરપાઈ અંગે પ્રશ્ન પૂછ્યો હતો.

મિનિસ્ટર હસન મુશ્રીફે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ પાસેથી બિનજરૂરી ડેવલપમેન્ટ ચાર્જ વસૂલવામાં ન આવે તે સુનિશ્ચિત કરવાના આદેશ જારી કરવા અંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ખાતાના પ્રધાન સાથે ચર્ચા કરવામાં આવશે.

કેટલીક કોલેજો ફી ભરપાઈ થશે કે નહીં તે શંકાના આધારે વિદ્યાર્થીઓ પાસેથી પૈસા લે છે. જો કોલેજો ફી ભરપાઈના નામે વિદ્યાર્થીઓને અવરોધે છે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

છેલ્લા બે વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો, રાજ્ય સરકારે ૧૦૦ ટકા ફી ભરપાઈ કરી છે. નાણા વિભાગ પણ શૈક્ષણિક બાબતો માટે નિર્ધારિત સમયમાં ભંડોળ પૂરું પાડવાનો આગ્રહ રાખી રહ્યો છે. ■

# વિધાનભવન, હાઈ કોર્ટ, બીએસઈ સહિત અન્ય સ્થળોએ 'મિસાઈલ અને બૉમ્બ હુમલા'ની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં રાજ્ય વિધાનમંડળનું બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિધાન ભવન સહિત અન્ય મુખ્ય સ્થળોએ 'મિસાઇલ અને બૉમ્બ હુમલા' કરવાની ધમકી આપતો ઇ-મેઇલ મળતાં ખળભળાટ મચી ગયો હતો અને બંને ગૃહની કાર્યવાહી ખોરવાઇ ગઇ હતી. સુરક્ષા એજન્સીઓએ વિધાન ભવન સંકુલમાં સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. જોકે ત્યાં કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં ધમકી અફવા સાબિત થઇ હતી. આ પ્રકરણે વિધાન ભવનના સિક્યોરિટી ઑફિસરે મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

(જુઓ પાનું ૪) ▶▶

### ઈમેઈલમાં સ્થળ અને હુમલાનો સમય અપાયો હતો

મુંબઈ: ઇમેઇલમાં માત્ર ધમકી જ નહીં, પણ મુંબઈમાં કયા સ્થળે કેટલા વાગ્યે બ્લાસ્ટ થશે, તેની વિગતો આપવામાં આવી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં બપોરે ૧૨.૧૧ વાગ્યે, બૅંકમાં બપોરે ૧.૧૧ વાગ્યે, કોર્ટમાં બપોરે ૨.૧૧ વાગ્યે, વિધાન ભવનમાં બપોરે ૨.૧૧ વાગ્યે અને મુંબઈ મેટ્રોમાં રાતે ૯.૧૧ વાગ્યે મિસાઇલ અને બૉમ્બ હુમલાની ધમકી આપવામાં આવી હતી. એ સિવાય ઇમેઇલમાં દેશના ટોચના નેતાઓ નિશાના પર હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું.■

# મુંબઈ-જેએનપીએ ઈ-સ્પીડ બોટ સેવા ક્યારે શરૂ થશે?

મુંબઈ: મુંબઈવાસીઓને લોકલ, મેટ્રો અને મોનો પછી વધુ એક પરિવહન સેવાનો લાભ મળશે. હાલમાં આ સંદર્ભમાં એક મોટું અપડેટ સામે આવ્યું છે. મુંબઈ અને અન્ય વિસ્તારોને જોડવા માટે હાલ ઘણા પ્રોજેક્ટ્સ અમલમાં મુકવામાં આવી રહ્યા છે અને તેમાંથી એક મુંબઈ-જેએનપીએ વચ્ચે ઇ-સ્પીડ બોટ સેવા પણ છે.

એકવાર આ ઇ-સ્પીડ સેવા શરૂ થઈ ગયા પછી જેએનપીએથી મુંબઈ સુધીની મુસાફરી વધુ ઝડપી અને આરામદાયક બનશે.

આ સેવા શરૂ કરતા પહેલા હજુ બે અઠવાડિયા બોટનું પરીક્ષણ કરવામાં આવશે, ત્યારબાદ સેવા શરૂ થશે, એમ જેએનપીએના જળ પરિવહન નિયંત્રક કેપ્ટન બાળાસાહેબ પવારે માહિતી આપી હતી. કેન્દ્રીય પ્રધાન દ્વારા ઈ-સ્પીડ બોટ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, પરંતુ ઘણા સલામતી પરીક્ષણો બાકી હોવાથી સેવા શરૂ કરવામાં આવી નથી. જોકે હવે એવું જાણવા મળ્યું છે કે આ મહિને ટ્રાયલ રન યોજાશે અને ત્યારબાદ ટૂંક સમયમાં સેવા શરૂ થશે. ઈ-સ્પીડ બોટનું પરીક્ષણ કરતી વખતે, ફક્ત સ્પીડ બોટની ગતિ જ નહીં, પણ તેની મુસાફરોની પરિવહન ક્ષમતા તેમજ ભવિષ્યમાં આવનારા ટેક્નિકલ પડકારોની પણ તપાસ કરવામાં આવશે.

મુંબઈથી ઘણા કર્મચારીઓ દરરોજ કામ માટે જેએનપીએ બંદરે જાય છે. પરંતુ હાલમાં તેમને ત્યાં પહોંચવા માટે લાકડાની હોડીનો સહારો લેવો પડે છે. જે રોજ કામ પર જતા કર્મચારીઓ માટે ખર્ચાળ સાબિત થઈ રહ્યું હતું અને સમય પણ વધુ લાગતો હતો. આ સમસ્યાના ઉકેલ માટે ઈ-સ્પીડ બોટનો વિકલ્પ વિચારવામાં આવ્યો હતો. ■

# ટ્વિન ટનલ માટે પાલિકા સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનને ૨૦ કરોડ રૂપિયા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ અંતર્ગત સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન નીચેથી સાડા પાંચ કિલોમીટર લંબાઈની ટ્વિન ટનલ તૈયાર કરવામાં આવવાની છે. આ ટનલના પ્રસ્તાવને મંજૂરી આપવા માટે મૂકવામાં આવેલી શરત મુજબ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન પ્રશાસનને પ્રોજેક્ટના કુલ ખર્ચની એક ટકા રકમ આપવી પડવાની છે. એટલે કે પાલિકા પ્રશાસનને ૨૦ કરોડ રૂપિયા તેમને ચૂકવવા પડશે. પાલિકાએ ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટનું કામ હાથમાં લીધું હોઈ આ રોડમાં ફિલ્મસિટીમાં ગોરેગામથી અમરનગર મુલુંડ દરમ્યાન આવતા સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન નીચેથી ૫.૩૦ કિલોમીટર લંબાઈની ટ્વિન ટનલ તૈયાર કરવામાં આવવાની છે. તો ફિલ્મસીટી પરિસરમાં ૧.૩૨ કિલોમીટર લંબાઈની પેટી ટનલ અને તેનો અપ્રોચ રોડનો સમાવેશ થાય છે. ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટનું કામ ૨૦૨૩થી શરૂ થયું હોઈ ઑક્ટોબર ૨૦૨૮માં કામ પૂર્ણ થવાનું અપેક્ષિત છે. ■

# સાવધાન

## ગૅસની અછતનો લાભ ઉઠાવી સાયબર ફ્રોડ કરનારા સક્રિય



**આપ કતાર મેં હૈ:** ગૅસ સિલિન્ડરની અછતને પગલે ઠેકઠેકાણે નાગરિકોની લાંબી કતારો જોવા મળી રહી છે. (અમય ખરાડે)

મુંબઈ: અખાતના દેશોમાં યુદ્ધની સ્થિતિને પગલે દેશમાં ઊભી થયેલી ગૅસની અછતનો લાભ ઉઠાવી સાયબર ફ્રોડ કરનારા સક્રિય થઈ ગયા છે. મહાનગર ગૅસનું બિલ ભર્યું ન હોવાથી કનેક્શન કાપી નાખવાનો ડર દેખાડીને ઠગ ટોળકી નાણાં પડાવતી હોવાનું સામે આવ્યું હતું. ડોમ્બિવલીની ગૃહિણીએ આ રીતના સાયબર ફ્રોડમાં ત્રણ લાખ રૂપિયા ગુમાવતાં ડોમ્બિવલીની રામનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ડોમ્બિવલીના સુનીલનગર પરિસરમાં રહેતી સ્મિતા રાણેની ફરિયાદને આધારે રામનગર પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે મહિલાના પતિને ગયા સપ્તાહે એક એસએમએસ આવ્યો હતો, જેમાં મહાનગર ગૅસનું બિલ ભરવામાં ન આવ્યું હોવાથી કનેક્શન કાપવાની ચેતવણી આપવામાં આવી હતી. મેસેજમાં એક મોબાઈલ નંબર પણ આપવામાં આવ્યો હતો. હાલમાં ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો હોવાથી ગૅસની કટોકટી ઊભી થઈ છે. સિલિન્ડર મેળવવા ઠેર ઠેર લોકો લાંબી લાઈનમાં ઊભા નજરે પડે છે. આવી પરિસ્થિતિમાં કનેક્શન કાપવાનો મેસેજ વાંચી ગૃહિણીઓ ડરી જાય એ સ્વાભાવિક છે. ફરિયાદ અનુસાર મેસેજમાં આપેલા નંબર પર મહિલાએ કૉલ કર્યો હતો અને બિલ અગાઉ જ ભરી દીધું હોવાની જાણ કરી હતી. જોકે 'અમારી સિસ્ટમમાં બિલ ભર્યાનું દેખાડતા નથી. તમારે તાત્કાલિક અપડેટ કરવું પડશે, નહીંતર કનેક્શન કાપવામાં આવશે,' એવું કૉલ રિસીવ કરનારા આરોપીએ કહ્યું હતું.

વાતચીત દરમિયાન ઑનલાઈન પ્રક્રિયાને બહાને આરોપીએ મહિલાના મોબાઈલ ફોન પર એક લિંક મોકલાવી હતી. એ લિંક પર ક્લિક કરીને મહિલાએ તેનાં ક્રેડિટ અને ડેબિટ કાર્ડની માહિતી ભરી હતી. પછી ગણતરીની મિનિટમાં ક્રેડિટ કાર્ડમાંથી બે લાખ અને ડેબિટ કાર્ડમાંથી એક લાખ રૂપિયા ટ્રાન્સફર થયાના મેસેજ મહિલાને આવ્યા હતા. નાણાં ગુમાવતાં જ પોતે છેતરાઈ હોવાની જાણ થતાં મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# સમતાનગર પુનઃવિકાસ પ્રોજેક્ટ એપ્રિલથી ફરી શરૂ થશેઃ દર ત્રણ મહિને કામની સમીક્ષા કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સમતાનગર, કાંદિવલી (પૂર્વ)માં મધ્યમ આવક જૂથ માટેના પુનઃવિકાસ પ્રોજેક્ટનું કામ પહેલી એપ્રિલ, ૨૦૨૬થી ફરી શરૂ થઈ રહ્યું છે. આ કાર્યની પ્રગતિની દર ત્રણ મહિને સમીક્ષા કરવામાં આવશે. જો આ કાર્યમાં કોઈ વિલંબ થશે તો ડેવલપર સામે કાર્યવાહી કરવામાં આવશે, એમ રાજ્યના પ્રધાન શંભુરાજ દેસાઈએ વિધાન પરિષદને જણાવ્યું હતું. સભ્ય શ્રીકાંત ભારતીયે વિધાન પરિષદમાં ઉઠાવેલા સવાલનો જવાબ આપતાં શંભુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે સમતાનગરમાં પ્રોજેક્ટ અંગે રાજ્યકક્ષાના પ્રધાનની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. આ પ્રોજેક્ટમાં ખાલી કરાયેલા ૩૧૮ ફ્લેટધારકોમાંથી ૩૧૦ લોકોનું ભાડું માર્ચ ૨૦૨૬ સુધી ચૂકવી દેવામાં આવ્યું છે અને બાકીના આઠ લોકોનું ભાડું ચૂકવવાનો આદેશ આપવામાં આવશે. ઉપરાંત, વાર્ષિક ભાડાની અગાઉથી ચુકવણીની જાણ કરવામાં આવશે. દેસાઈએ એમ પણ કહ્યું કે ભાડૂઆતોને ભાડા અંગે કોઈ ફરિયાદ ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. સત્ર પછી, આ સંદર્ભમાં ફરીથી તમામ હિતધારકોની બેઠક યોજાશે. તેમણે એમ પણ કહ્યું કે આ બેઠકમાં જનપ્રતિનિધિઓ, મ્હાડાના અધિકારીઓ, ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને ભાડૂઆતોના પ્રતિનિધિઓને પણ આમંત્રિત કરવામાં આવશે. ■

# ગૅસ સિલિન્ડરનું ગેરકાયદે વેચાણઃ પહેલો ગુનો પંઢરપુરમાં નોંધાયો

મુંબઈ: અખાતી દેશમાં યુદ્ધની સ્થિતિને કારણે એલપીજી ગૅસની અછત ઊભી થતાં ઊંચી કિંમત વસૂલીને ગેરકાયદે ગૅસ સિલિન્ડર વેચનારાઓ પર કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યના પંઢરપુરમાં રિક્ષામાં ભરીને આ રીતે ગેરકાયદે સિલિન્ડર વેચનારા વિરુદ્ધ પહેલો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પંઢરપુરના સાંગોલા નાકા ખાતે રિક્ષામાં ભરીને ગૅસ સિલિન્ડર ગેરકાયદે વેચવામાં આવતી હોવાની માહિતીને આધારે જિલ્લા પુરવઠા વિભાગની ફ્લાઈંગ સ્ક્વૉડ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન ઘરેલુ વપરાશનાં આઠ અને કમર્શિયલ પાંચ ગૅસ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ પ્રકરણે પંઢરપુર પોલીસ સ્ટેશનમાં ગણેશ બોરીકર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બોરીકરે સિલિન્ડર કઈ ગૅસે એજન્સી પાસેથી મેળવ્યાં હતાં તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# ઈન્ડક્શન સ્ટવ પણ મળવાના ફાંફાં

મુંબઈ: ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે અનેક વ્યવસાયો પણ ખરાબ અસર પડી છે તો અમુક વસ્તુઓના વેચાણમાં કડાકો પડ્યો છે. ગેસની અછતને કારણે' નાગરિકોએ રસોઈના વૈકલ્પિક માધ્યમોનો આશરો લીધો છે. તેની અસર ઓનલાઈન બજારમાં જોવા મળી રહી છે અને એમેઝોન, ફ્લિપકાર્ટ અને બ્લિંકિટ જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ઇન્ડક્શન સ્ટવનું વેચાણ ઝડપથી વધ્યું છે. એવું જોવા મળી રહ્યું છે કે ગુરુવાર સવાર સુધી ઘણી લોકપ્રિય કંપનીઓના ઇન્ડક્શન સ્ટવનો સ્ટોક આઉટ ઓફ સ્ટોક થઈ ગયો છે.

છેલ્લા બે થી ત્રણ દિવસમાં ઇન્ડક્શન સ્ટવના વેચાણમાં ૩૦૦ ટકાનો વધારો થયો હોવાનું ડેટા પરથી જાણવા મળ્યું છે. સ્થાનિક દુકાનો સહિત ઘણા લોકો ઇન્ડક્શન સ્ટવ ખરીદવા માટે ઓનલાઇન વેબસાઇટ્સ પર સર્ચ કરી રહ્યા છે.

કારણકે ગ્રાહકોને એમેઝોન, ફ્લિપકાર્ટ, ઝેપ્ટો, બ્લિંકિટ વગેરે ઓનલાઇન પ્લેટફોર્મ પર આકર્ષક ડિસ્કાઉન્ટ પર હોમ ડિલિવરી સેવાઓ મળે છે. ઓનલાઈન વેચાણની સાથે સ્થાનિક દુકાનોમાં પણ વિદ્યુત ઉપકરણો ખરીદતા ગ્રાહકોનો ધસારો જોવા મળી રહ્યો છે. અહીં પણ કેટલીક દુકાનોમાં ઇન્ડક્શન સ્ટોવ ઉપલબ્ધ નથી. જો કે લોકલ, પ્રમાણમાં અજાણી નાની કંપનીઓના ઉત્પાદનો હજુ પણ કેટલીક જગ્યાએ ઉપલબ્ધ છે. ■

# વસઈ-વિરારમાં બાકી ઓક્યુપન્સી સર્ટિફિકેટ અંગે નીતિગત નિર્ણય લેવા વિભાગીય કમિશનરોને સૂચના

મુંબઈ: વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં અત્યાર સુધી સીસી જારી કરાયેલી ઇમારતોમાંથી પૂર્ણ થયેલી ઇમારતોને ઓક્યુપન્સી સર્ટિફિકેટ આપવા અંગે સરકાર સકારાત્મક છે. આ મુદ્દે વિભાગીય કમિશનરની અધ્યક્ષતામાં તાત્કાલિક બેઠક યોજીને ઓસી જારી કરવા અંગે નીતિગત નિર્ણય લેવા સૂચનાઓ આપવામાં આવી રહી છે, એમ રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળે વિધાનસભાને માહિતી આપી હતી. સભ્ય સ્નેહા દુબેએ વિધાનસભામાં આ સંદર્ભમાં રસપ્રદ સૂચનો રજૂ કર્યા હતા. માધુરી મિસાળે જણાવ્યું હતું કે વસઈ-વિરારમાં લગભગ ૨,૩૦૦ ઇમારતોને સીસી જારી કરવામાં આવી છે અને ૧,૨૦૦ ઇમારતોને ઓક્યુપન્સી સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. મુખ્ય પ્રધાન ફડણવીસે ૧૬ જુલાઈ, ૨૦૨૫ના રોજ વસઈ-વિરારના વિકાસ કાર્યો અંગે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં, બાંધકામની પરવાનગી આપતી વખતે તમામ કાનૂની પાસાઓની કડક તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો અને ઓક્યુપન્સી સર્ટિફિકેટ આપવા માટે આ વિસ્તારમાં અભય યોજના લાગુ કરવામાં આવે અને બાંધકામ પૂર્ણતા પ્રમાણપત્ર આપવા માટે નીતિ નક્કી કરવામાં આવે. સરકાર વસઈ-વિરાર વિસ્તારમાં મુંબઈની જેમ 'અભય યોજના' લાગુ કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. જો બાકી રહેલ ઓસીની સમસ્યાનું નિરાકરણ આવશે, તો રહેવાસીઓને નિયમિત પાણી પુરવઠો અને અન્ય મ્યુનિસિપલ સુવિધાઓ મેળવવામાં સરળતા રહેશે. માધુરી મિસાળે એમ પણ કહ્યું હતું કે ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવી રહેલા ઇમારતોના સર્વે તાત્કાલિક પૂર્ણ કરવા અને રિપોર્ટ સબમિટ કરવા માટે મહાનગરપાલિકાને સૂચના આપવામાં આવી છે. ■

# રસ્તા પર માર્કિંગ માટે થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ

મુંબઈ: મુંબઈ શહેર, પૂર્વીય અને પશ્ચિમી ઉપનગરના મહત્ત્વના અને આંતરિક રસ્તાઓ પર સલામતી વધારવા માટે થર્મોપ્લાસ્ટિક પેઈન્ટનો ઉપયોગ કરાશે. આ પ્રોજેક્ટ હેઠળ જૂના અને ઘસાઈ ગયેલા રસ્તાના પરના માર્કિંગ દૂર કરવામાં આવશે અને નવા થર્મોપ્લાસ્ટિકના માર્કિંગદ્વદ્ર કરવામાં આવશે. પાલિકાએ આગામી બે વર્ષ માટે ટેન્ડરિંગ પ્રક્રિયા શરૂ કરી છે, જેનો અંદાજિત ખર્ચ ૧૫૦ કરોડ રૂપિયા છે. ■

# એર ઈન્ડિયા અને તેની પેટાકંપની પશ્ચિમ એશિયામાંથી ૫૮ ફ્લાઈટ્સનું સંચાલન કરશે

મુંબઈ: પૂર્ણ-સેવા વાહક એર ઇન્ડિયા અને તેની ઓછી કિંમતવાળી પેટાકંપની એર ઇન્ડિયા એક્સપ્રેસે જણાવ્યું છે કે તેઓ બુધવારે પશ્ચિમ એશિયા માટે અને ત્યાંથી ભારત માટે કુલ ૫૮ શેડ્યૂલ્ડ અને નોન-શેડ્યૂલ્ડ ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

યુએસ, ઇઝરાયલ અને ઈરાનને સંડોવતા પ્રદેશમાં વધતા સંઘર્ષ વચ્ચે, એરલાઇન્સ યોગ્ય રીતે સેવાઓનું સંચાલન કરી રહી છે કારણ કે ત્યાં હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધો અને બંધ છે. બંને કેરિયર્સ ૧૧ માર્ચે જેદ્દાહ અને મસ્કતથી અને ત્યાંથી તેમની સંબંધિત શેડ્યૂલ્ડ સેવાઓનું સંચાલન ચાલુ રાખશે, એમ એર ઇન્ડિયાએ મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. ■

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

# હોલિવૂડને ટક્કર આપે છે ઈરાની ફિલ્મો

**યુદ્ધમાં યુએસ સામે ઝીંક લઈ રહેલા ઈરાનનાં ચિત્રપટો અમેરિકન ફિલ્મોની હરોળમાં ઊભા રહી શકે એવી ઊંચી ગુણવત્તા ધરાવે છે**



'રોયા'માં શિક્ષિકાની વ્યથા છે



'ડ્રિમલેન્ડ' એનિમેટેડ ફિલ્મ છે

'યુદ્ધસ્ય કથા રમ્યા' અર્થાત યુદ્ધની વાર્તાઓ રસપ્રદ હોય છે એ અતિ પ્રસિદ્ધ ઉક્તિ છે. મતલબ કે યુદ્ધની વાતો સાંભળવી કે વાંચવી સારી લાગે, પરંતુ હકીકતમાં યુદ્ધ અત્યંત ભયાનક, પીડાદાયક અને વિનાશક હોય છે. આ કહેવત યુદ્ધના રોમાંચક પાસા અને તેની પાછળની કરુણ વાસ્તવિકતા વચ્ચેની ખાઈ દર્શાવે છે. ઈરાન પર થયેલા ભીષણ હુમલાની હૃદયદ્રાવક ઘટનાઓમાં એક બાતમી અનુસાર ૨૮ ફેબ્રુઆરીએ યુએસ - ઈઝરાયલ આક્રમણમાં દક્ષિણ ઈરાનની એક ગર્લ્સ સ્કૂલ પર કરવામાં આવેલા બોમ્બમારામાં ૧૭૦ જણ માર્યા ગયા હોવાનો અહેવાલ કંપારી લાવી દેનારો છે.

યોગાનુયોગ કહો કે વિધિની વક્રતા, આ મહિને ઈરાનના થિયેટરોમાં રિલીઝ થવાની હતી એ ફિલ્મનું નામ છે 'ડ્રિમલેન્ડ'. ડિસેમ્બર ૨૦૨૫માં 'અમદાવાદ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ' અને ગયા મહિને 'ઈરાનિયન ફિલ્મ ફેસ્ટિવલ'માં પ્રદર્શિત થયેલી એનિમેટેડ ફિલ્મનું કથાવસ્તુ શહેરને બચાવવા માટે આવી પડતા પડકારને પહોંચી વળવાના સંદર્ભમાં છે.

મોહસીન એનાયતી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ મુખ્યત્વે અરાત નામના બાળકની વાર્તા છે જે પોતાના શહેરને વિનાશથી બચાવવાનો મક્કમ નિર્ધાર કરે છે. અલબત્ત, આ અનોખા સાહસમાં એ એકલો નથી. એની સાથે એનો પ્રિય દોસ્ત પાશા અને એક હોશિયાર બાળકી તમારાનો સાથ - સંગાથ પણ છે અને આ બંને અરાતને એના મિશનમાં મદદ કરે છે. એક કલાક અને ૨૪ મિનિટની ફિલ્મ પૂરી થાય છે ત્યારે અરાત અને સાથીઓ શહેરને બચાવી લેવાના ઈરાદામાં સફળ થાય છે, પણ વાસ્તવિક જીવનમાં બોમ્બમારામાં મીનાબ શહેરની પ્રાઈમરી ગર્લ્સ સ્કૂલ છિન્નભિન્ન થઈ ગઈ. ઈરાનની જનતા જ્યારે પણ 'ડ્રિમલેન્ડ' જોશે ત્યારે કેવી લાગણી અનુભવશે એની કલ્પના થઈ શકે એમ નથી. કલ્પના અને હકીકતને છેટું હોય છે અને રીલ લાઈફ અને રિયલ લાઇફનો મેળ ઘણીવાર નથી ખાતો.

ઈરાની બોલપટનો પ્રારંભ થયો ૧૯૩૩માં (જુઓ ફ્લેશબેક કોલમ) પણ ઈરાની ચિત્રપટના નિર્માણમાં વેગ આવ્યો ૧૯૭૦ના દાયકામાં. ઈરાનના યુવા વર્ગને ચીલો ચાતરી બની રહેલી ફિલ્મો માટે આકર્ષણ થયું. આ આકર્ષણને પગલે 'સિનેમા - એ - આઝાદ' (મુક્ત વિચારસરણીના ચિત્રપટ) કોશિશ અસ્તિત્વમાં આવી અને અલગ જ પ્રકારના ચિત્રપટ બનવાની શરૂઆત થઈ. અસગર ફરહાદી, આબસ કિરોસ્તામી, માજીદ માજીદી, બામન કોબાતી જેવા ફિલ્મમેકરો ઈરાની ફિલ્મ ઈન્ડસ્ટ્રીને એક અલગ ઊંચાઈએ પહોંચાડી દીધી. આ અલાયદા ફિલ્મમેકરોની પરંપરા આગળ વધારનાર ૩૬ વર્ષના ઈરાની ફિલ્મમેકર અલિરેઝા ઓસેમીની ફિલ્મ 'ઈન ધ લેન્ડ ઓફ બ્રધર્સ' પણ એપ્રિલ - મેમાં રિલીઝ કરવાની ગણતરી હતી. ઈરાન - ફ્રાન્સ અને નેધરલેન્ડ્સના સહયોગથી બનેલી આ ફિલ્મમાં અમેરિકન આક્રમણના ઓછાયામાં એક અફઘાન શરણાર્થી પરિવારની કથા વણી લેવામાં આવી છે. ૨૦૨૪માં સનડાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રીમિયર થયા પછી આ ફિલ્મ કેટલાક આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલમાં એવોર્ડ મેળવી ચુકી છે.

તાજેતરની યુદ્ધજન્ય પરિસ્થિતિમાં આ ફિલ્મ ઈરાનના સિને પ્રેમીઓને ક્યારે જોવા મળશે એ સિનેમા પ્રેમીઓ સામે મોટું પ્રશ્નચિહ્ન છે.

આ સિવાય એક નામ - ખાસ તો ફિલ્મનાં દિગ્દર્શકનું નામ વિશેષ ધ્યાન ખેંચે છે. એ નામ છે ફિલ્મમેકર મેહનાઝ મોહમ્મદીનું. ૧૯૭૯ની પ્રખ્યાત ઈસ્લામિક ક્રાંતિ પછી ઈરાનમાં મહિલા ફિલ્મમેકરો આગળ આવી. ૧૯૭૯ પછીના સમાજમાં મહિલાઓના જીવનને કેન્દ્રમાં રાખી દિગ્દર્શિકાઓએ ફિલ્મો તૈયાર કરી. મેહનાઝ મોહમ્મદી એ જ ફાલનાં ફિલ્મમેકર છે. અલબત્ત, મેહનાઝ સહિત મહિલા ફિલ્મમેકરોએ સત્તધીશોને પડકારતી ફિલ્મો બનાવવા બદલ સેન્શરશિપ, ઊલટતપાસ કે પછી દેશવટો જેવી મુસીબતો - સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. મેહનાઝની પ્રથમ ફિલ્મ 'વિમેન વિધાઉટ શેડોઝ' ૨૦૦૩માં રિલીઝ થઈ હતી અને વિવિધ ફેસ્ટિવલોમાં એને એવોર્ડ પણ મળ્યા હતા. મેહનાઝ એક્ટિવિસ્ટ પણ છે અને એ માટે જેલની હવા ખાઈ ચુકી છે. ગયા મહિને જ બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં મેહનાઝની ફિલ્મ 'રોયા' પ્રીમિયર થઈ હતી. રોયા એ સામાન્યપણે ઈરાનમાં જોવા મળતું સ્ત્રીનામ છે જેના મૂળિયાં પર્શિયન ભાષામાં છે. 'મધુર સ્વપ્ન' અથવા 'દૂરદ્રષ્ટિ' એવા એના અર્થ પ્રચલિત છે. ફિલ્મમાં તેહરાનની જેલમાં બંદીવાન શિક્ષિકાની કથા અને વ્યથા માંડવામાં આવી છે. કોઈ વ્યક્તિને લાંબો સમય જેલમાં એકાંતવાસમાં રાખી એની પાસે બળજબરીથી કબૂલાત કરાવતા એની માનસિક અસર વ્યક્તિ પર કેવી પડે એ આ ફિલ્મનું હાર્દ છે. આ ફિલ્મની રિલીઝ પણ હાલમાં અટવાઈ ગઈ છે. આ ફિલ્મ ઈરાન, ચેક રિપબ્લિક, જર્મની અને લક્ઝમ્બર્ગ એમ ચાર દેશનું સહિયારું નિર્માણ છે. ઈરાનમાં રિલીઝ અટવાઈ જાય તો બીજા દેશોમાં રિલીઝ કરી શકાય એ ગણતરી હોવી જોઈએ સહિયારા નિર્માણની.

આ સિવાય ૧૪થી ૨૯ જૂન દરમિયાન ઈરાનિયન ચિત્રપટોનો 'યુસીએલએ સેલિબ્રેશન ઓફ ઈરાનિયન સિનેમા' તરીકે ઓળખાતા ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલમાં ઈરાનની જનતાના સંઘર્ષને વાચા આપતા ચિત્રપટ રજૂ થતા હોય છે. નવા નવા પ્રયોગ અને માનવીય સંવેદનાને કેન્દ્રમાં રાખી બનેલી ફિલ્મો આ ફેસ્ટિવલમાં જોવા મળતી હોવાથી એનું અનેરું આકર્ષણ સિનેમા રસિકોમાં હોય છે. શું ફેસ્ટિવલનું આયોજન સમયસર થશે?

તમે ઈરાનની ફિલ્મો જોઈ છે? એ ફિલ્મો - સિનેમા - ચિત્રપટ માત્ર મનોરંજન આપે એવી જ નહીં પણ એ કશુંક કહી જાય, શીખવી જાય, સમજાવી જાય એવી હોવી જોઈએ એવું જો તમે માનતા હો તો તમારે ઈરાનની ફિલ્મો જોવી જોઈએ. ૧૯૭૯થી ૧૯૮૯ના આયાતોલ્લા ખોમેનીના જુલ્મી શાસનકાળમાં પણ ચીલો ચાતરીને ફિલ્મો બનતી રહી હતી. અશાંત ઈરાનમાં વિશ્વ સ્તરે નોંધ લેવાઈ એવી ફિલ્મો તૈયાર કરવાનું સાહસ જોવા મળ્યું. આ બધી ફિલ્મોમાં સત્તાધારીની કુર્નિશ નહોતી બજાવવામાં આવી, ઊલ્ટાના સામા સવાલ કરવામાં આવ્યા હતા. દિગ્દર્શકોને જેલમાં જવું પડ્યું તો કોઈને દેશનિકાલની સજા થઈ, પણ સજા ભોગવ્યા પછી પણ એટલા જ ઉત્સાહથી પડકારતી ફિલ્મો એ લોકો બનાવતા રહ્યા છે. હોલિવૂડની ફિલ્મોને ટક્કર આપવાની ક્ષમતા ધરાવતી ઈરાની ફિલ્મોની એક લાક્ષણિકતા એ પણ છે કે એમાં બાળકોની દુનિયાનું સુંદર ચિત્રણ જોવા મળે છે. વિશ્વના અનેક દેશોની ફિલ્મો જોતા અભ્યાસુઓની દલીલ છે કે બાળકોના ભાવવિશ્વને ઈરાની ચિત્રપટોમાં જે સ્થાન મળ્યું છે એવું દુનિયાની કોઈ ફિલ્મો નથી આપી શકી.

આટલું વાંચ્યા પછી ઈચ્છા થઈ કે નહીં ઈરાનની ફિલ્મો જોવાની? ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**

# કળા પર કાતર:
## કલ ભી-આજ ભી-કલ ભી...



તમે મર્ડર કરો તો જેલમાં જાવ પણ ફિલ્મોમાં મર્ડર બતાડી શકો છો ને જેલ નહીં થાય પણ તમે રિયલ લાઈફમાં સેક્સ કરો તો જેલ નથી થતી, પણ ફિલ્મોમાં દેખાડો તો જેલ થઈ શકે છે! આ વિચિત્ર વિરોધાભાસ એટલે જ કલાને સેન્સર કરવાની વિવાદાસ્પદ વાત...

હમણાં 'કેરાલા સ્ટોરી ૨' વિશે સેન્સર અને કોર્ટની મગજમારી ચાલી રહી હતી ને માંડ માંડ ફિલ્મ રિલીઝ થઇ. વળી હમણાં ગોડસે વિશેના નાટકને ભજવવા વિશે ગુજરાતના રાજકોટ, અમદાવાદ જેવાં શહેરોમાં સમસ્યાઓ થઇ છે, જે પાછું મુંબઇમાં આરામથી ભજવાય છે! સેન્સર બોર્ડે પાસ કર્યા પછી પણ શો કેન્સલ કેમ કરવા પડે? અને હા, એ જ ગાંધીહત્યા તરફેણના મૂળ મરાઠી નાટક 'મી નથુરામ બોલતોય'ની રજૂઆત વખતે આજથી ૨૫ વરસ પહેલાં પણ આવી જ બબાલ થઇ હતી... શો કેન્સલ થયેલા ને પછી બાળ ઠાકરે વચ્ચે પડેલા. પછી તો એ નાટક દાયકાઓ સુધી ચાલ્યું. આ અંગે એક લેખક-નિર્દેશક કે કલાકાર તરીકે મારો સ્પષ્ટ મત છે કે તમને ગમે કે ના ગમે, સેન્સર બોર્ડે પાસ કરેલ નાટક-ફિલ્મ કોઇએ અટકાવવા જોઇએ નહીં. હું ગાંધી હત્યાને સમર્થન આપતું એ નાટક કદીયે નહીં જોઉં પણ જેને જોવું હોય એને ના પાડનાર હું કે કોઇ એક ટોળી કે પાર્ટી કોણ? દરેક ને દરેક વિચારના નાટક-સિનેમા પુસ્તકો રચવાનો આ આઝાદ દેશમાં અધિકાર છે. પછી ભલેને ૨૦૦૨ની ગોધરા કાંડ વિશેની 'પરઝાનિયા' ફિલ્મની જેમ આડકતરી સેન્સરશિપ કરવામાં આવતી હોય, એ પણ ના જ ચાલે. ઓકે?

તાજેતરમાં મરાઠીમાં 'હરહર મહાદેવ' નામની ફિલ્મ આવી છે જેમાં શિવાજી મહારાજના સેનાપતિ અને શિષ્ય તાનાજી વચ્ચે ફાઇટ સીન વગેરે દેખાડ્યા અને લોકોને એમ લાગ્યું કે શિવાજીના જીવન-ચરિત્ર ને ઇતિહાસ સાથે ખૂબ ચેડા થયા છે. એવામાં એન.સી.પી.પાર્ટીના પ્રગતિશીલ ગણાતા નેતા જીતેંદ્ર આવ્હાડ ફિલ્મના ચાલુ શોમાં ઘુસી ગયા ને એમના સાગરીતોએ પ્રેક્ષકોને ધક્કે ચઢાવ્યા, શો અટકાવ્યો. પછી નેતાજીની ધરપકડ પણ થઇ ને પછી કોર્ટે જામીન પર છોડી મૂક્યા. પછી અચાનક રાજ ઠાકરેની પાર્ટીએ રાજકારણ રમવા પેલી ફિલ્મનાં જીતેંદ્રજીના વિરોધમાં ફિલ્મનો મફતમાં શો યોજી દીધો!

જીતેંદ્ર નામથી યાદ આવ્યું કે 'જંપિંગ જેક' હીરો જીતેંદ્રની ૧૯૮૦ના દાયકાની મસાલા ફિલ્મ 'મિ. કન્વર લાલ'ને ત્યારની સરકારે બેન કરવા ધારેલી, કારણકે એમાં વિલનનું નામ નવાબ હતું ને ત્યારે કેંદ્રમાં ગુલામ નબી આઝાદ નામે કોંગ્રેસી મંત્રી હતા (આજે જે પાછા બીજેપીમાં છે, બાય ધ વે).. તો કોઇએ નવાબજીના કાન ભંભેરેલા કે ફિલ્મ એમને ગંદી રીતે ચિતરે છે તો રાતોરાત ફિલ્મ બેન થઇ પણ પછી આખરે જેમતેમ કરીને રજૂ થઇ..ત્યારે લોકોનાં ટોળેટોળાં સિનેમાઘરોમાં ઉમટ્યા ને ફિલ્મ હિટ. એટલે અનેકવાર બેન થયેલ ફિલ્મો સમાચારમાં આવીને વધુ ચગી છે ને એટલે નિર્માતાઓ ઘણીવાર પોતે જ ફિલ્મ બેન કરાવતા હોય છે ને પછી ફસાઇ પણ જાતા હોય છે!

૧૯૭૦માં બાળ ઠાકરેના પક્ષના કાર્યકર્તાઓએ 'વિજય તેંડુલકર'ના નાટક 'ઘાશીરામ કોતવાલ'ના ચાલુ શોમાં સભાગૃહમાં તોડફોડ કરેલી અને ૧૯૯૮માં 'ફાયર' ફિલ્મનો પણ હિંસક વિરોધ કરેલો. આવા વિરોધ કરવામાં કોઇ પક્ષ કે કોઇ કોમ બાકાત નથી. કોઇ ગમે તે કહે પણ ફાઇનલી પસંદ કે નાપસંદ જનતાની અદાલતમાં થશે. ઇનફ ઈઝ ઈનફ....સેન્સર બોર્ડની અનેક જુનવાણી ગાઇડલાઇન વિશે પણ છૂટછાટ મૂકીને નવેસરથી વિચારણા થવી જોઇએ. વળી જ્યાં આજકાલ વોર ચાલે છે એ ઇરાનમાં ફિલ્મો પર કડક સેન્સરશિપ છે ને ત્યાં સેન્સરના નિયમોને કારણે છુપાઇને પ્રતીકાત્મક સંદેશો આપતી વિશ્વની અદ્ભુત ફિલ્મો બની છે. ઇરાનીયન સિનેમા આપણા જેવા આઝાદ દેશથી ખૂબ આગળ છે.

વળી આજે ઇંટરનેટ ને મોબાઇલ ફોન પર દરેકને ઘરે બેઠાં બેઠાં કે અરે, સોફા પર બેઠાં બેઠા પોર્નોગ્રાફી જોવા મળે છે ત્યારે શું 'શ્લીલ' ને શું 'અશ્લીલ'ની વ્યાખ્યા કોણ કરશે? ૫૦ વર્ષ પહેલાં જે અશ્લીલ હતું એ આજે શ્લીલ છે તો શું ૫૦ વર્ષ પહેલાનો સમાજ ખોટો હતો? હેન્રી મિલરની નવલકથાઓમાં 'પોર્નોગ્રાફી' છે, એમ કહીને વર્ષો સુધી અમેરિકામાં બેન કરવામાં આવેલી, આજે એ અંગ્રેજીનું ઉત્તમ ગદ્યસાહિત્ય કહેવાય છે. ડી. એચ. લોરેન્સની, ઇરોટિક કથા 'લેડી ચેટરલીઝ લવર' વર્ષો સુધી અમેરિકા-યુરોપમાં બેન થયેલી, આજે માનભેર કોલેજોમાં ભણાવાય છે અને એની અનેક વેબસિરીઝ ઘરેઘરે જોવાય છે.

બોલિવૂડની ૩૦ ફિલ્મો લખ્યા બાદ સેન્સર બોર્ડ વિશે મારા વ્યક્તિગત અનુભવો કડવા અને રમૂજી રહ્યા છે. મેં લખેલી ૧૯૭૫ની ઇમર્જન્સી પર બનેલી ફિલ્મ 'ઇંદુ સરકાર' ફિલ્મમાં આખરી શોટને કાઢી નાખવા કારણ વિના સેન્સર-બોર્ડના અધ્યક્ષ પહેલાજ નિહલાનીએ જીદ કરેલી! સેન્સર બોર્ડમાં લોકો રાજકીય વગ વાપરીને હરખભેર ઘૂસે છે એ જાહેર સત્ય છે. અમુક સભ્યો તો શાનથી ફિલ્મી પાર્ટીઓમાં કહે છે કે-'તમે ત્રણ વરસ લગાડીને ફિલ્મો બનાવો છે, અમે ત્રણ કલાકમાં એને કાપીએ છીએ!' ઘણીવાર સેન્સર બોર્ડના સભ્યો, નિર્માતા પાસે પૈસા ઉપરાંત ફિલ્મોમાં રોલ પણ માગે છે! અમુક સેન્સર બોર્ડ સભ્યો તો ફિલ્મ જોઈને થિયેટરના માલિકોને કે ફિલ્મ ખરીદનારા ડિસ્ટ્રીબ્યુટરને રીતસરની ખુફિયા માહિતી પૈસાથી વેંચે છે કે: 'ફલાણી પિક્ચર ખરીદતાં નહીં, તમને નુકસાન જશે...' અને નિર્માતાઓ બરબાદ થઇ જાય છે! વળી કસ્ટમના ક્લિયરીંગ એજન્ટોની જેમ ફિલ્મ સેન્સર કરાવવા માટે પણ બાકાયદા એજન્ટો રીતસર કાર્ડ છપાવીને ધંધો કરે છે.

કરોડો રૂપિયા નાખીને વર્ષોની મહેનત કરીને ફિલ્મ બનાવનાર નિર્માતા-નિર્દેશક, છેવટે પોતાની ખુમારીને ચૂલામાં નાખીને સેન્સર-બોર્ડનાં પગે પડી જાય છે. મંડપમાં દહેજ માગતા છોકરાવાળા સામે છોકરીનાં મજબૂર બાપની જેમ.!

આઝાદીનાં આટલાં વર્ષ પછીયે આ દેશમાં કલાકાર આઝાદ છે ખરો? ■

---




**અરવિંદ વેકરિયા**

# જ્યાં શ્રદ્ધા રાખવાની હોય ત્યાં અપેક્ષા રાખવાની ભૂલ ન કરાય...



ગત સપ્તાહે શાંતિલાલ જાધવ નામના વાચકભાઈએ મહેન્દ્ર બોહરાની ફિલ્મનું નામ યાદ કરાવેલું, આજે એમણે એમનાં અવસાનનાં ખબર આપ્યા. ઓમ શાંતિ.

મુળુભા આવતે સોમવારે બરોડાથી આવી જાય છે એવો મેસેજ ઇન્દુભાભીએ મને ફોન પર આપ્યો. ભાઈદાસ-પાર્લાના શો પછી વિજય-મુકેશ-દેવેશનો નિર્ણય આવશે એવી મને આશા હતી. મુળુભાને મળી આગળ વિચારવું. મુળુભાએ સામેથી જણાવ્યું એટલે ગુસ્સો ઠંડો પડ્યો. જોકે ગુસ્સો અસ્થાને હતો, કારણ કે મહેન્દ્ર બોહરાને ભલામણ તો એમણે જ મારી કરેલી. મોટા બનીએ પણ એની સામે નહિ જેણે આપણને મોટા કર્યા એનું ભાન થયું.

ભાઈદાસ બપોરનો 'મળે સૂર...' નો શો ઠીક રહ્યો. બીજે દિવસે ચારે જણે મળવાનું નક્કી કર્યું. મનોમન મેં મુળુભાને મંગળવારે મળવાનું નક્કી કર્યું. સોમવારે સાંજે અમે મળ્યાં. વિજય રાવલે આખી બેલેન્સ-શીટ કાઢી. કહે, 'અત્યાર સુધીનું પ્લસ- માઈનસ કરતાં થોડી નુકસાની આવે છે, કદાચ એ સહન કરતાં આગળ પણ વધીએ પણ 'હાઉસ' દરેક શોમાં ઘટતું જ જાય છે. ક્યારેક ટાંટિયા મળે તો ક્યારેક કલેક્શનમાં મૂઢમાર પણ વાગે છે. મુકેશ-દેવેશની ઇચ્છા હજી થોડાં શો કરવાની છે, પણ મારા નિર્માણના અનુભવે મારી જરા પણ ઇચ્છા નથી.'

મને એ નિર્ણય ગમ્યો. મુકેશ-દેવેશ થોડા અસમંજસમાં હતા પણ વિજયનો નિર્ણય ઉથાપી શક્યા નહિ. મને શો નાં 'હાઉસ'નાં આંકડા જોઈ અફસોસ તો થતો જ હતો પણ સાથે મહેન્દ્ર બોહરાના નાટકની શરૂઆત કરવાનો છૂપો સ્વાર્થ પણ મનમાં રમતો હતો. મેં મારો મત રજુ કર્યો 'જુઓ, તમે તુષારભાઈનાં પ્રોબ્લેમને કારણે આ નાટક આગળ ચલાવવાનું બીડું ઝડપ્યું. કલાકારોને બેકાર બનાવતાંમાંથી ઉગારી લીધાં. નાટક સારું પણ જતું હતું. ખૂબ પ્રસંશા પણ પામેલું. તમે હાથમાં લીધાં પછી પણ ઘણાં શો સારા ગયા. હવે ખોટ જાય છે તો આપણે એ હકીકતનો સ્વીકાર કરી નાટક બંધ કરી દેવું જોઈએ. પ્રશંસા અને ટીકા બંને સ્વીકારો, ફૂલ ઊગવા માટે સૂર્ય અને વરસાદ બંનેની જરૂર પડે. હવે રિઝલ્ટ આપણી સામે છે તો હસતા મોઢે વધુ છેતરાતા રહેવાનો કોઈ અર્થ નથી. જાણતાં હોવા છતાં હસતા મોઢે સ્વીકારેલી છેતરામણીનો હિસાબ ઈશ્વર કરે છે.' મેં મારા મનનો ઊભરો ઠાલવી દીધો એની ધારી અસર થઈ. વિજયે કહ્યું કે 'દાદુની વાત બરાબર છે. આપણે નાટક બંધ કરી સેટિંગવાળાને પણ જણાવી દઈએ. એને બે મહિનાનો ટાઈમ આપીએ પછી ભલે તોડી નાંખે. હા, એ દરમિયાન તુષારભાઈ આવી ગયા તો ઠીક બાકી હરી ઇચ્છા.' આમ નિર્ણય લેવાય ગયો અને અમારાં ચારે'યનું સગપણ સચવાય ગયું.



ફિલ્મ નિર્માતા રામકુમાર બોહરાના પુત્ર મહેન્દ્ર બોહરા

સગપણ એવા જ હોવા જોઈએ કે જેને નિભાવવા કોઈ વિધિની જરૂર ન હોય અને યાદ કરવા કોઈ તિથીની જરૂર ન હોય.

ભારે મન સાથે 'બંધ'નાં નિર્ણય સાથે અને કોઈ પણ જાતનાં દોષારોપણ વગર છૂટા પડ્યાં.

હવે કલાકારોને આ વાત કરવાની 'કઠણ' જવાબદારી મારી હતી. એ બધાને તુષાર-પ્રકરણ વિષે જાણ હતી એટલે મને વધુ તકલીફ નહિ પડે એની ખાત્રી હતી. ઘરે આવી મુળુભાને ફોન કર્યો અને એમણે જ ઉપાડ્યો. હું બોલું એ પહેલા એમણે શરૂ કર્યું.' સોરી દાદુ. તમારું કામ થોડું લંબાઈ ગયું. પહેલા ફિલ્મનું કામ નહોતું એટલે પ્રોમિસ અપાય ગયું. પછી અચાનક લેખન અને અભિનયનું કામ આવી પડ્યું. ચિંતા ન કરતાં. મારે મહેન્દ્ર સાથે વાત થઈ ગઈ છે. એ 'તેજા' ફિલ્મમાં અટવાયેલો છે. હજી અઠવાડિયું જશે...'

મેં કહ્યું, 'તો..તો આ અઠવાડિયામાં નાટકનું આગળનું લખાણ પૂરું થઈ જશે ને? પાછું ફિલ્મ માટે ભાગવાનું નથી ને?' એમણે કહ્યું, 'જુઓ દાદુ.. આ ફિલ્મ-લાઈન છે. અમારો ફોન જાણે 'હોટ-લાઈન'હોય એમ ગમે ત્યારે કામ માટે રણકી ઊઠે. ગુજરાતી ફિલ્મો મોટે ભાગે બરોડાના-હાલોલનાં લકી સ્ટુડિયોમાં બને છે. ક્યારે એક તો ક્યારેક બીજો નિર્માતા ભૂંગળેવાત કરી બોલાવી પણ લે. મારો સ્વભાવ તો તમને ખબર છે કે હું વાતોમાં આવી જાવ અને કોઈને 'ના' પણ નથી કહી શકતો. યોગ કરો કે ન કરો પણ જરૂર પડે એકબીજાને સહયોગ જરૂર કરો' મેં કહ્યું 'મને સહયોગ કરશો ને?' થોડીવાર ચુપકીદી રહી. મેં ફરી પૂછ્યું, 'મુળુભા...મુળુભા.. સંભળાય છે ને?' ખોંખારો ખાઈને મને કહે. ' હા..હા.. પણ દાદુ નાટક મારો જીવ છે. જ્યારથી ફિલ્મો- સિરિયલો કરવાની શરૂ કરી છે ત્યારથી ઠાકોરજીની કૃપાથી કામ સારું મળતું રહે છે. મેં તમને નાટક માટે 'હા' પાડી છે બાકી ઘણાં નિર્માતા મને નાટક માટે કહે છે. પહોંચી ન શકાય તો કોણીએ ખોટો ગોળ લગાડવાનો શો અર્થ.! સારું નામ ખરાબ થતાં વાર ન લાગે.'

મેં પૂછ્યું ' ...તો હવે મહેન્દ્ર બોહરા માટે નાટક લખાશે કે નહિ? જો કે મને શ્રદ્ધા છે અને જ્યાં શ્રદ્ધા રાખવાની છે ત્યાં અપેક્ષા રાખવાની ભૂલ ન કરાય એવું હું માનું છું.' મુળુભા કહે, 'તમારી વાત સાચી છે. પણ... આવકની દ્રષ્ટિ કરતાં મારે ફિલ્મ-લાઈનની 'ગુડવીલ' ટકાવી રાખવાની છે. આ ૨૨-૨૫ પાના લખાઇ ગયા, પણ આગળ હમણાં તો નહીં વિચારી શકાય. હા, તમારી પાસે કોઈ ઈંગ્લીશ નાટક હોય તો મને આપો. હું એના પરથી લખી આપું. બાકી લખેલા નાટક માટે સમય જોઇશે. વિચારો હમણાં વહેચાયેલા છે. સામે બુક હશે તો સમય નહિ લાગે. ૨૨-૨૫ પાના જે લખ્યાં છે એ તમારા જ છે એ નાટક પૂરું કરી તમને જ આપીશ.' લાંબો ફોન પતાવી હું વિકલ્પ વિચારતો રહ્યો. ■


**ડબલ રિચાર્જ**

*લગ્નની શરૂઆતનાં સમયમાં પત્નીને ગાંડી કહી શકાય.*
*બોલ બોલ ગાંડી! એ એને ગમે પણ ખરું. પણ લગ્નનાં દાયકા પછી ગાંડી બોલવાની ભૂલ ન કરવી નહિ તો તમારા આખા ખાનદાનમાં કોણ-કોણ ગાંડું છે એ ગણાવી દેશે.*

# સુબેદાર- ધ બ્લફ ને એક્યુઝ્ડ

ફિલ્મનામા
નરેશ શાહ

**થિયેટર** કે મલ્ટીપ્લેક્સની સાથોસાથ સીધા ઓટીટી પ્લેટફોર્મ પર જ આવવાનો છોછ હવે ઓછો થતો જાય છે અને તેની સાબિતી અભિષેક બચ્ચન, બોમન ઈરાની, માધુરી દીક્ષિત, જુહી ચાવલા, મનોજ બાજપેયી, જેકી શ્રોફ, સુનિલ શેટ્ટી, પંકજ ત્રિપાઠીની ફિલ્મો કે વેબસિરીઝ આપી ચૂકી છે. માર્ચ, ૨૦૨૬માં તેમાં ત્રણ નામ નવા ઉમેરયાં છે. અનિલ કપૂર (સુબેદાર), કોંકણાસેન શર્મા (એક્યુઝડ) અને પ્રિયંકા ચોપરા (ધ બ્લફ). રસપ્રદ વાત એ છે કે આ અદાકારોની લાંબીલચ વેબસિરિઝ નહીં પણ ફિલ્મો જ સીધી (એમેઝોન અને નેટફલિક્સ) ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ થઈ છે. આ ત્રણ ફિલ્મો વિષે આજે વાત કરવી છે.







### સુબેદારઃ

તગડા સ્ટાર અને ઉમદા એક્ટર અનિલ કપૂરને સિત્તેર વરસે પણ એંગ્રી યંગ ઓલ્ડમેનના અંદાઝમાં રજૂ કરતી 'સુબેદાર' એક મસ્ટ વોચ મૂવી છે.

મધ્ય પ્રદેશ અને ચંબલની બિહડના વેગળા લોકાલમાં ડિઝાઈન થયેલી 'સુબેદાર' રિટાયર્ડ સુબેદાર અર્જુન મૌર્યના ધૈર્યની કસોટી કરતી અને ગેસના બાટલાંની જેમ ફાટતાં મિજાજને કારણે તો જોવા જેવી છે જ, પણ આ ફિલ્મનો અડધો જશ પરેશ રાવલ પુત્ર આદિત્ય રાવલના નામે કરવો પડે તેવું તબલાંતોડ પર્ફોર્મ તેણે કર્યું છે.

'સુબેદાર' આમ તો નાના ટાઉનની માથાભારે ગેંગના ત્રાસ અને જોહૂકમીની કથા છે. જેલમાં રહેલી બબલી દીદી (મોના સિંહ)ના માથા ફરેલ, શોર્ટ ટેમ્પર અને ઉદ્ધત ભાઈ પ્રિન્સ (આદિત્ય રાવલ)ની મનમાની અને સરમુખત્યારીનો સામનો સુબેદાર અર્જુન મૌર્ય સાથે થાય છે. સૈન્યમાં કામ કરી ચૂકેલો અને પંડમાં સની દેઓલ જેવો જુસ્સોગુસ્સો ધરાવતાં અર્જુન મૌર્ય અને પ્રિન્સ વચ્ચેની ટકરામણને ડિરેક્ટર-લેખક સુરેશ ત્રિવેણી (જલસા, તુમ્હારી સુલુ)એ એવા દિલચસ્પ તરીકાથી પેશ કરી છે કે 'સુબેદાર'ના અન્ય કિરદારો મોના સિંહ, સૌરભ શુકલા, રાધિકા મદાન ઉત્તમ હોવા છતાં ઓછાં યાદગાર બની જાય છે. હા, નાના પાટેકર સુખદ આશ્ચર્ય જરૂર આપે છે.




### એક્યુઝડઃ

નેટફલિક્સ- અનુરાગ કશ્યપની બહેન અનુભૂતિ કશ્યપ અને કરણ જોહરનું કોકટેલ ભેગું કરો તો ચોક્કસ કશું આંચકાપ્રદ જ અસ્તિત્વમાં આવે. 'એક્યુઝડ'માં પણ એવું જ થયું છે. કરણ જાહેર સિવાય લેસ્બિયન કે ગે રિલેશનશિપમાં ખાસ કોઈને દિલચસ્પી નથી અને કુતૂહલ પણ નથી રહ્યું છતાં (જરૂર ન હોવા છતાં) 'એક્યુઝડ'માં લેસ્બિયન રિલેશનશિપને બેઈઝ બનાવીને વાર્તા ગૂંથવામાં આવી છે.

ડિરેક્ટર અનુભૂતિ, નિર્માતા કરણ જાહેર અને 'એક્યુઝડ'ની લેખક બેલડી સીમા અગ્રવાલ અને યશ કેશવાની જાણે છે કે આવા રિલેશનશીપવાળી વાર્તામાં ભારતનું બેકડ્રોપ દર્શકોને હજમ થાય નહીં એટલે વાર્તાની ભૂમિ લંડનની રાખી છે. લંડનમાં ડોક્ટરી કરતા ડો. ગીતિકા સેન (કોંકણાસેન શર્મા) અને ડો. મીરા (પ્રતિભા રાંટા) કપલની જેમ સાથે રહે છે. એક દિવસ અચાનક નામઠામ વગરનો મેલ હોસ્પિટલના મેનેજમેન્ટ પર આવે છે, જેમાં ડો. ગિતીકા સેને અન્ય સ્ત્રી વિકટીમનું શારીરિક શોષણ કર્યાનો આરોપ કરવામાં આવ્યો છે એ પછી તો આવા નનામા-ઈ-મેઈલની બૌછાર શરૂ થાય છે. ડો. ગિતીકા સેનને હોસ્પિટલ રજા પર ઉતારી દે છે અને ...ખુદ ડો. ગિતીકા સેન તેની તપાસમાં લાગે છે અને એ પછી એવું બને છે કે, જે જલદી ગળે ઉતરતું નથી. અંતમાં તો 'કોથળામાંથી બિલાડું' નીકળ્યાની લાગણી થશે જો તમે 'એક્યુઝડ' જોશો તો....હા, લંડન બેઈઝ હોવાથી મોટાભાગના સંવાદો અંગ્રેજીમાં છે એ આ ફિલ્મનો બીજો માઈનસ પોઈન્ટ છે.

### ધ બ્લફઃ

આપણી ગ્લોબલ સ્ટાર ગણાતી પ્રિયંકા ચોપરા જોનસ એકથી વધુ હોલિવૂડની ફિલ્મો અને 'સિટાડેલ' જેવી વેબસિરીઝ કરી ચૂકી છે અને તેણે જ નિર્માણ કરેલી 'ધ બ્લફ' પણ વિદેશી કલાકારો અને ટેકનિશ્યનોએ જ બનાવેલી છે. 'ધ બ્લફ'નો વિષય દરિયાઈ ચાંચિયાઓની લાઈફ પરનો છે. કોઈ ટાપુ પર પુત્ર, નણંદ અને પતિ સાથે રહેલાં બેન પ્રિયંકાનો પતિ છેલ્લા બે-ત્રણ દિવસથી ઘરે આવ્યો નથી. પરિવાર તેની રાહ જોઈ રહ્યો છે દરિયો ખેડવા ગયેલાં પતિની, પરંતુ તેની બદલે ટાપુ પર આવી ચઢે છે બીજી દરિયાઈ માફિયા. તેમની સાથે પ્રિયંકાના પતિદેવ પણ છે. માફિયાઓ ટાપુ પર રક્તપાત ફેલાવે છે કેમ કે કે એ બધા જૂની ડોન (પ્રિયંકા)ને શોધી રહ્યા છે કારણ કે લૂંટાયેલું કિલામોઢેંનું સોનું તેની પાસે છે...

પ્રિયંકા ચોપડા જોનસને અહીં એકશન પેક અવતારમાં પેશ કરવામાં આવી છે, પણ 'પાયરેટસ' પરની ફિલ્મો જોઈ ચૂકેલાંને 'ધ બ્લફ'માં કશું નવું મળવાનું નથી. ઉચ્ચ કક્ષાની ફાઈટ સિકવન્સ અને માથાં વાઢી લેતી હિંસાને એવું બધું જોવા માટે 'ધ બ્લફ' જોઈ લેવામાં વાંધો નથી. આમ છતાં, ત્રણેય ફિલ્મોમાંથી સૌથી વધુ સ્ટાર આપી શકાય તેવી ફિલ્મ છે 'સુબેદાર' ! ■

# શર્વરી વાઘ

## કારકિર્દી માટે મહત્ત્વની એવી 'આલ્ફા' ને 'યહ પ્રેમ મોલ લિયા'નો ઈંતજાર

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

'પ્યાર કા પંચનામા' 'સોનુ કે ટુટુ કી સ્વીટી' જેવી અલગ જ પ્રકારની પણ સફળ ફિલ્મ બનાવનારા દિગ્દર્શક લવ રંજન અને બોલિવૂડના ખૂબ જ લોકપ્રિય દિગ્દર્શક સંજય લીલા ભણશાલીની સહાયક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરવા શર્વરી વાઘે ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી ફિલ્મ ઉદ્યોગ વિશેની માહિતી મેળવી લીધા પછી લગભગ વર્ષ ૨૦૨૧માં તેની પહેલી ફિલ્મ રિલીઝ થઈ અને એ પણ મુખ્ય અભિનેત્રી તરીકે અને શર્વરી શરૂઆતથી જ નસીબદાર રહી છે. તેને પહેલી જ ફિલ્મ યશરાજ બેનરની મળી અને ફિલ્મનાં સહકલાકાર તરીકે રાણી મુખર્જી, સૈફ અલી ખાન અને સિદ્ધાંત ચતુર્વેદી જેવાં કલાકારો મળ્યા. 'બંટી ઔર બબલી-ટુ' એ શર્વરીની પહેલી ફિલ્મ હતી. જોકે આ ફિલ્મ 'બોક્સ ઓફિસ' પર ખાસ ચાલી નહોતી.

આ ફિલ્મથી શર્વરીને બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી જરૂર મળી ગઈ, અને ૨૦૨૧ના એવોર્ડસ સમારોહમાં પણ તે છવાઈ ગઈ. આ ફિલ્મ માટે તેને 'ફિલ્મફેર'નો 'બેસ્ટ ફીમેલ ડેબ્યુ' અને પછી 'આઇફા'નો 'સ્ટાર ડેબ્યુ ઓફ ધ યર' એવોર્ડ મળ્યો. ફિલ્મમાં તેનું કામ વખણાયું અને તેને એવોર્ડસ પણ મળ્યા, પણ ફિલ્મો જોઈએ એવી ન મળી.



'બંટી ઔર બબલી-ટુ' પછી લગભગ ત્રણ વર્ષે એટલે કે ૨૦૨૪માં તેની હોરર કોમેડી ફિલ્મ 'મુંજયા' આવી. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા મળી. ૨૦૨૪નું વર્ષ શર્વરી માટે મહત્ત્વનું સાબતિ થયું. ૨૦૨૪માં તેની ત્રણ ફિલ્મ રજૂ થઈ. 'મુંજયા', 'મહારાજ' અને 'વેડા'. 'મહારાજ' ફિલ્મ સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ. તેમાં આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન, જયદીપ અહલાવત જેવાં કલાકારો હતા. આ ફિલ્મ વિવાદમાં સપડાઈ, પણ ઓટીટી રિલીઝને કારણે તેનો ફાયદો કોઈને ન થયો.

૨૦૨૪માં જ તેની જહોન અબ્રાહમ સાથેની ફિલ્મ 'વેડા' કે 'વેદા' રજૂ થઈ. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા ન મળી એટલે શર્વરી વાઘની કારકિર્દીમાં ૨૦૨૪નું વર્ષ જોઈએ એવી સફળતવાળું ન રહ્યું.

આ ત્રણ ફિલ્મ પછી હવે શર્વરી વાઘ યશરાજ ફિલ્મ્સની 'સ્પાય યુનિવર્સ' હેઠળની ફિલ્મ 'આલ્ફા'માં દેખાશે. આ ફિલ્મની રિલીઝ હાલમાં પાછળ ઠેલવામાં આવી છે. આ ફિલ્મ હવે ૧૦ જુલાઇના રિલીઝ થવાની છે. યશરાજ ફિલ્મ્સની મહિલા જાસૂસ પર બનેલી આ પહેલી જ ફિલ્મ છે. તેમાં મુખ્ય ભૂમિકા આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, અનિલ કપૂર અને બોબી દેઓલની છે. બોબી દેઓલ આ ફિલ્મમાં ફરી એક વાર ખૂંખાર વિલન તરીકે દેખાશે. આ ફિલ્મનાં એકશન દશ્યોમાં વીએફએક્સનો ખૂબ જ ઉપયોગ થયો છે અને આલિયા ભટ્ટ અને શર્વરી વાઘે પહેલી જ વાર આટલાં બધા એકશન દશ્યો ભજવ્યા છે. તે જોતાં આ ફિલ્મ દર્શકો માટે એક અનોખો અનુભવ સાબિત થશે એમ કહી શકાય.

યશરાજ ફિલ્મ્સની 'એક થા ટાઈગર', 'ટાઈગર જિન્દા હૈ', 'ટાઈગર-થ્રી', 'વોર-ટુ' અને 'પઠાણ' જેવી સ્પાય યુનિવર્સ ફિલ્મોને બોક્સ ઓફિસ પર સફળતા મળી છે. એ જોતાં આ મહિલા જાસૂસની વાત કહેતી ફિલ્મને પણ બોક્સ ઓફિસ પર સફળતા મળશે તો શર્વરી વાઘની કારકિર્દીને વેગ મળશે એમ કહી શકાય.

વિદેશની ફિલ્મોમાં હીરોઈનો એકશન દશ્યો કરે એ નવીનતા નથી રહી. દક્ષિણની ફિલ્મોમાં પણ ઘણી અભિનેત્રીઓએ દિલધડક એકશન દશ્યો ભજવ્યા છે. પ્રિયંકા ચોપરાની હાલમાં જ રિલીઝ થયેલી હોલીવૂડની ફિલ્મમાં ભરપૂર એકશન દશ્યો છે અને તે તેણે 'સુપેરે' પાર પાડયા છે. શાહરુખ ખાનની 'પઠાણ' ફિલ્મમાં દિપીકા પદુકોણે પણ એકશન દશ્યો ભજવ્યા હતા. તે જોતાં 'આલ્ફા'ની આ બે અભિનેત્રી આલિયા અને શર્વરી વીએફએક્સ આધારિત એકશન દશ્યોમાં છવાઈ જશે એમાં કોઈ શંકા જ નથી.

આલિયા ભટ્ટ જેવી ઉત્કૃષ્ટ અભિનેત્રીની સાથે 'આલ્ફા'માં શર્વરીને કેટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે, તેના પર આ ઉત્કૃષ્ટ અને યુવા અભિનેત્રીની કારકિર્દી નિર્ભર છે એમ કહી શકાય.

શર્વરી જોકે, તેની અભિનય કારકિર્દીમાં ખૂબ જ સમજી વિચારીને પગલાં ભરે છે. 'આલ્ફા' પછી તે બોલિવૂડના ખૂબ જ પ્રતિષ્ઠિત બેનર રાજશ્રીની ફિલ્મ 'યહ પ્રેમ મોલ લિયા'માં મુખ્ય અભિનેત્રી તરીકે દેખાશે. રાજશ્રી બેનરની ફિલ્મમાં પ્રેમની ભૂમિકા સલમાન ખાન જ ભજવતો હોય છે, પણ પહેલી જ વાર આ વખતે 'પ્રેમ'ની ભૂમિકા આયુષ્યમાન ખુરાના ભજવશે. આ ફિલ્મમાં આયુષ્યમાન અને શર્વરીની સાથે અનુપમ ખેર, સૌમ્યા ટંડન, સીમા પાહવા, સુપ્રિયા પાઠક જેવા કલાકાર છે. ફિલ્મનું દિગ્દર્શન સૂરજ બડજાત્યાનું છે, તે જોતાં શર્વરી માટે આ બંને ફિલ્મ અત્યારે ખૂબ મહત્ત્વની સાબિત થશે. ■

## ૧૪ માર્ચથી ૨૦ માર્ચ અનેક નવી સિરીઝ-ફિલ્મનું આગમન

OTTનું હોટસ્પોટ

આપણું અઠવાડિયું શનિવારથી શરૂ થાય છે અને આગામી શુક્રવાર સુધીનું હોય છે. પણ ફિલ્મ ઉદ્યોગ અને ઓટીટી માટે સૌથી મહત્ત્વનો દિવસ શુક્રવાર જ હોય છે. અનેક ઓટીટી ચેનલ પર શુક્રવારે નવી સિરીઝનું પ્રસારણ શરૂ કરવામાં આવે છે અને ઘણી વાર તો ફિલ્મોનું પહેલું પ્રસારણ પણ શુક્રવારે જ કરવામાં આવે છે. તો ચાલો, આગામી અઠવાડિયે આપણને નવું શું જોવા મળશે તેના પર એક નજર નાખીએ...

*** શેમારુ મી.ઃ**

ગુજરાતી ફિલ્મો માટેની આ ચેનલ પર ૧૨ માર્ચે પહેલી વાર ગુજરાતી ફિલ્મ 'નાનખટાઈ'નું પ્રસારણ શરૂ થયું છે. તેમાં મુખ્ય ભૂમિકા મિત્ર ગઢવી, દીક્ષા જોશી, મયૂર ચૌહાણ અને હિતેનકુમારની છે.

*** જિયો હોટસ્ટારઃ**

આ ઓટીટી ચેનલ પર ૧૫ માર્ચે મેડ ફોર ઈચ અધર, ધ મેડીસન, ધ ફેમિલી મેકવુલન જેવી સિરીઝ શરૂ થઈ રહી છે. અહીં ૨૦ માર્ચે 'પીકી બ્લાઈન્ડર્સ- ધ ઈમમોરલ મેન' નામની ક્રાઈમ-ડ્રામા અને થ્રીલર સિરીઝ શરૂ થઈ રહી છે. તો ૧૩ માર્ચે એટલે કે શુક્રવારે કોમેડી ડ્રામા- રિસોર્ટ, એનિમેશન ફિલ્મ 'ઝુટોપિયા-ટુ', તેલુગુ કોમેડી ડ્રામા 'ફંકી' અને અંગ્રેજી સિરીઝ 'ધેટ નાઈટ' રજૂ થશે.

*** એમેઝોન પ્રાઈમઃ**

અહીં ૨૦ માર્ચે 'ડેડ લોચ' નામની ક્રાઈમ આધારિત બ્લેક કોમેડી ફિલ્મ જોવા મળશે. તો આ શુક્રવાર ૧૩ માર્ચે લોકલ ટાઈમ્સ અને એસ્પીરેન્ટ્રસની ત્રીજી સિઝનની શરૂઆત થશે.

*** ઝી ફાઈવઃ**

અહીં ૧૪ માર્ચથી 'અંધા પ્યાર' નામની ફિલ્મ રજૂ થશે. જ્યારે આજે ૧૩ માર્ચે તમિળ રોમાન્ટિક ડ્રામા- પૂકી, એકશન ફિલ્મ- લેન્ડલોર્ડ અને કોમેડી ડ્રામા 'ભારત મહાસયાલાકુ વિગ્નયાપ્તિ' જોઈ શકાશે. ■




# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૫૫)

**આ કલાકારોએ ખુદ ફિલ્મી કલાકારની ભૂમિકા કઈ ફિલ્મમાં ભજવી હતી ?**

૧) શાહરુખ ખાન
૨) વિદ્યા બાલન
૩) ઉર્મિલા માતોડકર
૪) ગોવિંદા
૫) કંગના રનૌત
૬) રણબીર કપૂર
૭) ફરહાન અખ્તર



### ક્વિઝ (૧૫૬)

**આ ગઝલ કઈ ફિલ્મની છે ને ગાયક કોણ છે?**

૧) ચીઠ્ઠી આયી હૈં આયી હૈં ચીઠ્ઠી આયી હૈં
૨) આપકી યાદ આતી રહી રાત ભર આપકી
૩) ચુપકે ચુપકે રાત દિન આંસુ બહાના યાદ હૈં
૪) દિખાઈ દીયે યુ કે બેખુદ કિયા હમે આપસે
૫) ખાલી હાથ શામ આયી હૈં ખાલી હાથ
૬) તુમ ઇતના જો મુસ્કુરા રહે હો ક્યાં
૭) કભી ખુદ પે કભી હાલાત પે રોના આયા

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ટૂંકું ને ટચ
નિધિ ભટ્ટ



## લગ્નના ત્રણ જ વર્ષમાં ડિવોર્સ!

બોલિવૂડ અને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ હંસિકા મોટવાનીના ફેન્સને આંચકો લાગે એવા સમાચાર સામે આવ્યા છે. લગ્નનાં ત્રણ વર્ષ બાદ હંસિકા મોટવાની અને તેના પતિ સોહેલ કથુરિયાએ અલગ થવાનો નિર્ણય લઈ લીધો છે. ૧૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ સામે આવેલા રિપોર્ટ્સ અનુસાર આ કપલના ઓફિશિયલ ડિવોર્સને મંજૂરી આપવામાં આવી છે. હંસિકા અને સોહેલના ડિવોર્સ જ નહીં પરંતુ લગ્ન પણ ચર્ચાનું કારણ બન્યા હતા. ચાલો તમને આખી ઈનસાઈડ સ્ટોરી જણાવીએ...

બોલિવૂડ અને સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ હંસિકા મોટવાની અને સોહેલ કથુરિયાના લગ્ન ડિસેમ્બર ૨૦૨૨માં જયપુરના મુંડોતા ફોર્ટમાં અત્યંત શાહી અંદાજમાં થયા હતા, જેની ચર્ચાઓ લાંબા સમય સુધી ચાલી હતી. સોહેલ કથુરિયા એ હંસિકા મોટવાનીની બેસ્ટ ફ્રેન્ડ રિન્કીનો હસબન્ડ હતો. પોતાની જ બેસ્ટ ફ્રેન્ડના પતિ સાથે લગ્ન કરવા માટે નેટિઝન્સે હંસિકાને ટ્રોલ કરી હતી.

છેલ્લાં કેટલાક મહિનાઓથી હંસિકા અને સોહેલ વચ્ચે અણબનાવ હોવાની અટકળો સતત ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહી હતી. આ સિવાય હંસિકાએ સોશ્યલ મીડિયા પરથી સોહેલ સાથેના ફોટો અને વીડિયો પણ ડિલિટ કરી દીધા હતા. હંસિકાના આ પગલાંને કારણે ફેન્સને દાળમાં કંઈક કાળું હોવાની શંકા આવી હતી, પરંતુ આજે તેમના ડિવોર્સની ઓફિશિયલ એનાઉન્સમેન્ટ બાદ હવે આખરે આ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

રિપોર્ટ્સમાં કરવામાં આવેલા દાવા અનુસાર હંસિકા અને સોહેલ વચ્ચે લાંબા સમયથી ખટપટ ચાલી રહી હતી અને આખરે બંને જણે મ્યુચ્યુઅલ અંડરસ્ટેન્ડિંગથી છૂટા પડવાનો નિર્ણય લેતા ડિવોર્સ ફાઈલ કર્યા હતા. એટલું જ નહીં પણ હંસિકાએ કોર્ટમાં પોતાની પ્રાઈવસી જાળવી રાખવાની અપીલ પણ કરી છે અને હજુ સુધી આ મામલે કોઈ જાહેર નિવેદન આપવામાં આવ્યું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે બોલિવૂડ એક્ટ્રેસ હંસિકા મોટવાનીના લગ્ન શરૂઆતથી જ વિવાદમાં હતા, કારણ કે સોહેલ કથુરિયા હંસિકાની જ બેસ્ટ ફ્રેન્ડ રિન્કીનો એક્સ હસબન્ડ હતો. આ વાતને કારણે સોશિયલ મીડિયા પર હંસિકાને ખાસી એવી ટ્રોલ પણ કરવામાં આવી હતી. તમારી જાણકારી માટે જણાવી દઈએ કે આ સમગ્ર ઘટના પર 'લવ શાદી ડ્રામા' નામની એક ડોક્યુમેન્ટરી પણ બની હતી.

હંસિકાના વકીલે જણાવ્યું કે લગ્નનાં થોડા દિવસો બાદ બન્નેને ધીરે-ધીરે એહસાસ થવા માંડ્યો કે તેમનો સ્વભાવ, વિચારધારા અને લાઇફસ્ટાઇલ અલગ છે. એનું પરિણામ એ આવ્યું કે બન્ને વચ્ચે નાની-નાની વાતોમાં ઝઘડા અને વિવાદ થવા લાગ્યા. એથી બન્નેએ એક છત નીચે સાથે ન રહેવાનું નક્કી કરતાં પરસ્પર સમજુતિથી પોતાના માર્ગ જુદા કરી દીધાં છે. ■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# પ્રથમ ઈરાની બોલપટમાં ભારતનો સહયોગ

## ૧૯૩૩માં પ્રથમ ઈરાની ટોકી ફિલ્મ રિલીઝ થઈ હતી, જેનું નિર્માણ - દિગ્દર્શન પહેલું ભારતીય બોલપટ બનાવનારા અરદેશર ઈરાનીએ કર્યું હતું




ફારસી ભાષાની પ્રથમ સવાક ફિલ્મ અને એના મેકર અરદેશર ઈરાની

ઈરાન એક રૂઢિચુસ્ત દેશ તરીકે ખ્યાતિ ધરાવે છે. જોકે, ઈરાનની (પર્શિયાની) ફિલ્મ ઈન્ડસ્ટ્રી, એના ફિલ્મમેકરો અને એના ચિત્રપટો એકદમ અલગ જ દ્રષ્ટિકોણ ધરાવે છે. મૂંગી ફિલ્મોના પ્રારંભ પછી ઈરાની બોલપટની શરૂઆત કેવી રીતે થઈ એ જાણવું એટલા માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે કે પ્રથમ ઈરાની બોલપટ ભારત અને ભારતીય ફિલ્મમેકર અરદેશર ઈરાનીના સહયોગ અને સહકારથી તૈયાર થયું હતું અને અસાધારણ સફળતાને વર્યું હતું.

પર્શિયન બોલપટના જન્મદાતા અબ્દુલ હુસેન સેપંટાનો જન્મ ૧૯૦૭માં તહેરાનમાં થયો હતો. કિશોરાવસ્થામાં લખાણમાં રુચિ જાગી અને વીસ વર્ષનો થયો ત્યાં સુધીમાં કવિતા લખતો થઈ ગયો હતો. ભાષા પ્રીતિને પગલે વિષયમાં ઊંડાં ઊતરવાની ઈચ્છા થઈ. પર્શિયન ભાષા અને એના ઈતિહાસનો વિગતે અભ્યાસ કરવા લેખક અને કવિના લેબલ સાથે સેપંટા ૧૯૨૮માં ભારત આવ્યા. સદનસીબે મુંબઈમાં એમની મુલાકાત ઈરાનની પ્રાચીન ભાષાના જાણકાર ને વિદ્વાન બી. ટી. અંકલેસરિયા સાથે થઈ. અંકલેસરિયા સાહેબે યુવાન લેખકના ઉત્સાહને બિરદાવ્યો. બનતી બધી મદદ કરવાની ખાતરી આપી અને સૌથી મહત્ત્વની વાત એ કરી કે વિકસી રહેલા નવા સિનેમા માધ્યમને સમજવા અને રસ પડે તો એમાં આગળ વધવાની સલાહ આપી.

વિદ્વાન અંકલેસરિયાની વાત ગરમ ગરમ શીરાની જેમ અબ્દુલ હુસેનના ગળે ઊતરી ગઈ. મિસ્ટર દિનશા ઈરાની નામના અંકલેસરિયા સાહેબના સલાહકારની મદદથી યુવાન સેપંટા ભારતમાં બોલપટ યુગનો પ્રારંભ કરનારા અરદેશર ઈરાનીને મળ્યો. એ સમયે ઈરાની સાહેબ અને એમની ઈમ્પિરિયલ ફિલ્મ કંપનીની બોલબાલા હતી. અરદેશર ઈરાનીએ હોંશીલા ઈરાની યુવકની વાત ધ્યાનથી સાંભળી અને બે ચાર મીટિંગ અને ચર્ચા - વિચારણા પછી પ્રભાવિત થઈ એ યુવાનની ફિલ્મમાં રોકાણ કરવા તૈયાર થયા. આ સાથે પહેલી પર્શિયન ટોકી (બોલપટ)ની કલ્પનાનો જન્મ થયો.

પ્રથમ ભારતીય બોલપટ 'આલમ આરા'ના નિર્માતા - દિગ્દર્શક અને એ સમયની પ્રખ્યાત ફિલ્મ કંપની ઇમ્પિરિયલ ફિલ્મ કંપનીના સ્થાપક અરદેશર ઈરાનીનું ગંજાવર પીઠબળ મળતા અબ્દુલ હુસેન સેપંટાના ઉત્સાહનો ગુણાકાર થયો. તાબડતોબ ફિલ્મ માધ્યમથી પરિચિત થવાની કોશિશ શરૂ કરી દીધી. સૌપ્રથમ મુલાકાત થઈ દેવકી બોઝ સાથે. ન્યુ થિયેટર્સ ફિલ્મ કંપનીમાં લેખક અને દિગ્દર્શક તરીકે સંકળાયેલા મિસ્ટર બોઝ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવાયેલી પ્રથમ ભારતીય ફિલ્મ 'સીતા'ના દિગ્દર્શક તરીકે વધુ ખ્યાતિ ધરાવે છે. મિસ્ટર બોઝ પાસે ફિલ્મ માધ્યમની પ્રાથમિક - પાયાની જાણકારી મેળવી સેપંટાએ ફિલ્મની પટકથા લખવાનું શરૂ કર્યું. અરદેશર ઈરાનીએ ટેકનિકલ સુપરવાઈઝર ઉપરાંત નિર્માતા અને સહ દિગ્દર્શક તરીકે પણ ફરજ બજાવી. બંનેના સંગઠિત પ્રયાસથી Dokhtar - e - Lor (અર્થાત 'લોરની છોકરી 'ઈરાનના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારમાં રહેતા લોકો લોર તરીકે ઓળખ ધરાવે છે) નામનું પ્રથમ ઈરાનનું બોલપટ ૧૯૩૩માં રિલીઝ થયું.

રસપ્રદ વાત એ છે કે ૧૯૩૦ના દાયકામાં ફિલ્મમાં સ્ત્રી કામ નહોતી કરતી. સામાજિક પ્રતિબંધ હતો. અરદેશર ઈરાની - સેપંટાની ફિલ્મ પરિસ્થિતિ બદલવામાં નિમિત્ત બની. મિસ્ટર ઈરાનીના ઇમ્પિરિયલ સ્ટુડિયોના એક કર્મચારીની પત્ની રૂહાનગી સેમિનેઝાને ફિલ્મની મુખ્ય ભૂમિકામાં ચમકાવવામાં આવી. ફિલ્મને ફાંકડી સફળતા મળતા રૂહાનગીને અફાટ લોકપ્રિયતા મળી, પણ એનો પ્રસિદ્ધિકાળ ટૂંકો સાબિત થયો. ચિત્રપટમાં નાયકના રોલમાં ખુદ અબ્દુલ હુસેન સેપંટા હાજર હતા. ૧૯૩૩ના ઓક્ટોબર મહિનામાં આ ફિલ્મ શરૂઆતમાં ઈરાનના માત્ર બે થિયેટરમાં રિલીઝ કરવામાં આવી. કારણ એવું હતું કે યુરોપિયન કોમેડી ફિલ્મ્સ જોવા ટેવાયેલા ઈરાની પ્રેક્ષકોને ઈરાની ચિત્રપટમાં રસ પડશે કે કેમ એ દ્વિધા હતી. જોકે, વિદેશી ફિલ્મો જોઈ ધરાઈ ગયેલા કે કંટાળી ગયેલા દર્શકો પ્રથમ ઈરાની ફિલ્મ જોવા મળતા રોમાંચિત થઈ ગયા. ફિલ્મ બોક્સ ઓફિસ પર સડસડાટ દોડી અને પહેલે જ દિવસે બધા શો હાઉસફુલ થઈ ગયા. પછી મોઢામોઢ એવી પબ્લિસિટી થઈ કે બે વર્ષથી વધુ સમય ઈરાનના ચિત્રપટગૃહોમાં એ દર્શકોને આકર્ષતી રહી.

બોલપટની અનોખી અને અણધારી સફળતાથી પોરસાઈ જઈ ઈમ્પિરિયલ ફિલ્મ કંપનીએ અન્ય એક ફિલ્મમાં સેપંટાને પ્રોડક્શન કંટ્રોલની જવાબદારી સોંપી. નવી જવાબદારીથી હરખાઈ ગયેલા અબ્દુલ હુસેન સેપંટાએ કંપની માટે ચાર ફિલ્મનું નિર્માણ કર્યું. ત્યારબાદ કલકત્તાની ઈસ્ટ ઈન્ડિયા ફિલ્મ કંપની માટે પણ એક બોલપટ બનાવ્યું. આ પાંચેપાંચ ફિલ્મમાં ઈરાનની સંસ્કૃતિની ભવ્યતા અને આશાસ્પદ આધુનિક ઈરાનનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું હતું.

ભારતમાં ફિલ્મમેકિંગનાં વિવિધ પાસાં અરદેશર ઈરાની અને તેમની ફિલ્મ કંપની પાસેથી શીખી એક કુશળ ફિલ્મમેકર બની સેપંટા ઈરાન પાછા ફર્યા. સરકારી સહાય અને પ્રાઈવેટ સેક્ટરની આર્થિક મદદથી સ્વદેશમાં ફિલ્મ કંપની શરૂ કરવાનું સપનું તેમણે સેવ્યું હતું. કમનસીબે ન તો સરકારનો સાથ મળ્યો કે પ્રાઈવેટ સેક્ટર પાસેથી નાણાકીય ભંડોળ પણ ન મળ્યું. અધૂરામાં માતુશ્રીની માંદગી અને પોતાની નબળી આર્થિક અવસ્થાને કારણે સેપંટા ઈરાન છોડી ભારત કે બીજે ક્યાંય જવાનું સાહસ ન કરી શક્યા. પરિસ્થિતિ એ હદે કથળી ગઈ કે પરિવારના ભરણપોષણ માટે ફિલ્મો બનાવવાના સપનાનું ફિંડલું વાળી એને મેડા પર ચડાવી દેવું પડ્યું અને ઊનનું કારખાનું શરૂ કર્યું. તેમણે ૧૮ પુસ્તક લખ્યાં અને પાંચ ફિલ્મ બનાવી. મેગેઝિનમાં તંત્રી બન્યા અને કળા - સંસ્કૃતિના વિષયો પર લેખો લખ્યા. ૧૯૬૫માં તેમણે ફરી ફિલ્મ બનાવવાનું સાહસ કર્યું. જોકે, આ પ્રયાસ અગાઉની જેમ મોટા પાયે નહોતો. નાના અમથા આઠ એમએમના કેમેરા સાથે દૈનિક જીવનની વાસ્તવિકતાનું ફિલ્માંકન કર્યું. જોકે, જાહેર જનતા માટે એનું પ્રદર્શન ક્યારેય ન થયું. ૧૯૬૮માં --પર્શિયન બોલપટના જન્મદાતા અબ્દુલ હુસેન સેપંટાનું અવસાન થયું. ■

### 'લોરની છોકરી'ની કથા ....

ફિલ્મની વાર્તાના કેન્દ્રમાં એક બાળકી છે, જેનું લોરેસ્તાનમાંથી ડાકુઓ અપહરણ કરી જાય છે. ત્યારબાદ ડાકુઓ એની પાસે બળજબરીથી કામ કરાવે છે. આ બાળકી યુવતી બને છે. જાફર નામનો એક સરકારી એજન્ટ ડાકુઓના અત્યાચારને ડામવા આવે છે અને એ દરમિયાન યુવતી એના પ્રેમમાં પડે છે. બંને નાસી ભારત પહોંચે છે અને પછી આધુનિક ઈરાનમાં એ બન્ને દાખલ થાય છે. ટૂંકમાં અંધકારમાંથી ઉજાસ, નિરાશામાંથી આશા તરફનું પ્રયાણ છે. આ ફિલ્મ ઈરાનના પાટનગર તહેરાનમાં રિલીઝ થઈ ત્યારે એનું નામ બદલી Dokhtar-e-Lor ya Irane Diruz va Emruz (લોરની છોકરી અથવા ગઈકાલ અને આજનું ઈરાન) એવું રાખવામાં આવ્યું હતું. અબ્દુલ હુસેન સેપંટાએ 'બ્લેક આઈઝ' નામની ઈરાની ફિલ્મ પણ બનાવી હતી. આ ચિત્રપટમાં ઈરાનના શાસક નાદિર શાહની વાત હતી. ભારત પર આક્રમણ કરી લૂંટફાટ કરી હતી. મુઘલ બાદશાહ મુહમ્મદ શાહને હરાવી નાદિર શાહે પ્રસિદ્ધ કોહિનૂર હીરો અને અઢળક સંપત્તિ લૂંટી લીધી હતી. આ ફિલ્મનું નિર્માણ મુંબઈની 'શ્રી કૃષ્ણ ફિલ્મ કંપની'એ કર્યું હોવાની સત્તાવાર નોંધ છે. આ સિવાય ઈરાનના પ્રખ્યાત પ્રેમી યુગલ શીરીન (રાજકુમારી) અને ફરહાદ (શિલ્પી) તેમજ લૈલા મજનૂ પર પણ તેમણે ફિલ્મ બનાવી હતી.


## શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા


# ક્લાઈમેક્સ પહેલાંનો ક્લાઈમેક્સ

## બોક્સઓફિસ પહેલાં કોર્ટ-ઓફિસના વિવાદ

આજકાલ બોલિવૂડમાં એક નવી પેટર્ન જોવા મળી રહી છે; ફિલ્મ પડદા પર આવે એ પહેલાં કોર્ટના દરવાજે અથવા સોશ્યલ મીડિયાના વોર-ઝોનમાં પહોંચી જાય છે. અત્યારે ઇન્ડસ્ટ્રી એક એવા વળાંક પર ઊભી છે, જ્યાં સર્જનાત્મકતા કરતાં કોન્ટ્રાક્ટ અને કેલ્ક્યુલેશન વધુ હાવી થઈ રહ્યા છે. 'ડોન ૩' હજુ તો ફ્લોર પર ગઈ નથી ત્યાં જ વિવાદોની સ્ક્રિપ્ટ લખાવા માંડી છે. જ્યારે ફરહાન અખ્તરે રણવીર સિંહને નવા ડોન તરીકે જાહેર કર્યો ત્યારે ફેન્સમાં એક પ્રકારનો આઘાત અને ઉત્તેજના બંને હતા. શાહરુખ ખાનની લેગસીને આગળ વધારવી એ રણવીર માટે જેટલું ગૌરવ છે, તેટલું જ મેકર્સ માટે જોખમ પણ છે. પણ અહીં મુદ્દો માત્ર કાસ્ટિંગનો નથી- અંદરખાને રણવીર અને મેકર્સ વચ્ચે જે મતભેદોની ચર્ચા છે તે ફિલ્મના ભવિષ્ય પર પ્રશ્નાર્થ મૂકે છે.



અક્ષય ખન્ના




રણવીર સિંહ

'ડોન ૩'માં જે ખેંચતાણ ચાલી રહી છે તે રણવીર સિંહની પોતાની સ્ટાર ઈમેજ અને ફરહાન અખ્તરના ડિરેક્ટોરિયલ વિઝન વચ્ચેનો ક્લેશ છે. અત્યારે બોલિવૂડમાં સૌથી વધુ ચર્ચિત સમાચાર એ છે કે રણવીર સિંહ આ પ્રોજેક્ટમાંથી બહાર થઈ ગયો છે. વિવાદનું મુખ્ય કેન્દ્રબિંદુ ફરહાન અખ્તર દ્વારા કરવામાં આવેલી ૪૦ કરોડ રૂપિયાની વળતરની માંગ છે.

ફરહાનનું કહેવું છે કે રણવીરે પ્રોજેક્ટ હોલ્ડ પર રાખ્યો તેના કારણે પ્રોડક્શન હાઉસને જે નુકસાન થયું છે તેની ભરપાઈ તેણે કરવી જોઈએ. બીજી તરફ, રણવીર આ રકમ આપવા તૈયાર નથી અથવા તો બહુ ઓછી રકમ આપવાની જીદ પર અડ્યો છે. તેનું તેમ પણ કહેવું છે કે 'ધુરંધર'ની સફળતા પછી જ ફરહાને પાછો પ્રોજેક્ટને હાથ લગાડ્યો છે, નહીં તો પ્રોજેક્ટ અભેરાઈએ ચડી ગયો હતો.

આ વિવાદ એટલો વકર્યો કે ઇન્ડસ્ટ્રીના દિગ્ગજોએ તેમાં હસ્તક્ષેપ કરવો પડ્યો. રિપોર્ટ્સ મુજબ, આમિર



પરેશ રાવલ

ખાન અને સાજિદ નડિયાદવાલા જેવા મોટા નિર્માતાઓએ એક ગુપ્ત મીટિંગ કરી હતી, જેથી રણવીર અને ફરહાન વચ્ચેના આર્થિક વિવાદનો કોઈ વચલો રસ્તો નીકળી શકે. આ નિર્માતાઓ ચિંતિત છે કે જો આવી મોટી ફ્રેન્ચાઇઝીના મુખ્ય કલાકાર અને દિગ્દર્શક વચ્ચે આવા કાનૂની અને આર્થિક ક્લેશ થશે તો તે સમગ્ર ઇન્ડસ્ટ્રીની પ્રતિષ્ઠા અને કાર્યપદ્ધતિ પર અસર કરશે.

જોકે, આ મધ્યસ્થી પછી પણ રણવીર હજુ પોતાના નિર્ણય પર મક્કમ છે, જે સૂચવે છે કે હવે 'ડોન ૩'માં રણવીરને જોવો લગભગ અશક્ય છે.

આ સમસ્યા માત્ર 'ડોન ૩' પૂરતી સીમિત નથી. અજય દેવગણની 'દ્રશ્યમ ૩' માં પણ કંઈક આવું જ જોવા મળ્યું. અક્ષય ખન્ના જેવા ગંભીર અને ટેલેન્ટેડ એક્ટર જ્યારે કોઈ પ્રોજેક્ટમાંથી બહાર નીકળે અને પ્રોડ્યુસર તેમને કાનૂની નોટિસ મોકલે, ત્યારે સમજવું કે મામલો બિઝનેસ એથિક્સ સુધી પહોંચી ગયો છે. અહીં પ્રોડ્યુસર્સનો દાવો એવો છે કે 'ધુરંધર' જેવી ફિલ્મની સફળતા બાદ અક્ષય ખન્નાએ પોતાની ફીમાં મોટો વધારો માગ્યો હતો અને અચાનક શરતો બદલી નાખી હતી.

જોકે, આ સિક્કાની બીજી બાજુ પણ છે. કેટલાક અહેવાલો મુજબ, અક્ષય ખન્નાએ 'ધુરંધર' રિલીઝ થાય તે પહેલાં જ એટલે કે તે હિટ જશે કે ફ્લોપ તેની ખબર પડે એ પહેલાં જ 'દ્રશ્યમ ૩' માટે ના પાડી દીધી હતી. અક્ષયના પક્ષે એવું કહેવામાં આવી રહ્યું છે કે વિવાદ ફીનો નહીં પણ ક્રીએટિવ હતો, છતાં પ્રોડ્યુસર્સ તેને ફી વધારાનો રંગ આપી રહ્યા છે.

આવી જ કંઈક સ્થિતિ 'હેરા ફેરી ૩'માં પણ જોવા મળી હતી. પરેશ રાવલ વગર બાબુરાવના પાત્રની કલ્પના કરવી એટલે મસાલા વગરની રસોઈ જેવું છે. પણ જ્યારે પરેશ રાવલે આ ફિલ્મ છોડવાનો નિર્ણય લેવો પડ્યો ત્યારે તેનું મુખ્ય કારણ પેમેન્ટ સ્ટ્રક્ચર હતું. આજકાલ પ્રોડ્યુસર્સ એવી શરતો મૂકે છે કે ફીનો મોટો ભાગ ફિલ્મ રિલીઝ થયા પછી આપવો.

કલાકારો માટે આ એક પ્રકારનો જુગાર છે. જો ફિલ્મ ન ચાલે તો તેમની મહેનત પાણીમાં જાય. પરેશ રાવલે આ શરત ન સ્વીકારી અને સાઇનિંગ અમાઉન્ટ પરત કરી દીધી. ફિલ્મના એક નિર્માતા અક્ષય કુમાર અને પરેશ રાવલના વર્ષોના સંબંધમાં પણ આનાથી ઓટ આવી. જોકે, મહિનાઓની વાટાઘાટો પછી એમના વિવાદનો ઉકેલ આવ્યો, પણ આ આખી પ્રક્રિયામાં જે નેગેટિવિટી પેદા થઈ તે ફિલ્મની બ્રાન્ડને નુકસાન પહોંચાડે છે.

આ તમામ કિસ્સા એક જ દિશામાં આંગળી ચીંધે છે જે બોલિવૂડમાં હવે સ્ટાર પાવર અને કોર્પોરેટ સ્ટ્રક્ચર વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. પહેલાના જમાનામાં સ્ટાર્સ સ્ક્રિપ્ટ સાંભળ્યા વગર હા કહી દેતા, પણ આજે દરેક મિનિટનો અને દરેક રૂપિયાનો હિસાબ રાખવામાં આવે છે. પ્રોડ્યુસર્સ માટે ફ્રેન્ચાઇઝી ફિલ્મ્સ એક સુરક્ષિત કિલ્લો છે, કારણ કે તેમાં દર્શકો પહેલેથી જ તૈયાર હોય છે. માર્કેટિંગ ખર્ચ ઓછો થાય છે અને ગેરંટિડ ઓપનિંગ મળે છે, પરંતુ આ કિલ્લાનો પાયો જે કલાકારો છે એ લોકો પણ હવે પોતાની કિંમત બહુ સારી રીતે જાણે છે. ઓટીટીના જમાનામાં કલાકારો પાસે હવે માત્ર થિયેટર ફિલ્મ્સ પર નિર્ભર રહેવાની મજબૂરી નથી. તેમની ડિમાન્ડ અને એટીટ્યુડ બંને બદલાયા છે.

સ્ક્રીન પર જે જાદુ દેખાય છે તેની પાછળ અત્યારે પેપરવર્ક અને ઈગો-વોરનું મોટું તોફાન ચાલી રહ્યું છે. આવનારા વર્ષોમાં જે મેકર્સ આ સંતુલન જાળવી શકશે તે જ બોક્સ ઓફિસના અસલી 'ડોન' સાબિત થશે. ■


### લાસ્ટ શોટ

*ત્રણે વિવાદના કિસ્સાઓના કેન્દ્રમાં છે જે-તે ફ્રેન્ચાઇઝીની ત્રીજી ફિલ્મ્સ!*

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ક્યા હુઆ તેરા વાદાઆઆઆ...



આમિર ખાન

આમિર ખાનને એના કાકા નાસીર હુસૈનની સુપર હીટ ફિલ્મનું આ અત્યંત લોકપ્રિય ગીત આજકાલ વારંવાર સાંભળવું પડે છે.

ચાલો, કારણ જાણીએ...તો આમિર ખાનની ફિલ્મ 'સિતારે ઝમીન પર' લગભગ છ-સાત મહિના પહેલાં થિયેટરમાં રિલીઝ થઇ હતી. ફિલ્મ ખૂબ સારી ચાલી, પણ આમિરે એ સમયે એક વાતને લઈને જીભ કચરી દીધી હતી કે 'આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર નહીં આવે.' ત્યારે આમિરે જે-જે પ્રોડ્યુસરો પોતાની ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પર લાવવાની ઉતાવળ કરે છે એની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે આમ કરીને પ્રોડ્યુસર્સ પોતાની જ ફિલ્મનું નુકસાન કરી રહ્યાં છે, પરંતુ, આમિરે આડે હાથે કાન પકડ્યો અને પોતાની આ 'સિતારે ઝમીન પર'ને છ અઠવાડિયાં પછી યુટ્યૂબ પર પે-પર-વ્યુનાં ધોરણે રિલીઝ કરી.

આ વખતે બધાંને એમ લાગ્યું કે વાહ! આમિર એમતો વચનનો પાક્કો કે'વાય હોં, એણે પોતાની ફિલ્મ ઓટીટી પર રિલીઝ ન કરી તે ન જ કરી. આમિર પર ઓવારી જવાનું બીજું કારણ એ સમાચાર પણ હતાં કે અમુક ઓટીટીએ તેને કરોડોની ઓફર કરી હતી તેમ છતાં આમિર ન માન્યો. ઉપરાંત યુટ્યૂબ પર આમિરનાં જ કહેવા પ્રમાણે એને ધાર્યા કરતાં બહુ સારો રિસ્પોન્સ (કમાણી વાંચવું) મળ્યો છે.

જોકે હવે સાત મહિને આમિરે મિંયાએ યુ ટર્ન માર્યો છે. આમિરે જાહેર ન કરેલી એક રકમ લઈને 'સોની લિવ' પર પોતાની એ ફિલ્મ રિલીઝ કરી દેવાનો નિર્ણય કર્યો છે. આથી સોશ્યલ મીડિયામાં એને ટ્રોલ કરતાં એના જ કાકાની ફિલ્મનું એ સુપર હીટ ગીત પણ એને સંભળાવી રહ્યા છે કે, ક્યા હુઆ તેરા વાદા, વો કસમ (ઓટીટી પર રિલીઝ ન કરવાની), વો ઈરાદા (યુટ્યૂબ પર જ ટકી રહેવાનો)?

### આ (આદિત્ય) ધર ખુદ ધુરંધર છે !



આદિત્ય ધર

હજી તો 'ધુરંધર ધ રિવેન્જ'ને રિલીઝ થવામાં પાક્કાં છ દિવસ બાકી છે પણ તે ઓલરેડી કરોડો કમાઈ ચૂકી છે. ના... સેટેલાઈટ, ટીવી કે ઓટીટી રાઈટ્સ દ્વારા નહીં, પણ ટિકિટ બારી ઉપર.. સહુથી પહેલાં તો આદિત્ય ધરે ફિલ્મનો પહેલો ભાગ પત્યો એનાં એન્ડમાં જ દર્શકોને કહી દીધું હતું કે એનો બીજો ભાગ ૧૯ માર્ચે રિલીઝ થશે.

ફિલ્મને મળેલી અધધધ સફળતા જોઇને અજય દેવગણ તો શું ભાઈજાને પણ એમની રેગ્યુલર ઈદ પર આવવાની ના પાડી દીધી.

બીજું, આ જ સફળતા જોઇને હિન્દી તો શું પ્રાદેશિક ભાષાની ફિલ્મોએ માર્ચ મહિનાની શરૂઆતથી જ પોતાની ફિલ્મો રિલીઝ ન કરવાનું નક્કી કરી દીધું છે. એટલે 'ધુરંધરઃ ધ રિવેન્જ'ને ખુલ્લું મેદાન મળી ગયું છે. એટલું ઓછું હોય એમ ધર સાહેબે આ બીજા ભાગને ફર્સ્ટ ડે ફર્સ્ટ શોમાં જોવાની ધીરજ ન ધરી શકતાં લોકો (જેમાં હું પણ સામેલ !) માટે રિલીઝની આગલી સાંજે પેડ પ્રિમિયર તરીકે લગભગ દરેક શહેરમાં સરેરાશ પાંચ શો ગોઠવી દીધાં છે. હવે આવા વિશેષ શોની ટિકિટ નિયમિત શો કરતાં સહેજ વધુ રાખવામાં આવ્યાં છે, છતાં લોકો ધૂમ ખરીદી રહ્યાં છે.

એક અંદાજ પ્રમાણે વિવિધ ઓનલાઈન ટિકિટ પ્લેટફોર્મ પર આ ફિલ્મની દર કલાકે સાડા સાત હજાર ટિકિટ વેંચાઈ રહી છે! આ પેડ શોનો ભાવ મુંબઈમાં ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયા અને અમદાવાદ જેવાં શહેરોમાં ૫૦૦થી માંડીને ૭૫૦ જેટલાં રાખવામાં આવ્યાં છે. આ બધાં આંકડા જોઇને આદિત્ય ધર પેલું મીમ ચોક્કસ મમળાવી રહ્યાં હશે, પૈસા હી પૈસા હોગા!

### લોકોય સાવ નવરાં છે... હોં!



ગોસિપ એ બોલિવૂડનો અંતરંગ ભાગ છે એ માન્યું, પણ ઘણીવાર એની અતિ થઇ જાય છે. હાલમાં દક્ષિણનાં સુપર સ્ટાર્સ વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાનાં લગ્ન થયાં. આ લગ્નમાં નીના ગુપ્તાને પણ આમંત્રણ હતું. હવે એ લગ્નનાં સોશ્યલ મીડિયામાં દેખાયેલા ફોટોગ્રાફ્સમાં નીના ગુપ્તાનો ચહેરો ઝળાંહળાં થતો દેખાઈ રહ્યો હતો. ઉપરાંત એ ડ્રેસમાં નીના ગુપ્તાનું પેટ સહેજ ઉપસી આવેલું હોય એવું લાગતું હતું.

પત્યું! સોશ્યલ મીડિયામાં મીઠાઈઓ વહેંચાવા લાગી. કહેવું પડે હોં! નીના ગુપ્તા સાઈઠ વર્ષે પ્રેગનેન્ટ છે! અરે! આ તો 'બધાઈ હો' ફિલ્મ રિયલમાં જોવા મળી! આવું બધું લખાવા, વંચાવા અને ફેલાવા લાગ્યું. જોકે નીના ગુપ્તાએ આ ગોસિપને હળવાશથી લીધી અને પોસ્ટમાં લખ્યું, 'અરે! કોઈ રિયલ લાઈફ બધાઈ હો નથી. આ તો સાડીનું મટીરીયલ જરા ભારે હતું એટલે એકબે જગ્યાએ ઉપસી આવ્યું હતું. પણ આ ઉંમરે હું પ્રેગનેન્ટ છું એવી વાતો સાંભળીને મને તો ખૂબ ગમ્યું!' ■

### કટ એન્ડ ઓકે...



*પહેલાં કિયારા અડવાણી અને બાદમાં અનીત પડ્ડા મધુબાલાની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા ભજવશે એવી અફવા ઉડ્યા બાદ હવે 'આવી કોઈ બાયોપિક બની જ નથી રહી' એવાં સમાચાર આવ્યા છે !*

# આઈપીએલમાં રમી ચૂકેલો કૅરિબિયન ક્રિકેટર મૅચ ફિક્સિંગના આરોપમાં સસ્પેન્ડ

### આઈસીસીએ ટીમના ભારતીય મૂળના માલિક રાઠોડ સહિત બે વ્યક્તિ સામે પણ કડક પગલું ભર્યું

દુબઈઃ વેસ્ટ ઇન્ડિઝનો ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર જેવૉન સર્લ્સ ખાસ કંઈ જાણીતો નથી, પરંતુ તેણે ક્રિકેટમાં જે મોટો ગુનો કર્યો એ બદલ તેને ભ્રષ્ટાચાર-વિરોધી આચારસંહિતા હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ટાઇટન્સ નામની ટીમના ભારતીય મૂળના માલિક ચિત્તરંજન રાઠોડ તથા ટીમના ટોચના અધિકારી ટ્રેવૉન ગ્રિફિથ વિરુદ્ધ પણ કડક પગલાં ભરવામાં આવ્યા છે.

આ ત્રણેયે ૨૦૨૩-'૨૪માં બાર્બેડોઝમાં યોજાયેલી બિમ-૧૦ લીગ નામની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ફિક્સિંગ સંબંધિત કૃત્યો કર્યા હોવાનો તેમના પર આરોપ છે. ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) અને ક્રિકેટ વેસ્ટ ઇન્ડિઝના નિયમોના ઉલ્લંઘન કર્યા હતા.

કહેવાય છે કે બિમ-૧૦ લીગ દરમ્યાન મૅચના પરિણામો તથા રમતની સ્થિતિ પર અસર પાડવા સંબંધિત કાવતરું ઘડવામાં આવ્યું હતું. રાઠોડ અને ગ્રિફિથને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ તમામ પર ચાર-ચાર આરોપ છે. તેમણે ખેલાડીઓ તેમ જ સપોર્ટ સ્ટાફને ભ્રષ્ટ કૃત્યો માટે લલચાવવાનું કામ કર્યું હતું તેમ જ ભ્રષ્ટાચાર-વિરોધી તપાસમાં સહકાર પણ નહોતો આપ્યો. ત્રણેયને ૧૪ દિવસની અંદર જવાબ આપવા જણાવાયું છે.


જેવૉન સર્લ્સ આઇપીએલની ૨૦૧૮ની સીઝનમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વતી રમ્યો હતો. ત્યારે તેણે ચાર મૅચમાં બે વિકેટ લીધી હતી. તે અગાઉ વેસ્ટ ઇન્ડિઝ વતી અન્ડર-૧૯ ટીમ વતી રમ્યો હતો. જોકે તેને વેસ્ટ ઇન્ડિઝ વતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ નહોતી રમવા મળી. આ પહેલાં તાજેતરમાં જ અમેરિકાની આંતરરાષ્ટ્રીય ટીમના ખેલાડી અને ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમી ચૂકેલા આરૉન જોન્સ વિરુદ્ધ ક્રિકેટને લગતા ભ્રષ્ટાચાર સંબંધિત આચારસંહિતાનો ભંગ કરવાનો આરોપ મુકાયો હતો. ■

# હાર્દિક શા માટે જીતના આવેશમાં તિરંગો ઓઢીને ગર્લફ્રેન્ડ સાથે નાચ્યો? શું કામ ધ્વજ સાથે જમીન પર સૂઈ ગયો?

### અમદાવાદના મેદાન પર રોમાન્સ કરવો ભારે પડ્યો, હાર્દિક વિરુદ્ધ તિરંગાના અપમાન બદલ પુણેના વકીલની ફરિયાદ

પુણેઃ ભારતીય ક્રિકેટ ટીમને આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બનાવવામાં ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, ન્યૂ ઝીલેન્ડ સામેની યાદગાર જીત બાદ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઉજવણી દરમ્યાન રાષ્ટ્ર ધ્વજનું અપમાન કરવાના આરોપસર પુણેના એક પોલીસ સ્ટેશનમાં હાર્દિક પંડ્યા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.



રવિવારે અમદાવાદમાં હાર્દિક તિરંગો ઓઢ્યો હોવા છતાં આનંદના અતિરેકમાં ગર્લફ્રેન્ડ માહિકા સાથે રૉમેન્ટિક મૂડમાં જોવા મળ્યો હતો. કૅપ્ટન સૂર્યકુમારે રાષ્ટ્રધ્વજ સાથે સભ્યતા બતાવી હતી, પરંતુ ઈશાન કિશન પણ તિરંગો ઓઢીને ગર્લફ્રેન્ડ અદિતી સાથે જોવા મળ્યો હતો.

પુણેના ઍડવોકેટ વાજિદ ખાને શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં વકીલે આરોપ લગાવ્યો છે કે ભારતની વર્લ્ડ કપ જીત બાદ સ્ટેડિયમમાં ઉજવણી દરમ્યાન હાર્દિક પંડ્યાએ શરીર પર ત્રિરંગો લપેટ્યો હતો અને જમીન પર સૂઈને અશ્લીલ વર્તન કર્યું. વકીલે હાર્દિક સામે એફઆઇઆર દાખલ કરવાની માંગ કરી છે.

ફરિયાદમાં જણાવવામાં આવ્યું, 'આ કૃત્ય સંબંધિત કાયદા હેઠળ ગુનો છે, તેની સામે કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. રાષ્ટ્રધ્વજની ગરિમાનું સન્માન કરવું એ દરેક નાગરિકની ફરજ છે.'

નોંધનીય છે કે વર્લ્ડ કપની જીત બાદ હાર્દિક પંડ્યાએ પ્રેઝન્ટેટર સાથે વાત કરતા તેની ગર્લફ્રેન્ડ માહિકા શર્માનો ઘણી વાર ઉલ્લેખ કર્યો હતો અને માહિકાને પોતાના માટે લકી ગણાવી હતી. ત્યાર બાદ તેણે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં માહિકા સાથે રૉમેન્સ સાથે ઉજવણી કરી હતી.

સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો વાઇરલ થયા હતા, જેમાં તે માહિકા સાથે રૉમેન્સ કરતો દેખાયો હતો. જે બદલ તેની ટીકા કરવામાં આવી રહી છે. અગાઉ પણ આ ટૂર્નામેન્ટની મૅચ દરમ્યાન હાર્દિકના કેટલાક વીડિયો વાઇરલ થયા હતાં, જેમાં તે નજીકના સ્ટૅન્ડમાં બેઠેલી માહિકાને બાઉન્ડરી લાઇન પાસેથી કંઈક ઇશારા કરી રહ્યો હતો અને ફ્લાઈંગ કિસ આપતો જોવા મળ્યો હતો. ■

# ઘાટકોપર જોલી જિમખાનામાં લેડીઝ ટર્ફ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન



તમામ ૧૬ ટીમના કેપ્ટનો સાથે ક્રિકેટ તથા મલ્ટી ટર્ફ સબ કમિટીના ઇન્ચાર્જ નિશિથ ગોલવાળા અને સબ કમિટીના સભ્યો

મુંબઈઃ ઘાટકોપર જોલી જિમખાના દ્વારા મહિલાઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ અને પ્રોત્સાહન વધારવા માટે મહિલાદિનના અવસરે એક ભવ્ય લેડીઝ ટર્ફ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જિમખાનાના ચેરમેન રજનીકાંત શાહ, કારોબારી ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી, પરેશ શાહ તેમજ સમગ્ર ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના સભ્યો હંમેશાં રમતગમતના ક્ષેત્રમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે સક્રિય રહેતા આવ્યા છે.

૮મી માર્ચના મહિલાદિન નિમિતે તારીખ ૧૫-૦૩-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી આ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન ક્રિકેટ તથા મલ્ટી ટર્ફ સબ કમિટીના ઇન્ચાર્જ નિશિથ ગોલવાળાના માર્ગદર્શન હેઠળ લેડીસ ક્રિકેટ સબ કમિટી અને મલ્ટી ટર્ફ સબ કમિટી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ ટૂર્નામેન્ટમાં ઘાટકોપર અને ચેમ્બુર વિસ્તારની કુલ ૧૬ મહિલાઓની ટીમો ભાગ લેશે. આ ટીમોને ૪ વિભાગમાં વહેંચીને કુલ ૨૩ મેચો રમાડવામાં આવશે, જેના કારણે સમગ્ર દિવસ દરમિયાન ઉત્સાહભર્યું ક્રિકેટ વાતાવરણ સર્જાશે.

ટૂર્નામેન્ટમાં વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટ્રોફી તથા કેશ પ્રાઈઝ આપવામાં આવશે. ઉપરાંત તમામ ખેલાડીઓને આકર્ષક ભેટો પણ આપવામાં આવશે. સમગ્ર દિવસ દરમિયાન ખેલાડીઓ માટે ખાવા-પીવાની વ્યવસ્થા તેમજ ટૂર્નામેન્ટનો સમગ્ર ખર્ચ ઘાટકોપર જોલી જિમખાના દ્વારા કરવામાં આવશે.

આ આયોજન દ્વારા મહિલાઓમાં રમતગમત પ્રત્યે રસ વધે અને તેઓ વધુ સક્રિય રીતે રમતગમતમાં જોડાય તેવો જિમખાના તરફથી સકારાત્મક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ■

# મૅડ્રિડ અને પીએસજીએ ચડિયાતી ટીમને હરાવી

મૅડ્રિડઃ ચૅમ્પિયન્સ લીગ ફૂટબૉલ ચૅમ્પિયનશિપમાં બુધવારે રિયલ મૅડ્રિડે મૅન્ચેસ્ટર સિટીને ૩-૦થી અને પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી)એ ચેલ્સીને ૫-૨થી હરાવીને ૧૬ ટીમના રાઉન્ડમાં સ્થિતિ સુધારી લીધી હતી.

૨૦૨૫-'૨૬ની સીઝનમાં આર્સેનલ ૨૪ પૉઇન્ટ સાથે મોખરે છે તથા બાયર્ન ૨૧ પૉઇન્ટ અને લિવરપુલ ૧૮ પૉઇન્ટ સાથે અનુક્રમે બીજા-ત્રીજા ક્રમે છે. રિયલ મૅડ્રિડનો આ પૉઇન્ટ્સ-ટેબલમાં છેક નવમો ક્રમ છે અને એણે આઠમા નંબરની મૅન્ચેસ્ટર સિટી ટીમને પરાજિત કરી હતી. બીજી તરફ, ડિફેન્ડિંગ ચૅમ્પિયન પીએસજી અગિયારમા નંબર પર છે અને એણે છઠ્ઠા ક્રમની ચેલ્સીની ટીમને પરાજિત કરી હતી.

આર્સેનલની મોખરાની ટીમે બુધવારે લીવરકુસન સામેની મૅચ ૧-૧થી ડ્રૉ કરાવીને પરાજયના આબરૂથી બચી ગઈ હતી. લીવરકુસન વતી રોબર્ટ ઍન્ડ્રિચે ૪૬મી મિનિટમાં ગોલ કર્યો ત્યાર બાદ આર્સેનલના ખેલાડીઓ ગોલની બરાબરી માટે ખૂબ ઝઝૂમ્યા હતા અને કેસ હેવટ્ઝે ૮૯મી મિનિટમાં પેનલ્ટીથી ગોલ કરીને મૅચ ડ્રૉ કરાવી હતી. અન્ય એક મૅચમાં ઍટ્લેટિકો મૅડ્રિડે ટૉટનમ સામે ૫-૨થી વિજય મેળવ્યો હતો. ■

# ભારતીય ફ્રેન્ચાઇઝીએ પાકિસ્તાની સ્પિનરને ખરીદ્યો!

લંડનઃ પાકિસ્તાનના ક્રિકેટરોને ૨૦૦૯ની સાલથી આઇપીએલમાં નથી રમવા મળ્યું, પરંતુ ઇંગ્લૅન્ડની 'ધ હન્ડ્રેડ' નામની ૧૦૦-૧૦૦ બૉલવાળી ટૂર્નામેન્ટમાં ભારતીય માલિકીના ફ્રેન્ચાઇઝીઓ પાકિસ્તાની ખેલાડીઓને નહીં ખરીદે એવી જે વાતો ફેલાઈ હતી એ ગુરુવારે શમી ગઈ હતી, કારણકે ચેન્નઈ સ્થિત સન ગ્રૂપની માલિકીની સનરાઇઝર્સ લીડ્સ નામની ટીમે પાકિસ્તાની સ્પિનર અબ્રાર અહમદને ૨.૩૪ કરોડ રૂપિયા ખરીદ્યો હતો. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मत्सर | કૃષ્ણ |
| मदार | ભમરો |
| मधुकर | ઈર્ષા |
| मधुरिमा | આધાર |
| मधुसूदन | મીઠાશ |

### જાણવા જેવું

બાબુભાઇ મિસ્ત્રીએ ફિલ્મ દિગ્દર્શનનો પ્રારંભ કર્યો હતો ૧૯૪૨ની ફિલ્મ 'મુકાબલા'થી. ૧૯૯૦માં રિલીઝ થયેલી 'હાતિમતાઇ' (જીતેન્દ્ર - સંગીતા બિજલાની) સુધી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાદુગર તરીકે ઓળખાયેલા બાબુભાઈએ ૪૫ હિન્દી ફિલ્મ અને દસ ગુજરાતી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું હતું.

### ગુજરાત મોરી મોરી રે

'ખિલાડી', 'બાઝીગર' જેવી સફળ હિટ ફિલ્મો આપનારા અબ્બાસ - મસ્તાને બનાવેલી ગુજરાતી ફિલ્મનું નામ જાણો છો?

અ) ભાગ્યચક્ર
બ) જનમ જનમના સાથી
ક) હિરણને કાંઠે
ડ) મોતી વેરાણા ચોકમા

### નોંધી રાખો

અમિતાભ બચ્ચન સાથે સુપરહિટ ફિલ્મો આપનારા મનમોહન દેસાઈ બાબુભાઈ મિસ્ત્રીના સહાયક તરીકે કામ કરતા હતા.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | | ■ | |
| ■ | ૯ | ■ | | ■ | ■ | ■ | ૧૦ | ૧૧ | |
| ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | | ■ |
| ■ | ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | |
| ૧૭ | ૧૭અ | | ■ | ૧૮ | | ■ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ |
| ૨૨ | | ૨૩ | ■ | ■ | ■ | | ■ | | ■ |
| | ■ | ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ |
| ૨૯ | | | | ■ | ૩૦ | | | | |

**આડી ચાવી**

૧ શાંત અને નિશ્ચયી (૫)
૪ સમુદ્ર (૪)
૭ ---- ખસે કે ગાડું? (૨)
૮ ભવ્ય, અતિ વિશાલ (૩)
૧૦ કરકસર (૩)
૧૨ સરખું (૩)
૧૪ દુનિયા, જગત (૨)
૧૫ પૃથ્વી (૨)
૧૬ જુદું, છેટું (૩)
૧૭ સાથ (૩)
૧૮ મારું (૨)
૧૯ અહંકારી (૨)
૨૦ ---- દીવાની (૨)
૨૨ ઉપાય, તજવીજ (૩)
૨૪ રાત્રિ (૩)
૨૬ તીર્થોની મુસાફરી (૨)
૨૯ બહાદુર, વીર (૪)
૩૦ હેરાનગતિ (૫)

**ઊભી ચાવી**

૧ મંદ, ધીરું (૨)
૨ હિંદુની પવિત્ર નદી (૨)
૩ જાડો કદાવર માણસ (૪)
૪ વૃદ્ધાવસ્થા (૨)
૫ શરીરનો મોહક હાવભાવ (૩)
૬ ફિટકાર (૩)
૯ સત્ત્વ, સાર (૨)
૧૧ ઠંડું (૩)
૧૩ રસ્તો, રાહ (૩)
૧૪ સમ્રાટ રાજા (૩)
૧૫ ભૂંગળી, ફૂંકણી (૩)
૧૬ ગપ, ઊડતી વાત (૩)
૧૭અ વન, રાન (૩)
૨૦ વહાણ, મછવો (૪)
૨૧ ખજૂરીમાંથી ઝરતો તાજો રસ (૨)
૨૨ ઉપચાર (૩)
૨૩ ભેદ, રહસ્ય (૩)
૨૫ ઝાંખું, પીળું (૨)
૨૭ મોટી બૂમ, ગર્જના (૨)
૨૮ ભાઇ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રા | પ્રો | પ | ૨ યો | ૩ ગી | ■ | ૪ અં | ત | ૫ રી | ૬ ક્ષ |
| હી | ■ | ■ | ૭ જ | ર | ■ | જ | ■ | ૮ ત | મા |
| ■ | ૯ આ | શ | ના | ■ | ૧૦ ચા | ન | ૧૧ ક | ■ | પ |
| ૧૨ વા | દ્ય | ■ | ■ | ૧૩ લી | ■ | ■ | ૧૪ યા | ત | ના |
| ટ | ■ | ૧૫ જ | ડ | સું | ■ | ■ | મ | ■ | ■ |
| ■ | ■ | ગ | ■ | ■ | ૧૬ સ | ત | ત | ■ | ૧૭ બો |
| ૧૮ આ | રો | પ | ■ | ■ | હી | ■ | ■ | ૧૯ ગી | ધ |
| રા | ■ | ૨૦ તિ | ૨૧ લ | ક | ■ | ૨૨ પ | હે | રો | ■ |
| ૨૩ ધ | ૨૪ રા | ■ | ક્ક | ■ | ૨૫ ફે | ર | ■ | ■ | ૨૬ જ |
| ૨૭ ના | મ | ક્ક | ર | ■ | ૨૮ રા | વ | ણ | હ | થ્થો |

### ઓળખાણ પડી?

હિરોઈન તરીકે કરેલી કેટલીક કોશિશમાં નિષ્ફળ રહ્યા બાદ સહાયક અભિનેત્રી તરીકે સફળતા મેળવનારી એક્ટ્રેસની ઓળખાણ પડી?

અ) અચલા સચદેવ
બ) શુભા ખોટે
ક) શશીકલા
ડ) પ્રીતિ ગાંગુલી



### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૧૯૮૨માં 'અર્થ' ફિલ્મથી ખ્યાતિ મેળવનારા ફિલ્મ સર્જક મહેશ ભટ્ટની દિગ્દર્શક તરીકે પ્રથમ ફિલ્મ કઈ હતી એ જણાવો.

અ) ડેડી  બ) સર  ક) મંઝિલે ઔર ભી હૈં  ડ) વિશ્વાસઘાત

### માઈન્ડ ગેમ

૧૯૪૦ - ૫૦ દરમિયાન હિન્દી ફિલ્મોમાં એક્ટર - સિંગર અને ત્યારબાદ ચરિત્ર અભિનેતા બનેલા કલાકારનું નામ જણાવી શકશો?

અ) સાયગલ  બ) સુરેન્દ્ર  ક) મહિપાલ  ડ) સજ્જન કુમાર

### સુડોકુ-૯૨૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૭ | ૪ | | | | | |
| ૫ | ૯ | | ૧ | | | ૮ | | |
| | | | ૬ | | | | ૩ | |
| | | ૪ | | | | ૯ | | ૩ |
| ૯ | ૫ | | | | | | ૭ | ૮ |
| ૮ | | ૨ | | | | ૪ | | |
| | ૨ | | | | ૧ | | | |
| | | ૫ | | | ૭ | | ૬ | ૧ |
| | | | | | ૫ | ૨ | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૮ | ૭ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ |
| ૩ | ૨ | ૬ | ૮ | ૪ | ૫ | ૧ | ૭ | ૯ |
| ૭ | ૧ | ૪ | ૬ | ૯ | ૨ | ૫ | ૮ | ૩ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૮ | ૩ | ૪ |
| ૯ | ૪ | ૧ | ૩ | ૭ | ૮ | ૨ | ૬ | ૫ |
| ૮ | ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ | ૪ | ૭ |
| ૪ | ૩ | ૯ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ |
| ૬ | ૭ | ૨ | ૪ | ૫ | ૩ | ૯ | ૧ | ૮ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मजहब | ધર્મ |
| मजाल | સામર્થ્ય |
| मट्ठा | છાસ |
| मढी | ઝૂંપડી |
| मलंग | હાથી |

**ગુજરાત મોરી મોરી રેઃ** ચણિયા ટોળી
**ઓળખાણ પડી?** પંકજ ત્રિપાઠી
**માઈન્ડ ગેમ :** જ્વેલ થીફ
**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** અનાડી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) કિરીટ છેડા (૨૦) ચેતના છેડા (૨૧) પ્રવીણ વોરા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મહેશ સંઘવી (૨૫) ભરત કજરિયા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) અંજુ ટોલિયા (૨૯) અરવિંદ કામદાર (૩૦) ભાવના કર્વે (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) પુષ્પા ખોના (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) મહેશ દોશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) હિંમત ખોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૫૫ જવાબ ૧) ૧) ઓમ શાંતિ ઓમ, ૨) ધ ડર્ટી પિક્ચર, ૩) રંગીલા, ૪) સ્વર્ગ, ૫) રંગુન, ૬) સંજુ ૭) લક બાય ચાન્સ

ક્વિઝ ૧૫૪ જવાબઃ ૧) ૧) નામ - પંકજ ઉદાસ, ૨) ગમન - છાયા ગાંગુલી, ૩) નિકાહ - ગુલામ અલી, ૪) બાઝાર - લતા મંગેશ્કર, ૫) ઇજાઝત - આશા ભોંસલે, ૬) અર્થ - જગજીત સિંહ, ૭) હમ દોનો - મોહમ્મદ રફી

# ક્રૂડ ઑઈલના ભાવ ફરી ૧૦૦ ડૉલર થઈ જતાં સેન્સેક્સમાં ૮૩૦ પોઈન્ટનો ધબડકો

મુંબઇઃ ઇરાન અને અમેરિકા વચ્ચેની અથડામણો વધુને વધુ તીવ્ર બની રહી હોવાથી ક્રૂડ ઓઇલના ભાવ ફરી વધીને બેરલદીઠ ૧૦૦ ડોલર આંબી ગયા હોવાથી ગુરુવારે સેન્સેક્સ વધુ ૮૩૦ પોઇન્ટ તૂટ્યો અને નિફ્ટી ૨૩,૬૫૦ની નજીક બંધ થયો હતો. ઇરાને હોર્મુઝ સ્ટ્રેઇટમાંથી પસાર થનારા બે જહાજ ઉડાવવા સાથે ટ્રમ્પને ચેતણી આપી છે કે તે અમેરિકાના અર્થતંત્રને ભાંગી નાંખશે. ઇરાને યુદ્ધ રોકાવા માટે અમેરિકા સામે ત્રણ આકરી શરતો પણ મૂકી છે, તે જોતાં યુદ્ધ વહેલું અટકે એવી શક્યતા જણાતી નથી. બોન્ડ યિલ્ડમાં વધારો અને રૂપિયાની નબળાઇ ઉપરાંત એફઆઇઆઇની એકધારી વેચવાલીએ પણ બજારનું માનસ ખરડી રહી છે.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૯૯૩ પોઇન્ટના કડાકા સાથે ૭૫,૮૭૧ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૮૨૯.૨૯ પોઇન્ટ અથવા તો ૧.૦૭ ટકાના ધબડકા સાથે ૭૬,૦૩૪.૪૨ની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૨૭.૭૦ પોઇન્ટ અથવા તો ૦.૯૫ ટકાના કડાકા સાથે ૨૩,૬૩૯.૧૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. બુધવારે સેન્સેક્સ ૧,૪૪૬.૭૨ પોઇન્ટ સુધી નીચે જઇને અંતે ૧,૩૪૨.૨૭ પોઇન્ટ અથવા ૧.૭૨ ટકા ઘટીને ૭૬,૮૬૩.૭૧ પર સ્થિર થયો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૪.૨૩ ટકાના કડાકા સાથે સેન્સેક્સનો ટોપ લુઝર શેર બન્યો હતો. અન્ય સૌથી વધુ ઘટનારા શેરોમાં મારુતિ, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટ્રેન્ટનો સમાવેશ હતો. જ્યારે એનટીપીસી, પાવરગ્રીડ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરનો સમાવેશ હતો. જીએસજી ક્રોપ સાયન્સનો રૂ. ૪૦૦ કરોડનો આઇપીઓ ૧૬ માર્ચે ખૂલશે.

આલ્ફાગ્રેપને મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસ શરૂ કરવા સેબીની મંજૂરી મળી છે. એક્ઝો નોબેલ ઇન્ડિયાને કોર્પોરેટ મિનિસ્ટ્રીએ નામ બદલીને જેએસડબલ્યુ ડ્યુલક્સ રાખવા મંજૂરી આપી દીધી છે. સેડેમેક મેકેન્ટ્રોનિક્સનો શેર બીએસઇ પર તેના રૂ. ૧૩૫૨ના ઇશ્યૂ ભાવ સામે ૧૧.૬૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૫૧૦ના ભાવે લિસ્ટેડ થયો હતો. નોંધવું રહ્યું કે પ્રાઇમરી માર્કેટમાં તાજેતરમાં ઘણા નવા ભરણાં ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે અમેરિકાના ટેક્સાસમાં નવી ઓઇલ રિફાઇનરીના પ્રોજકટ માટે ૩૦૦ અબજ ડોલરના કરાર કર્યા હોવાનું અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે, જોકે આ સંદર્ભે રિલાયન્સ તરફથી કોઇ પ્રતિભાવ આવ્યો નથી.

મોટાભાગના સેગમેન્ટમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી સેક્ટરલ સૂચકાંકોમાં વ્યાપક નબળાઈ જોવા મળી હતી. નિફ્ટી ઓટો, એફએમસીજી અને પ્રાઇવેટ બેંકોના શેરોમાં ખાસ વેચવાલી જોવા મળી હતી, જે વપરાશ અને નાણાકીય શેરો પર દબાણનો સંકેત આપે છે. ઓઇલ અને ગેસ, મીડિયા અને કેમિકલ સેગમેન્ટમાં થોડી ઘણી લેવાલી જોવા મળી હતી. પસંદગીયુક્ત ખરીદી સાથે એકંદર સેન્ટિમેન્ટ સાવચેતીપૂર્ણ રહ્યું હતું. અને પરંતુ તમામ ક્ષેત્રોમાં બજારનો અંડરટોન નબળો રહ્યો હતો.

બજાર એક તબક્કે નીચી સપાટી સામે ૬૦૦ પોઇન્ટ પાછું ફર્યું હતું. ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી ભારતનું એક ઓઇલ કન્ટેનર ભારત આવી પહોંચ્યું હોવાના અહેવાલ છે. ઇરાને ભારતના જહાજોને હોંર્મુઝ સ્ટ્રેઇટમાંથી પસાર થવાની પરવાનગી આપી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતે બંને દેશોના વિદેશ પ્રધાનો વચ્ચેની વાતચીત દરમિયાન ઈરાન સાથે દરિયાઈ શિપિંગ સલામતી અને ઊર્જા સુરક્ષા અંગે ચર્ચા કરી હતી.

દરમિયાન, ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા થયો, જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો. ગુરુવારે જાહેર કરાયેલ ગ્રાહક ભાવ સૂચકાંક અનુસાર, દેશમાં રીટેલ ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા થયો, જે અગાઉના મહિનામાં ૨.૭૪ ટકા હતો. ફુગાવાનો ડેટા ૨૦૨૪ના બેઝ યર સાથે નવી સીપીઆઇ શ્રેણી પર આધારિત છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓગ્રેનાઇઝેશન દ્વારા જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે કે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ક્રમિક રીતે વધીને ૩.૪૭ ટકા થયો છે, જે જાન્યુઆરીમાં ૨.૧૩ ટકા હતો.




હીટીંગ, વેન્ટિલેશન એન્ડ એર કન્ડિશનીંગ (એચવીએસી)ની બજાર ૨૦૩૦ સુધીમાં ૨૯.૪ અબજ ડોલરને આંબી જશે, એવી માહિતી ઇન્ડિયન સોસાયટી ઓફ હીટિંગ, રેફ્રિજરેટિંગ એન્ડ એર કન્ડીશનીંગ એન્જિનિયર્સ (ઇશરાએ) દ્વારા બીઇસી ખાતે આયોજિત એચવીએસી અને ઇન્ટેલિજેન્ટ બિલ્ડિંગ એક્સલન્સ માટે દક્ષિણ એશિયાના સૌથી મોટા પ્લેટફોર્મ, એકરેક્સ ઇન્ડિયા દરમિયાન જાહેર કરવામાં આવી હતી. આ ત્રણ દિવસીય એક્સ્પોમાં ડાઇકિન, વોલ્ટાસ, ડેનફોસ, સ્નેડર ઇલેક્ટ્રિક, પેનાસોનિક અને બ્લુ સ્ટાર સહિત ૪૦ દેશોના ૪૦૦થી વધુ ગ્લોબલ ઇન્ડસ્ટ્રી લીડર્સ નેક્સ્ટ જેન કુલીંગ ટેકનોલોજી પ્રદર્શિત કરી રહ્યા છે.

બજારનો અંડરટોન નબળો રહ્યો હતો. બીએસઇ પર કુલ ૨,૫૧૬ શેર ઘટ્યા હતા, જ્યારે ૧,૭૧૩ શેર વધ્યા હતા અને ૧૭૫ શેર યથાવત રહ્યા હતા. સ્મોલકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૬૫ ટકા ઘટ્યો હતો, અને મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૫૫ ટકા ઘટ્યો હતો. સેક્ટોરલ ઇન્ડેક્સમાં, ઓટો ૨.૯૨ ટકા, એફએમસીજી (૧.૬૨ ટકા), કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (૧.૫૯ ટકા), રિયલ્ટી (૧.૫૩ ટકા), પ્રાઇવેટ બેંક ઇન્ડેક્સ (૧.૪૫ ટકા) અને ટોપ ટેન બેંક (૧.૨૯ ટકા) ઘટ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૪.૭૮ ટકા વધીને ૯૬.૪૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. તાજેતરના ઘટાડા પછી ઓઇલના ભાવ ફરી વધ્યા છે અને ૯૭ની આસપાસ બોલાયા હોવાથી ફુગાવાના દબાણ, ચલણની નબળાઈ અને ભારતના વેપાર સંતુલન પર સંભવિત અસર અંગે ચિંતા વધી રહી છે. વધુમાં, વધેલી અસ્થિરતાને કારણે બજારના સહભાગીઓમાં જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો થઇ રહ્યો છે.

યુરોપિયન બજારો નકારાત્મક ક્ષેત્રમાં ક્વોટ થઈ રહ્યા હતા. યુએસ બજાર બુધવાર (૧૧ માર્ચ, ૨૦૨૬)ના રોજ મોટાભાગે નીચા સ્તરે બંધ થયું. રૂપિયો રેકોર્ડ-નીચા સ્તરોથી સુધર્યો અને ગુરુવારે યુએસ ડોલર સામે ૧૬ પૈસાના ઘટાડા સાથે ૯૨.૧૭ બોલાયો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે (૧૧ માર્ચ, ૨૦૨૬) રૂ. ૬,૨૬૭.૩૧ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૪,૯૬૫.૫૩ કરોડના મૂલ્યના શેર ખરીદ્યા હતા. બુધવાર (૧૧ માર્ચ, ૨૦૨૬)ના રોજ, સેન્સેક્સ ૧,૩૪૨.૨૭ પોઈન્ટ અથવા ૧.૭૨ ટકા ઘટીને ૭૬,૮૬૩.૭૧ પર સ્થિર થયો. નિફ્ટી ૩૯૪.૭૫ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા ઘટીને ૨૩,૮૬૬.૮૫ પર બંધ થયો હતો.

શેરબજારમાં સતત બીજા દિવસની પીછેહઠમાં ખાસ કરીને યુટિલિટીઝ અને પાવર શેર્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ઓટો ઈન્ડેક્સ સર્વાધિક ઘટ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. ૧.૮૪ લાખ કરોડનો ઘટાડો નોંઘધાયો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી છ સ્ક્રિપ્સ વધી અને ૨૪ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૨૪ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦૩૨ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૬ ટકા ઘટ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૧.૯૦ લાખ કરોડથી રૂ.૧.૮૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૦.૦૬ લાખ કરોડ રહ્યું હતું. ગુરૂવારે બીએસઈ સેન્સેક્સ બુધવારના ૭૬,૮૬૩.૭૧ના બંધથી ૮૨૯.૨૯ પોઈન્ટ્સ અથવા ૧.૦૮ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૬,૩૬૯.૬૫ ખૂલી ઊંચામાં ૭૬,૬૮૧.૭૧ સુધી અને નીચામાં ૭૫,૮૭૧.૧૮ સુધી જઈ ૭૬,૦૩૪.૪૨ બંધ રહ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ યુટિલિટીઝ ૩.૩૧ ટકા, પાવર ૨.૫૧ ટકા, એનર્જી ૧.૦૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૫૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૨ ટકા, મેટલ ૦.૪૫ ટકા અને પીએસયુ બેન્ક ૦.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઓટો ૨.૯૨ ટકા, એફએમસીજી ૧.૬૨ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૧.૫૯ ટકા, રિયલ્ટી ૧.૫૩ ટકા, હોસ્પિટલ્સ ૧.૫૧ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્કસ ક્વોલિટી ટિલ્ટ ૧.૪૮ ટકા, પ્રાઈવેટ બેન્કસ ૧.૪૫ ટકા અને ટોપ ૧૦ બેન્ક્સ ૧.૨૯ ટકા ઘટ્યા હતા.


એક્સચેન્જમાં ૪,૪૦૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૭૧૩ સ્ક્રિપ્સ વધી હતી, ૨,૫૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૭૫ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૬૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૩૭૮ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ક્રિપ્સને ઉપલી અને ૮ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં એનટીપીસી ૨.૭૯ ટકા, પાવર ગ્રીડ ૧.૬૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૬૧ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૭૧ ટકા અને સન ફાર્મા ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૨૩ ટકા, મારુતિ ૩.૬૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૩૧ ટકા, લાર્સન ૩.૦૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૯૦ ટકા, ટ્રેન્ટ ૨.૪૬ ટકા, ઈન્ડિગો ૨.૨૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૧૯ ટકા, કોટક બેન્ક ૨.૧૩ ટકા અને એક્સિસ બેન્ક ૨.૦૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૧૯.૧૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૦૯૩ સોદામાં ૪,૦૩૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૫,૪૦,૩૧૬ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૮,૬૦,૫૨,૮૫૫.૨૪ કરોડનું રહ્યું હતું.

# રૂપિયો નબળો પડતાં સોનામાં ₹ ૭૪નો ધીમો સુધારો, ચાંદીમાં ₹ ૨૨૦૧નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ભાવ વધી આવતા રેટ કટના આશાવાદ પર પાણી ફરી વળતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીમાં ઘટ્યા મથાળેથી ૧.૪ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨૦૧નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહ્યું હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારથી વિપરીત ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩થી ૭૪નો સુધારો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૦૧ના બાઉન્સબૅક સાથે રૂ. ૨,૬૮,૩૦૧ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની માગ નિરસ હતી અને માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી હતી. વધુમાં આજે વૈશ્વિક બજારમાં સોનાના ભાવ ટકેલા રહ્યા હોવા છતાં રૂપિયો નબળો પડવાથી આયાત પડતરો વધી આવતા હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪ વધીને રૂ. ૧,૫૯,૬૬૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૩ વધીને રૂ. ૧,૬૦,૩૦૩ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ૫૧૭૮.૦૫ ડૉલર આસપાસના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૫૧૮૪.૫૦ ડૉલર આસપાસ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ ૧.૪ ટકા વધીને ઔંસદીઠ ૮૬.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે ઈરાને અખાતી દેશો પર હુમલાઓ કર્યા હોવાથી મધ્યપૂર્વના દેશોમાં વિવાદ શાંત થાય તેવી શક્યતા પર પાણી ફરી વળતાં વિશ્વ બજારમાં એક તબક્કે ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ ઈરાને ઈરાક પાસેના સમુદ્રમાં ઈંધણના બે ટેન્કરો પર કરેલા હુમલા પહેલા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૨૦૦ ડૉલર સુધી પહોંચે તે માટે સજ્જ રહેવા ચેતવણી આપી હતી.

એકંદરે હાલની સ્થિતિ જોતા સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળવો જોઈએ, પરંતુ હાલમાં ઈક્વિટી માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પાંચ સપ્તાહની ઊંચી સપાટીએ રહેવાથી અને ફેડરલ દ્વારા રેટ કટ થાય તેવી શક્યતા પણ પાતળી બનવાથી સોનામાં સુધારો અટક્યો હોવાનું વિસ્ડમ ટ્રીના વિશ્લેષક નિતેશ શાહે જણાવ્યું હતું.

વધમાં ગઈકાલે અમેરિકામાં ગત ફેબ્રુઆરી મહિનાના ફુગાવમાં અપેક્ષાનુસાર ૦.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. હવે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર પર સ્થિર થઈ છે. વાસ્તવમાં જોઈએ તો ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઉછાળાને કારણે ફુગાવાલક્ષી દબાણ વધવાની શક્યતા પ્રબળ હોવાથી આગામી ૧૭-૧૮ માર્ચની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ન હોવાનું એએનઝેડના વિશ્લેષક એક નોટ્સમાં જણાવ્યું હતું. જોકે, આગામી દિવસોમાં સોનામાં સલામતી માટેની તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની માગનો ટેકો મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# ડૉલર સામે રૂપિયો નવી નીચી સપાટીએથી પાછો ફરીને ૨૪ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ યથાવત્ રહેતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ અને ડૉલર ઈન્ડેક્સ પણ મજબૂત રહેવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન એક તબક્કે ૩૫ પૈસા ગબડીને વિક્રમ ૯૨.૩૬ની નીચી સપાટીએ પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૪ પૈસા તૂટીને ૯૨.૨૫ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૨.૦૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૩૬ અને ઉપરમાં ૯૨.૦૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૪ પૈસાના ઘટાડા સાથે ૯૨.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વે નવમી માર્ચના રોજ ડૉલર સામે રૂપિયો ૯૨.૩૫ની ઐતિહાસિક નીચી સપાટીએ રહ્યો હતો.

વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉકળી રહ્યા હોવાથી આજે ડૉલર સામે રૂપિયાએ સત્ર દરમિયાન ૯૨.૩૬ની નવી નીચી સપાટી નોંધાવી હતી. વધુમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં આક્રમક વેચવાલીનું દબાણ રહેતા ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે, સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતા રૂપિયો નવી નીચી સપાટીએથી પાછો ફર્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૧.૭૦થી ૯૨.૪૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા વધીને ૯૯.૩૮ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૫.૭૦ ટકા ઉછળીને બેરલદીઠ ૯૭.૨૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૨૯.૨૯ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૨૭.૭૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

# મલયેશિયાએ એપ્રિલમાં પામતેલની નિકાસ માટેનાં રેફરન્સ રેટ વધાર્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવને કારણે શિપમેન્ટો ખોરવાઈ જતાં શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૭૫ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૪૨ રિંગિટ વધી આવતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં વન વે તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૫ અને સન રિફાઈન્ડમાં રૂ. ૨૦ વધી આવ્યા હતા, જ્યારે દેશી તેલમાં સિંગતેલ અને સરસવમાં રૂ. ૧૦ તથા કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ વધી આવ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે મલયેશિયાએ આગામી એપ્રિલ મહિનામાં ક્રૂડ પામતેલની નિકાસ માટેનાં રેફરન્સ રેટ જે માર્ચ મહિનાના ટનદીઠ ૩૮૯૬.૦૯ રિંગિટ હતા તેની સામે નિકાસ ડ્યૂટીના નવ ટકાની સમકક્ષ વધારીને ૩૯૩૫.૧૯ રિંગિટ નિર્ધારિત કર્યા હોવાનું મલયેશિયન પામ ઑઈલ બૉર્ડે એક યાદીમાં જણાવ્યું છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, ઈમામીના સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, ગોલ્ડન એગ્રીની આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૪૨૦ અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૬૯૫ અને રિલાયન્સ કન્ઝ્યુમરનાં એપ્રિલ તથા મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતા.

આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૩૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૦૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં અને રૂ. ૧૩૦૦થી ૧૪૯૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મધ્ય પ્રદેશનાં મથકો પર એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૫૦થી ૫૫૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૬૦૦થી ૫૬૭૫માં થયા હતા.

# મથકોથી વિપરીત સ્મોલ ગ્રેડની ખાંડમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ની તેજી સાથે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં મથકોથી વિપરીત ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૬૨થી ૪૦૬૨ આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ નિરસ રહેતાં ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૮૬૦થી ૩૯૨૦ આસપાસ ગુણવત્તાનુસાર રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૨૦માં ટકેલા ધોરણે થયા હતા.



# ટીન અને નિકલની આગેવાનીમાં ચોક્કસ ધાતુઓમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે ટીન, નિકલ, એલ્યુમિનિયમ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૧૯નો વધારો થયો હતો, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી પાંચનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૪૭૮૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ .૧૧ વધીને રૂ. ૩૫૫, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૨૭૯, નિકલના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૬૪૩ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૨૬૫ અને રૂ. ૩૩૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને નિરસ માગ રહેતાં કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૭૫ અને રૂ. ૭૩૫, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૮૨૭ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૧૮૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મેથાળા બંધારા યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૮૫ કરોડની વહીવટી મંજૂરી અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વન વિભાગ અંતર્ગત આવતા વર્ષોથી પડતર એવા ભાવનગરના મેથાળા બંધારાના પ્રશ્નનો હકારાત્મક ઉકેલ આવ્યો છે. ભાવનગરના મેથાળા બંધારાની કામગીરીથી ક્ષાર નિયંત્રણની સાથે તેમાં વરસાદી પાણી સંગ્રહ થવાથી ૧૦ ગામની ૬,૫૫૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ મેથાળા બંધારાની જગ્યાએ વન વિભાગને વલ્લભીપુરના મોણપુર ખાતે ૫૯૮.૨૪૨૭ હેક્ટર બિન જંગલ જમીન ફાળવવામાં આવી છે. રાજ્ય સરકારના નિર્ણયથી આ વિસ્તારના ખેડૂતો તેમજ ગામજનોને ખૂબ મોટો ફાયદો થશે તેમ, વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું.

મોઢવાડિયાએ આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં મેથાળા ગામ પાસે બગડ નદી ઉપર બંધારાની મહત્વાકાંક્ષી યોજનામાં વન વિભાગની કુલ ૫૯૮.૨૪૨૭ હેક્ટર જમીન ડુબાણમાં જાય છે. આ પરિયોજના માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીના ભાગરૂપે સૈદ્ધાંતિક મંજૂરી તા. ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ આપવામાં આવી હતી. તેની સામે ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના મોણપુર ગામના સર્વે નં ૫૧૫/૧ની ૫૯૮.૨૪૨૭ હેક્ટર બિન જંગલ જમીન વન વિભાગને ફાળવવામાં આવી છે. આ જમીન રાજ્યના પ્રસિદ્ધ 'વેળાવદર નેશનલ પાર્ક'ની નજીક હોવાથી કાળીયાર અને અન્ય વન્યજીવો માટે મહત્ત્વના હેબીટાટ તરીકે ઉપયોગી બની રહેશે.

જળ સંપત્તિ પ્રધાન ઈશ્વરસિંહ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, તળાજા તાલુકાની મેથાળા બંધારા યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૮૫ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. વર્ષોથી પડતર મેથાળા બંધારા યોજનાની કામગીરી આ વિસ્તારમાં ક્ષાર નિયંત્રણ માટે ખૂબ અગત્યની છે. આ યોજનાથી અંદાજે ૬૫૫ મીટર ઘનફૂટ વરસાદી પાણી સંગ્રહ થવાથી ૧૦ ગામો સાથે ૬,૫૫૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે એટલું જ નહીં પરંતુ ભૂગર્ભજળ રીચાર્જ થવાની સાથે કૂવા-બોરવેલમાં પાણીના સ્તર ઉંચો આવશે. વધુમાં બંધારાના કારણે દરિયાઈ પાણી આગળ વધતું રોકાવાથી આ વિસ્તારમાં ક્ષારનું પ્રમાણ પણ આગળ વધતું અટકશે જેથી આ વિસ્તારના ખેડૂતો માટે આ પરિયોજના આશીર્વાદ સમાન બની રહેશે. ટેન્ડરની કામગીરી પૂર્ણ થયા બાદ અંદાજે બે વર્ષમાં આ યોજના પૂર્ણ કરવામાં આવશે તેમ મંત્રી પટેલે ઉમેર્યું હતું. ■

# ભાવનગરમાં રજા પર આવેલા આર્મીમેનનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ આર્મીમાં ફરજ બજાવતા યુવાને પોતાના વતન ભાવનગર ખાતે રજા પર આવ્યા બાદ અકળ કારણોસર ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ ભાવનગર શહેરના આદાનગર વિસ્તારમાં સ્નેહ મિલન સોસાયટી પ્લોટ નં. ૧૪૧માં પોતાના પરિવાર સાથે રહેતા અને ભારતીય સેનામાં ફરજ બજાવતા આર્મીમેન આરીફભાઈ જીવાભાઈ પરમાર થોડા દિવસો પૂર્વે જ રજા પર વતનમાં આવ્યા હતા. આરીફભાઈ વર્ષ ૨૦૧૭થી આર્મીમાં પોતાની સેવાઓ આપી રહ્યા હતા અને હાલ તેઓનું પોસ્ટિંગ ઉત્તરાખંડ ખાતે હોવાનું જાણવા મળ્યું છે. રજા પર આવેલા આર્મીમેન ગત રાત્રિના સમયે પોતાના ઘરની ઓસરીમાં સૂતા હતા. ગુરુવારે વહેલી સવારે જ્યારે પરિવારના સભ્યો જાગ્યા ત્યારે આરીફભાઈ હલનચલન કરતા ન હોવાથી તેમને તપાસતા તેઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, કોઈ અગમ્ય કારણોસર આરીફભાઈએ ઝેરી દવા ગટગટાવીને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું.

બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# તળાજા મા પિતા વીજચોરીમાં ઝડપાયાં અને પુત્રને સિવિલ જેલમાં જવાનો વખત આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના તળાજા ના પીથલપુર સ્થિત પીજીવીસીએલ ની કચેરી નીચે આવતા સખવદર ગામના રહીશના રહેણાંક મકાનમાં વિજતંત્રની રેડ દરમિયાન વીજ ચોરી પકડાઈ હતી. જેનું બિલ વીજચોરી કરનાર દ્વારા ભરવામાં ન આવતા કોર્ટના દ્વારા ખખડાવવામાં આવ્યા હતા.

જેમાં વીજચોરી સાબિત થવા છતાંય દંડની રકમ ન ભરવાના કારણે દરખાસ્ત દાખલ કરવામાં આવી હતી. ચોરીથી લઈ આજ સુધી કોર્ટ કાર્યવાહી દરમિયાન મૂળ વ્યક્તિનું નિધન થતા આજે તેમના દીકરાને કોર્ટમાં હાજર રહેવું પડયું હતું.

સમયમર્યાદામાં રૂપિયા ન ભરી શકવાના કારણે આજે પિતા એ કરેલ વીજચોરી ને લઈ પુત્રને સિવિલ જેલમાં જવું પડ્યું હતું. જોકે વિજકર્મીને પણ કોર્ટે ખખડાવી નાખ્યા હતા.

કાયદો તો કડક છેજ પરંતુ કાયદાના રક્ષકો જો કડક અમલવારી કરે તો પિતાના દોષના છાંટા વારસદાર ને પણ ઉડે ખરા તેવો કડક સંદેશ આપતી વિગતો મુજબ બે વર્ષ પહેલાં તળાજાના સખવદર ગામે પાવર ચોરીમા ઘુસાભાઈ અરજણભાઈ ગોહિલ પકડાતા વીજતંત્ર એ રૂ.૯૦ હજાર આસપાસ નું દંડનીય બિલ આપેલ. આ ચોરી રહેણાંક મકાનની હતી. સમય મર્યાદામાં રકમ જમા ન કરાવતા કોર્ટમાં વ્યાજ સાથે રૂ.૧,૧૨,૯૦૦/- ની સાથે કાર્યવાહી વીજ તંત્ર દ્વારા કરવામાં આવી હતી. જેમાં ગત.તા.૧૬/૧/૨૫ ના રોજ ૯% વ્યાજ સાથે રકમ ભરી આપવાનો ચુકાદો દોષિત ઠેરવીને આપ્યો હતો.

એ રકમ પણ ન ભરાતા રિકવરી માટે ૭/૨/૨૫ ના રોજ દરખાસ્ત દાખલ કરવામાં આવી હતી.

એ દરખાસ્ત ને લઈ ઘુસાભાઈના અવસાનને કારણે પુત્ર પંકજભાઈને તળાજા કોર્ટમાં હાજર રહેવું પડયું હતું.

પીજીવીસીએલના કર્મચારી એચ.કે.મારું એ જણાવ્યું હતું કે કોર્ટના કાયદાકીય વલણ ને લઈ પંકજભાઈ દ્વારા તળાજા સ્થિત પીજીવીસીએલની કચેરી ખાતે રૂપિયા ભરવા વ્યક્તિને મોકલવામાં આવ્યો હતો.

જોકે એ સમયે લંચબ્રેક હોય, રૂપિયા ભરવા આવનાર વ્યક્તિએ રાહ ન જોઈ ને જતો રહેલો હતો. કોર્ટના સૂત્રોએ જણાવ્યું હતુ કે પંકજભાઈને સિવિલ જેલમાં મોકલવાનો આદેશ કરવામાં આવ્યો હતો. બીજી તરફ કોર્ટે વિજકર્મીની પણ કોર્ટ દ્વારા આલોચના કરવામાં આવી હતી. ■




**રંગ મેઘાણીઃ**
પાંચાળની પવિત્ર ધરા પર 'ચોટીલા ઉત્સવ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને સ્વરાંજલિ અર્પતો 'રંગ મેઘાણી' કાર્યક્રમ યોજાયો હતો. કલાકારોની પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

# ભચાઉઃ તલાટીના રેકોર્ડ રૂમમાં મધ્યરાત્રિએ ભીષણ આગ, સાત કલાકે કાબૂ મેળવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ શહેરના 'ભાડા' ઓફિસ સંલગ્ન તલાટીના રેકોર્ડ રૂમમાં ગત રાત્રિના અરસામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં મોટા પ્રમાણમાં સરકારી દસ્તાવેજો બળીને ખાખ થઈ ગયા હોવાની આશંકા સેવાઈ રહી છે.

બનાવ અંગે ભચાઉ ફાયર વિભાગના પ્રવિણ દાફડાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાત્રિના આશરે બે વાગ્યા આસપાસ રેકોર્ડ રૂમમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હોવાની જાણ થતા જ ભચાઉ નગરપાલિકાના ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયર વિભાગે સતત સાત કલાક સુધી જહેમત ઉઠાવી આશરે ૧૨,૦૦૦ લિટર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. ધુમાડાના કારણે કામગીરીમાં અવરોધ આવતા વાહનોની હેડલાઇટનો ઉપયોગ કરી છતના પતરાં ખોલીને ધુમાડો બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી.

આગને કારણે સરકારી સાહિત્ય અને અગત્યના રેકોર્ડને ખૂબ મોટું નુકસાન થયું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું ન હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભૂકંપ બાદ ભચાઉમાં અનેક નવી સરકારી ઇમારતો અને પ્રાંત કચેરીઓ બની હોવા છતાં, તલાટીની કામગીરી એકાંત સ્થળે આવેલી ભાડાની ઓફિસમાં ચાલતી હતી.

મધ્યરાત્રિએ એકાંત વિસ્તારમાં લાગેલી આ આગ પાછળ કોઈ ભેદી સંજોગો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ■

# માંડવીના શેરડી ગામમાં મિલકત નોંધણી કૌભાંડઃ ભ્રષ્ટ તલાટીને 'ફરજિયાત નિવૃત્ત' કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય માંડવી તાલુકાના શેરડી જૂથ ગ્રામ પંચાયતમાં સત્તાનો દુરુપયોગ કરી મિલકત નોંધણીમાં આચરવામાં આવેલા મોટા કૌભાંડમાં આખરે કડક સજાની જાહેરાત કરવામાં આવી છે. પંચાયતના રેકોર્ડમાં કોઈપણ કાયદેસરની પ્રક્રિયા કે ઠરાવ વગર ૮૫ જેટલી મિલકતની ખોટી રીતે નોંધણી કરવાના ગંભીર ગુનામાં તત્કાલીન તલાટી કમ મંત્રી બી.એસ. ચૌહાણને 'ફરજિયાત નિવૃત્ત' કરવાનો ઐતિહાસિક આદેશ જિલ્લા પંચાયત દ્વારા જારી કરવામાં આવ્યો હતો.

આ કૌભાંડની વિગતો મુજબ, વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન શેરડી ગ્રામ પંચાયતના આકારણી રજિસ્ટરમાં પાના નંબર ૯૫થી ૯૮ પર કોઈ પણ પ્રકારના અધિકૃત ઠરાવ કે સક્ષમ અધિકારીની મંજૂરી મેળવ્યા વિના ૮૫ મિલકતની એન્ટ્રી પાડી દેવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૩માં શેરડીના સરપંચ દ્વારા આ બાબતે લેખિત ફરિયાદ કરવામાં આવતા વહીવટી તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. તપાસ દરમિયાન તલાટી બી.એસ. ચૌહાણે એવો બચાવ કર્યો હતો કે, પંચાયતની આર્થિક સ્થિતિ સુધારવા માટે સરપંચ અને સભ્યોની 'મૌખિક સહમતી'થી આ કામગીરી કરવામાં આવી હતી. જોકે, તપાસ અધિકારીઓએ આ દલીલને ફગાવી દીધી હતી, કારણ કે સરકારી નિયમો મુજબ લેખિત મંજૂરી વગર આવી નોંધણી કરવી એ કાયદાકીય ગુનો છે.

નોંધનીય છે કે, આ કર્મચારી અગાઉ રાપર તાલુકામાં પણ નાણાકીય ગેરરીતિ બદલ શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરી ચૂક્યા છે. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ હેઠળ ખાતાકીય તપાસ પૂર્ણ થયા બાદ, ગાંધીનગર પંચાયત સેવા પસંદગી મંડળ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. મંડળની સહમતી બાદ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ) દ્વારા ૫ માર્ચ ૨૦૨૫ના રોજ બી.એસ. ચૌહાણને કાયમી ધોરણે ફરજિયાત નિવૃત્ત કરવાનો હુકમ કર્યો છે.આ હુકમની સાથે જ તંત્રએ ગેરકાયદે રીતે નોંધાયેલી તમામ ૮૫ મિલકતને પંચાયતના સરકારી રેકોર્ડમાંથી તાત્કાલિક અસરથી કમી કરવાના આદેશો પણ આપ્યા છે. આ કાર્યવાહીને પગલે ભ્રષ્ટ રીતરસમો અપનાવતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

# ગોધરા અને રાજકોટમાં એલપીજી સિલિન્ડરની સંગ્રહખોરી કરતી એજન્સી સામે પુરવઠા વિભાગની લાલ આંખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં પુરવઠા વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. એલપીજીની અછત છે, અને બીજી બાજુ કેટલા લોકો ગેસની સંગ્રહખોરી કરી રહ્યાં છે. જેથી પુરવઠા વિભાગ દ્વારા આવા સંગ્રહખોરો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ગોધરાની ગેસ એજન્સી પર જિલ્લા પુરવઠા અધિકારીની ટીમે આકસ્મિક રેડ પાડી હતી. આ રેડ દરમિયાન ગેસ એજન્સીના ગોડાઉનમાંથી ૧૭ જેટલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર મળી આવ્યાં હતાં.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ગેસ એજન્સીનો અંદાજે ૩૩,૭૮૫ રૂપિયાની કિંમતનો ગેસનો જથ્થો સીઝ કર્યો હતો. આ સાથે નિયમોના ઉલ્લંઘન બદલ એજન્સી સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં ગેસની સંગ્રહખોરી થતી હોવાની અનેક ફરિયાદો મળી હોવાના કારણે પુરવઠા વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. આગામી સમયમાં હજી પણ અન્ય એજન્સીઓ પર આકસ્મિક તપાસ થશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

જ્યારે રાજકોટમાં પણ અધિકારીઓ અલગ અલગ રેસ્ટોરાં અને ફરસાણોની દુકાનોમાં નિરિક્ષણ માટે ગયા હતા. રેસકોર્સ વિસ્તારમાં અધિકારીઓએ ઘણી દુકાનોમાં ચેકિંગ કર્યું હતું. તેમના કહેવા અનુસાર ઘરેલું સિલિન્ડરનો વ્યાવસાયિક ઉપયોગ રોકવા તેમણે ચેકિંગ શરૂ કર્યુ છે. ■

# મીઠું પકવતા અગરિયાના પરિવારનાં બાળકો માટે આશીર્વાદરૂપ બની 'મોબાઈલ રણશાળા'



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છનું નાનું રણ, જે પોતાની વિષમ પરિસ્થિતિઓ માટે જાણીતું છે, ત્યાં આજે આશાનું એક નવું કિરણ જોવા મળી રહ્યું છે. મીઠું પકવતા અગરિયા પરિવારોના બાળકોનું શિક્ષણ ન બગડે તે હેતુથી રાજ્ય સરકારના સહયોગથી કાર્યરત ''મોબાઈલ રણશાળા'' આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

અગરિયા પરિવારોને મીઠું પકવવાની સિઝન દરમિયાન નાના રણમાં સ્થળાંતર કરવું પડે છે. અગાઉ આ સ્થળાંતરને કારણે બાળકોનું શિક્ષણ અધવચ્ચે જ છૂટી જતું હતું. પરંતુ હવે 'મોબાઈલ રણશાળા' આ સમસ્યાનો સચોટ ઉકેલ બની છે. આ ખાસ તૈયાર કરવામાં આવેલી બસમાં ચાલતી-ફરતી શાળાઓ રણના અંતરિયાળ વિસ્તારોમાં પહોંચીને બાળકોને તેમના ઘર આંગણે જ શિક્ષણ પૂરું પાડી રહી છે. આ રણશાળાઓ માત્ર નામની જ શાળા નથી, પરંતુ તે આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.

રણની કાળઝાળ ગરમીમાં બાળકોને રાહત મળે તે માટે સોલાર સિસ્ટમ દ્વારા પંખા અને લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે.

બાળકોને કંટાળો ન આવે તે માટે એલઇડી સ્ક્રીન દ્વારા ઇન્ટરેક્ટિવ પદ્ધતિથી ભણાવવામાં આવે છે.

માત્ર ભણતર જ નહીં, પણ બાળકોના પોષણ પર પણ ભાર મૂકવામાં આવે છે. દરરોજ પૌષ્ટિક ભોજન, ચીકી અને ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. ભૂતકાળમાં જે બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી દેતાં હતાં, તેઓ આજે ઉત્સાહભેર શાળાએ આવી રહ્યા છે.

આ પહેલથી અગરિયા સમુદાયના બાળકોના ભવિષ્યમાં નવો ઉજાસ પથરાયો છે. શિક્ષણની સાથે સ્વાસ્થ્યનો આ સુમેળ ગુજરાતના શિક્ષણ મોડેલની એક અનોખી ઓળખ બની રહ્યો છે. ■

# ગણોત ધારાનો ભંગઃ માંડવીના શેરડી ગામની કરોડોની જમીન સરકાર હસ્તક, ૨.૦૧ કરોડનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના શેરડી ગામની સીમમાં આવેલી કરોડોની કિંમતની ખેતીની જમીન મામલે મામલતદાર અને એગ્રીકલ્ચર લેન્ડ ટ્રિબ્યુનલે એક ધાક બેસાડતો ચુકાદો આપ્યો છે. મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ કોર્ટે જમીન જપ્ત કરી સામાવાળા પક્ષને રૂ. ૨.૦૧ કરોડથી વધુની પેનલ્ટી ફટકારી છે.

આ કેસ શેરડી ગામના સર્વે નંબર-૮૧૪ (જૂના સર્વે નંબર-૨૧૫) ની ૫-૯૮-૩૫ હેક્ટર જમીન સાથે જોડાયેલો છે. આ જમીનની તબદીલીમાં ગણોત ધારાની કલમ-૬૩નો ભંગ થયો હોવાનું સામે આવ્યું હતું. કાંતિલાલ પ્રેમજી શાહ અને અનીલકુમાર પ્રેમજી શાહ વિરુદ્ધ ચાલી રહેલા આ કેસમાં તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે તેઓ કાયદાકીય રીતે 'ખેડૂત' હોવાના પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

મામલતદાર કોર્ટે નોંધ્યું હતું કે, સામાવાળા પક્ષને પૂરતી તકો આપવામાં આવી હોવા છતાં, તેઓ પોતે 'જન્મજાત ખેડૂત ખાતેદાર' હોવાનું પુરવાર કરી શક્યા નથી. ગણોત ધારાની કલમ-૮૪ (સી) અને ૧૨૨ હેઠળ જમીનની તબદીલીને અમાન્ય ઠેરવવામાં આવી છે. જમીનની વર્તમાન જંત્રી કિંમત રૂ. ૬૭.૦૧ લાખના ત્રણ ગણી રકમ એટલે કે કુલ રૂ. ૨,૦૧,૦૪,૫૬૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. જમીન રેકોર્ડમાં સામાવાળાના નામે થયેલી વિવાદિત નોંધો (નંબર ૭૮૪ અને ૧૧૦૯) તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ અપાયો છે. આ જમીનને તમામ પ્રકારના બોજાઓમાંથી મુક્ત કરી રાજ્ય સરકાર હસ્તક લેવાનો નિર્ણય લેવાયો છે. આ ચુકાદાથી નારાજ પક્ષકારો માટે કાયદાકીય માર્ગ ખુલ્લો રાખવામાં આવ્યો છે. તેઓ આ હુકમ વિરુદ્ધ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાયબ કલેક્ટર સમક્ષ અપીલ દાખલ કરી શકે છે. ■

# ગીરગઢડાની કૉલેજમાં અજગર ઘૂસ્યો વન વિભાગે ૧૫ મિનિટમાં રેસક્યૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીરગઢડાના વિસ્તારોમાં સિંહ સહિતની વન્યજીવો તો લટાર મારતા જ હોય છે, પરંતુ ગુરુવારે અહીં એક કૉલેજમાં મહાકાય અજગર ઘૂસી ગયો હતો. અહીં સનવાવ રોડ પર આવેલી સરસ્વતી કોલેજમાં એક વિશાળ અજગર ઘુસી જતા થોડીવાર માટે વાતાવરણ તંગ બની ગયું હતું. સાત ફૂટથી વધુ લંબાઈના અજગરને જોઈ વિદ્યાર્થીઓમાં ભય ફેલાયો હતો. જોકે કૉલેજના સ્ટાફે તાત્કાલિક જસાધર રેન્જના અધિકારીઓને જાણ કરી હતી. અધિકારીઓ રેસ્ક્યૂ ટીમ સાથે કોલેજ પહોંચ્યા હતા. વન વિભાગની તાલીમ પામેલી ટીમે માત્ર ૧૫ મિનિટમાં અજગરને પકડી લીધો હતો અને સલામત સ્થળે ખસેડ્યો હતો. ■

# ભુજની સુરક્ષામાં વધારો

## ₹ ૭.૧૦ કરોડનું અત્યાધુનિક 'ઐરાવત' ફાયર ફાઈટર તૈનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સતત વિસ્તરી રહેલા ભુજ શહેરની સુરક્ષામાં આજે એક મહત્વપૂર્ણ સિદ્ધિ ઉમેરાઈ છે. ગુજરાત રાજ્ય શહેરી વિકાસ વિભાગ અને અગ્નિ નિવારણ સેવાઓ દ્વારા ભુજ નગરપાલિકાના ફાયર વિભાગને રૂ.૭.૧૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ અત્યાધુનિક 'ટર્ન ટેબલ લેડર' વાહન અર્પણ કરવામાં આવ્યું છે. આ નવા વાહનને તેની શક્તિ અને ક્ષમતાના કારણે 'ઐરાવત' નામ આપવામાં આવ્યું છે.

ભુજમાં વધી રહેલી ઊંચી ઇમારતોને ધ્યાનમાં રાખીને આ વાહન ફાળવવામાં આવ્યું છે.અગાઉ ઊંચાઈ પર આગ લાગવાની ઘટનાઓમાં રેસ્ક્યૂ કામગીરીમાં મર્યાદાઓ આવતી હતી, જે હવે આધુનિક ટેક્નોલોજીની મદદથી દૂર થશે.આ વાહનની સૌથી મોટી વિશેષતા તેની ૨૭ મીટર લાંબી હાઈડ્રોલિક બુમ (શાફ્ટ) છે, જે આશરે ૮ થી ૯ માળની ઊંચાઈ સુધી પહોંચીને ફાયર ફાઈટિંગ અને રેસ્ક્યુ કરી શકે છે.આગ બુઝાવવા માટે આ મશીનરીમાં ૨૫૦૦ લીટર પાણીની ટાંકીની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ વાહન ઊંચી ઇમારતોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે નીચે લાવવા માટે અત્યંત અસરકારક સાબિત થશે. આ અત્યાધુનિક વાહનના આગમનથી ભુજ શહેર અને આસપાસના વિસ્તારોમાં આગની દુર્ઘટનાઓ સમયે માનવ જિંદગી બચાવવાની કામગીરી વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. હાલમાં આ 'ઐરાવત' વાહનને ભુજમાં આર.ટી.ઓ. સર્કલ પાસે આવેલા ફાયર સ્ટેશન પર સ્ટેન્ડબાય રાખવામાં આવ્યું છે. આ સુવિધા મળતા ભુજવાસીઓમાં પણ સુરક્ષાને લઈને રાહતનો અનુભવ જોવા મળી રહ્યો છે. ■